# અમદાવાદ એક્સપ્રેસ

Ahmedabad Express | Ahmedabad | RNI No.GUJGUJ/2011/40654




**પેજ-08**

સાઉથ એક્ટર નાગા ચૈતન્ય અને સાઈ પલ્લવી તેમની ફિલ્મ 'થંડેલ'ને કારણે સમાચારમાં....



**પેજ-09**

ભારતીય ટીમના વાઇસ-કેપ્ટન શુભમન ગિલે વિરાટ કોહલીની ઈજા અંગે અપડેટ આપ્યું....

**હવામાન**

| શહેર | મહત્તમ | લઘુત્તમ |
|---|---|---|
| અમદાવાદ | 32.00 | 16.00 |
| વડોદરા | 33.00 | 17.00 |
| સુરત | 33.00 | 19.00 |

પેજ 5



સાત ટકાથી વધુનો આર્થિક વિકાસ દર હાંસલ કરવા ભારત સક્ષમ....


09 FEBRUARY-2025 SUNDAY


બ્રિટિશ પ્રિન્સ હેરીને પણ અમેરિકામાંથી તગેડી મુકાવાની શક્યતા...



પેજ 10

**.....સુવિચાર.....**

દરેક સવાર એક સંદેશ લઈને આવે છે,શું થઇ ગયું તે યાદ કરવા કરતાં શું થઇ શકે છે તે જીવનનો રસ્તો બની શકે છે.



વર્ષ-14 । અંક-082 । વિક્રમ સંવત-2081 । મહા સુદ-12 । પાના-12 । કિંમત 3/- । અમદાવાદ ▪ અમદાવાદ, વડોદરા, સુરતથી પ્રસિદ્ધ થતું દૈનિક


## દિલ્હીમાં 27 વર્ષ બાદ સરકાર બનાવશે ભાજપ, લોકસભા ચૂંટણી પછી ભાજપની હેટ્રિક, ઉત્તરથી દક્ષિણ સુધી ફરક્યો ભગવો ધ્વજ

# દિલ્હીના દંગલમાં બીજેપીનું શુભ મંગલ

(એજન્સી) નવી દિલ્હી । તા. 08

દિલ્હીમાં ભાજપની જીત પર વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ શુભેચ્છા પાઠવતાં સોશિયલ મીડિયા પર પોસ્ટ કરી છે કે, 'જનશક્તિ સર્વોપરી! વિકાસ જીત્યો, સુશાસનની જીત થઈ. દિલ્હીમાં ભાજપને ઐતિહાસિક જીત અપાવવા બદલ તમામ દિલ્હીવાસીઓને મારા વંદન અને અભિનંદન. તમે જે અતૂટ વિશ્વાસ અને સ્નેહ વરસાવ્યો છે. તેના બદલ આભાર. અમે દિલ્હીની ચારેબાજુ વિકાસ અને અહીંના લોકોનું જીવન ઉત્તમ બનાવવા માટે કોઈ કસર બાકી રાખીશું નહીં. આ અમારી ગેરેંટી છે. અમે સુનિશ્ચિત કરીશું કે, વિકસિત ભારતના નિર્માણમાં દિલ્હીની ભૂમિકા મહત્ત્વની બને. મને ભાજપના બધા કાર્યકર્તાઓ પર ગર્વ છે. જેમણે આ પ્રચંડ જનાદેશ માટે દિવસ-રાત એક કરી દીધા હતા. અમે હવે વધુ મજબૂતી સાથે દિલ્હીવાસીઓની સેવામાં સમર્પિત રહીશું.' દિલ્હી વિધાનસભા ચૂંટણીમાં ભારતીય જનતા પાર્ટી (ભાજપ) ની પ્રચંડ જીત બાદ, વડા પ્રધાન નરેન્દ્ર મોદી શનિવારે સાંજે ભાજપ મુખ્યાલય પહોંચ્યા અને પાર્ટીના કાર્યકરોને સંબોધિત કર્યા. પોતાના ભાષણ દરમિયાન પીએમ મોદીએ આમ આદમી પાર્ટીથી લઈને કોંગ્રેસ સુધી બધા પર નિશાન સાધ્યું. પીએમ મોદીએ ખાસ કરીને કોંગ્રેસ પાર્ટી અંગે કરેલી એક આગાહીની પણ યાદ અપાવી. તેમણે કહ્યું કે હું તમને યાદ અપાવી દઉં કે એક સમયે મેં કોંગ્રેસ વિશે આગાહી કરી હતી અને કહ્યું હતું કે એક દિવસ આ પાર્ટી સિંગલ ડિજિટ પાર્ટી બનશે. દિલ્હીના લોકોએ મારી આગાહી સાચી સાબિત કરી છે. તમને જણાવી દઈએ કે આ દિલ્હી ચૂંટણીમાં ભાજપે ઐતિહાસિક જીત મેળવી છે અને કુલ 48 બેઠકો જીતી છે. જ્યારે આમ આદમી પાર્ટીને કુલ માત્ર 22 બેઠકો મળી છે. જ્યારે કોંગ્રેસનું ખાતું પણ ખુલી શક્યું નહીં.




| 48 | 22 | 0 |
|---|---|---|
| બીજેપી + | આપ | કોંગ્રેસ |

### કેજરીવાલે હાર સ્વીકારી



ભારતીય જનતા પાર્ટીના વિજય બાદ AAP સુપ્રીમો કેજરીવાલે શુભકામના પાઠવી છે. તેમણે કહ્યું છે, કે 'હું જનાદેશ વિનમ્રતાથી સ્વીકારું છું, ભાજપને જીતની શુભકામના. આશા છે કે ભાજપ જનતાની આશા અપેક્ષા પૂર્ણ કરશે.'

### ચૂંટણી પરિણામો પર રાહુલ ગાંધીનું નિવેદન, - 'લડાઈ ચાલુ રહેશે'



દિલ્હી વિધાનસભા ચૂંટણીના પરિણામો શનિવાર 8 ફેબ્રુઆરીના રોજ જાહેર થયા છે.આ ઉપરાંત, કોંગ્રેસ સતત ત્રીજી વખત દિલ્હીમાં પોતાનું ખાતું ખોલી શકી નથી. હવે કોંગ્રેસના સાંસદ રાહુલ ગાંધીનું દિલ્હી ચૂંટણી પરિણામો અને કોંગ્રેસના પ્રદર્શન પર નિવેદન સામે આવ્યું છે.દિલ્હી ચૂંટણી પરિણામો પર રાહુલ ગાંધીએ કહ્યું - 'અમે દિલ્હીના જનાદેશને નમ્રતાપૂર્વક સ્વીકારીએ છીએ. રાજ્યના તમામ કોંગ્રેસ કાર્યકરોનો તેમના સમર્પણ અને તમામ મતદારોનો તેમના સમર્થન બદલ હૃદયપૂર્વક આભાર. પ્રદૂષણ, મોંઘવારી અને ભ્રષ્ટાચાર સામેની આ લડાઈ - દિલ્હીની પ્રગતિ અને દિલ્હીવાસીઓના અધિકારો માટે ચાલુ રહેશે.

## ભાજપ હેડક્વાર્ટરમાં જીતનો જશ્ન

### 'એક દાયકાની આપ-દાથી મુક્ત થઈ દિલ્હી' : PM



દિલ્હી વિધાનસભા ચૂંટણીમાં ભાજપને સ્પષ્ટ બહુમતી મળતી નજરે પડી રહી છે અને આમ આદમી પાર્ટીનો સફાયો થયો છે. નવી દિલ્હી બેઠકથી આપ સંયોજક અરવિંદ કેજરીવાલ અને જંગપુરા બેઠકથી મનીષ સિસોદિયા જેવા દિગ્ગજ નેતા ચૂંટણી હારી ગયા છે. ત્યારે બીજી તરફ દિલ્હીમાં ભાજપ હેડક્વાર્ટર પર ભવ્ય ઉજવણી શરૂ થઈ ચૂકી છે. દિલ્હી ભાજપ હેડક્વાર્ટર પર વડાપ્રધાન મોદી, અમિત શાહ, જેપી નડ્ડા અને રાજનાથ સહિતના દિગ્ગજ નેતાઓનું ભવ્ય સ્વાગત કરાયું છે. વડાપ્રધાન મોદી ભાજપ હેડક્વાર્ટર પહોંચતા જ કાર્યકર્તાઓમાં ભારે ઉત્સાહ જોવા મળ્યો. ભાજપ નેતાઓ દ્વારા વડાપ્રધાન મોદીનું સ્વાગત કરવામાં આવ્યું હતું. વડાપ્રધાન મોદીએ અહીંથી કાર્યકર્તાઓને સંબોધ્યા હતા.

### લોકો પરિવર્તન ઇચ્છતા હતા - પ્રિયંકા



દિલ્હી વિધાનસભા ચૂંટણીના પરિણામો આવી ગયા છે. ભાજપની જીત અને આમ આદમી પાર્ટીની હાર પર કોંગ્રેસ નેતા પ્રિયંકા ગાંધીનું પહેલું નિવેદન સામે આવ્યું છે. દિલ્હી વિધાનસભા ચૂંટણીના પરિણામો આવી ગયા છે. ભારતીય જનતા પાર્ટીએ ચૂંટણીમાં શાનદાર બહુમતી મેળવી છે. તે જ સમયે, આમ આદમી પાર્ટીને હારનો સામનો કરવો પડ્યો છે અને તેની 10 વર્ષની સત્તાનો અંત આવ્યો છે. તે જ સમયે, કોંગ્રેસને ફરી એકવાર ચૂંટણીમાં એક પણ બેઠક મળી નથી. હવે આ ચૂંટણી પરિણામ પછી, કોંગ્રેસના સાંસદ પ્રિયંકા ગાંધી વાડ્રાનું પહેલું નિવેદન બહાર આવ્યું છે. પ્રિયંકાએ આમ આદમી પાર્ટી પર મોટો પ્રહાર કર્યો છે. દિલ્હી વિધાનસભા ચૂંટણીના પરિણામો પર કોંગ્રેસના સાંસદ પ્રિયંકા ગાંધી વાડ્રાએ કહ્યું: 'મને લાગે છે કે દિલ્હીમાં અમારી બધી બેઠકો અને હું જે લોકોને મળી રહ્યો હતો તેનાથી સ્પષ્ટ હતું કે લોકો પરિવર્તન ઈચ્છે છે અને તેઓ જે રીતે થઈ રહ્યા છે તેનાથી કંટાળી ગયા હતા. તેમણે પરિવર્તન માટે મતદાન કર્યું છે, જીતનારાઓને અભિનંદન.




## રાજ્યના ચાર તાલુકામાં અંદાજે ૫.૪૬ લાખથી વધુ નાગરિકોને સાવચેતીના પગલારૂપે રૂબરૂમાં દવા ગળાવવામાં આવશે

# હાથીપગા રોગના નિર્મૂલન માટે ‘સામૂહિક દવા વિતરણ કાર્યક્રમ’



સ્વસ્થ નાગરિક- સ્વસ્થ દેશ’નું નિર્માણ કરે છે. જ્યારે, ગુજરાત ટી.બી., પોલીયો જેવા વિવિધ પ્રકારના ગંભીર રોગોને જડમૂળથી નાશ કરવા રાજ્ય સરકાર હરહંમેશ ખડેપગે રહે છે. તેવી જ રીતે, ફાઈલેરિયા એટલે કે, ‘હાથીપગા રોગ’ને નાબૂદ કરવા આગામી તા. ૧૦ થી ૧૨ ફેબ્રુઆરી ૨૦૨૫ દરમિયાન ‘માસ ડ્રગ એડમીનીસ્ટ્રેશન’ એટલે કે સામૂહિક દવા વિતરણ કાર્યક્રમનો બીજો તબક્કો હાથ ધરવામાં આવશે. તે માટે રાજ્ય સરકાર દ્વારા તમામ આગોતરા આયોજન કરવામાં આવી રહ્યા છે. ‘હાથીપગા રોગ મુક્ત ગુજરાત’નું નિર્માણ કરવા કેન્દ્ર સરકાર દ્વારા વર્ષ ૨૦૨૭ સુધીનો લક્ષ્યાંક નક્કી કરાયો છે. મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલના માર્ગદર્શનમાં અને આરોગ્ય મંત્રી શ્રી ઋષિકેશ પટેલના નેતૃત્વમાં કેન્દ્રના આ લક્ષ્યાંકને હાંસલ કરવા ગુજરાત અગ્રેસર રાજ્ય રહેશે. આ અભિયાન ભરૂચ જિલ્લાના નેત્રંગ તાલુકામાં, નર્મદા જિલ્લાના નાંદોદ અને ડેડીયાપાડા તેમજ ડાંગ જિલ્લાના વઘઈ એમ ચાર તાલુકામાં યોજાશે. જેમાં અંદાજે ૫.૪૬ લાખથી વધુ નાગરકોને હાથીપગા રોગના કૃમિનો વ્યક્તિના શરીરમાંથી નાશ કરવા માટેની દવા (ડી.ઈ.સી. અને આલ્બેન્ડાઝોલ) આરોગ્ય કાર્યકર/ દવા વિતરક ધ્વારા રૂબરૂમાં ગળાવવામાં આવશે. આ અભિયાનમાં બાકી રહી ગયેલા નાગરિકોને આરોગ્ય કાર્યકર/ દવા વિતરક દ્વારા તા. ૧૩ અને ૧૪ ફેબ્રુઆરીના રોજ ફરીથી ઘરની રૂબરૂ મુલાકાત લઈ આ દવા ગળાવવામાં આવશે. જ્યારે, બે વર્ષથી નાના બાળકો, સગર્ભા મહિલા, અતિશય બિમાર વ્યક્તિ અને પ્રસૂતિના એક અઠવાડિયા સુધીની ધાત્રી માતાઓને આ દવા ગળાવવામાં આવશે નહિ. આ અભિયાનને ઝડપી સાકાર કરવા સંબંધિત જિલ્લાની આરોગ્ય ટીમો, આશા, આંગણવાડી વર્કર તેમજ શાળાના શિક્ષકોને જરૂરી તાલીમ આપી સુસજ્જ કરવામાં આવ્યા છે. આ અભિયાન અંતર્ગત તા. ૧૦ ફેબ્રુઆરીના રોજ નક્કી કરેલા તાલુકા વિસ્તારની તમામ ૭૭૬ આંગણવાડી, ૭૪૮ શાળાઓ અને ૧૩ જેટલી કોલેજોમાં આરોગ્ય કાર્યકરોની ૬૧૦ ટીમો દ્વારા બાળકોને દવા રૂબરૂમાં ગળાવવામાં આવશે. સાથે જ, જાહેર સ્થળો પર ૫૬ જેટલા બુથ ગોઠવીને પણ રૂબરૂમાં દવા ગળાવવામાં આવશે.

**તા. ૧૦ ફેબ્રુઆરીના રોજ તાલુકાની અંદાજે ૭૭૬ આંગણવાડી, ૭૪૮ શાળાઓ અને ૧૩ જેટલી કોલેજોમાં આરોગ્ય કાર્યકરોની ૬૧૦ ટીમો દ્વારા બાળકોને દવા રૂબરૂમાં ગળાવવામાં આવશે**


### હાથીપગા રોગના લક્ષણો

હાથીપગાને આપણે “લિમ્ફેટિક ફાઈલેરિયાસિસ‘ નામે પણ ઓળખીએ છીએ. હાથીપગો એ શરીરમાં રહેલી લસિકા ગ્રંથિઓમાં ફાઈલેરિયાસિસના કૃમિનો ચેપ લાગવાને કારણે થાય છે. હાથીપગો થાય એટલે પગમાં સોજો આવવો અને સમયાંતરે તાવ આવે, શરીરમાં દુખાવો થાવ, ઠંડી લાગે, ધ્રુજારી આવે, શરીર પર ખંજવાળ આવે છે.

### શું છે હાથીપગાનો રોગ

**હાથીપગો (ફાઈલેરીયા)એ લિમ્ફેટિક ફાઈલેરિયાસિસ કૃમિથી થતો રોગ છે. જે સામાન્ય રીતે ગંદા પાણીમાં થતા માદા ક્યુલેક્સ ચેપી મચ્છરો દ્વારા ફેલાય છે. આ રોગમાં ચેપ લાગ્યાના શરૂઆતમાં કોઈ લક્ષણો દેખાતા નથી, પરંતુ ૬થી ૮ વર્ષ બાદ આ રોગના લક્ષણો જેમ કે, લસિકા ગ્રંથીઓ/ લસિકા વાહિનીઓ ફૂલી જવાથી હાથ-પગમાં સોજો આવવો, અથવા પુરૂષોમાં હાઈડ્રોસીલ (વધરાવળ) જોવા મળે છે. આ રોગના જીવાણુઓ રાત્રીના સમયે જ લોહીમાં પરિભ્રમણ કરતાં હોવાથી આરોગ્યતંત્ર દ્વારા રાત્રે ૮થી ૧૨ના સમયગાળામાં જ લોહીના નમૂના લેવામાં આવે છે. લોહીના પરીક્ષણમાં જો કોઈ વ્યક્તિમાં આ રોગના જીવાણુઓ દેખાય તો તાત્કાલિક સારવાર આપીને ચેપ ફેલાતો અટકાવી શકાય છે.**

## સમસ્ત કોળી સમાજ દાહોદ જિલ્લાનું ગૌરવ





દિપક રાવલ | દાહોદ લીમખેડા

કલા મહોત્સવ અંતર્ગત દાહોદ જિલ્લા કક્ષાની ગાયન સ્પર્ધામાં દેવગઢ બારીયા તાલુકાના અંતેલા પગાર કેન્દ્ર પ્રાથમિક શાળામાં ધોરણ - 4 માં અભ્યાસ કરતી કું.રાવત તેજશ્વરીબેન યોગેશભાઈએ સમગ્ર દાહોદ જિલ્લામાં ગાયન સ્પર્ધામાં પ્રથમ ક્રમાંક પ્રાપ્ત કરી પોતાની અંતેલા પ્રાથમિક શાળા,પોતાનું ગામ,તાલુકો,જિલ્લો તથા પોતાના કોળી સમાજનું નામ રોશન કરવા બદલ સમસ્ત કોળી સમાજ દાહોદ જિલ્લા તરફથી દીકરીને ખૂબ ખૂબ અભિનંદન સાથે હાર્દિક શુભેચ્છાઓ પાઠવવામાં આવી હતી.

## સંખેડા તાલુકાના ગામડી નજીક આવેલ કૃષિ વિજ્ઞાન કેન્દ્ર, મંગલભારતી દ્વારા ૨૩મી ઉચ્ચ સ્તરીય વૈજ્ઞાનિક સલાહકાર સમિતિની બેઠક યોજાઈ

કમલેશ પટેલ | સંખેડા

ભારતીય કૃષિ અનુસંધાન પરિષદ, નવી દિલ્હી પુરસ્કૃત કૃષિ વિજ્ઞાન કેન્દ્ર, મંગલભારતી વડોદરા અને છોટાઉદેપુર ખાતે કૃષિ શિક્ષણ, સંશોધન, વિસ્તરણ, નિદર્શનો અને ફાર્મ પરિક્ષણની અનેકવિધ પ્રવૃતિઓ કરવામાં આવે છે. જેનું મુલ્યાંકન કરવા માટે તા.૦૭/૦૨/૨૦૨૫ના રોજ ૨૩મી ઉચ્ચ સ્તરીય વૈજ્ઞાનિક સલાહકાર સમિતિની બેઠક શ્રી સંદીપભાઈ શેઠ-ચેરમેન- મંગલભારતીના પ્રતિનિધિ તથા નિયામકશ્રી ડો એસ. કે રોય, ભારતીય કૃષિ અનુસંધાન પરિષદ, અટારી, પુણે અધ્યક્ષ સ્થાને મળી હતી. કાર્યક્રમમાં કેવીકેના વડા ડૉ.બી.એમ.મહેતાએ ગત ૨૨મી મીટીંગના મુદ્દાઓનું અમલીકરણ, આ વર્ષનો પ્રગતિ અહેવાલ અને આવતા વર્ષના કાર્યક્રમોના આયોજનની રૂપરેખા રજૂ કરી હતી. ત્યારબાદ વિષય નિષ્ણાંતો દ્વારા દરેક વિષયને અનુરૂપ પ્રગતિ અહેવાલ તથા આગામી વર્ષના આયોજન રજૂ કરવામાં આવ્યુ. વૈજ્ઞાનિક સલાહકાર સમિતિમાં ઉપસ્થિત આણંદ કૃષિ યુનિવર્સિટી, આણંદના વૈજ્ઞાનિકો તેમજ જીલ્લાના ખેતી, બાગાયત, પશુપાલન તેમજ આત્મા વગેરે વિભાગના અધિકારીઓએ કેવીકેની પ્રવૃતિઓને તથા



પ્રાકૃતિક ખેતીને વધુ અસરકારક ખેડૂતપયોગી બનાવવા અને વાતાવરણ અનુકુલ નિદર્શનો અને પ્રાકૃતિક ખેતી પદ્ધતિ સાથે તાલમેલ મેળવવા માટે તેમજ વડોદરા-છોટાઉદેપુરમાં પ્રાકૃતિક ખેતીને આગળ પણ સુચારૂ રાખવા અને વિસ્તાર વધારવા, જળ-જમીન સંરક્ષણ કરવા અને કેવીકેના ફાર્મમાં રાસાયણિક ખાતર અને જંતુનાશક દવાનું વપરાશ ઓછું કરવા અંગે માર્ગદર્શક સૂચનો કર્યા હતાં. કૃષિ વિજ્ઞાન કેન્દ્ર દ્વારા પ્રાકૃતિક ખેતીનો પ્રચાર પ્રસાર અને નિદર્શનો ચાલુ રાખવા, નવી જાતોના નિદર્શનો વધારવા, નવા પાકોના વાવેતરના અખતરા ગોઠવવા અને પ્રાકૃતિક ખેતીને વધુ અસરકારક બનાવવા અંગે પણ સૂચનો કરવામાં આવેલ હતા. ખેડૂતો દ્વારા મુલ્યવર્ધન તાલીમ કરવા માટેના સૂચનો થયા હતા. આ કાર્યક્રમમાં નિયામકશ્રી ડો એસ. કે રોય, ભારતીય કૃષિ અનુસંધાન પરિષદ, અટારી, પુણે પણ માર્ગદર્શક સૂચનો કર્યા હતા. અંતમાં શ્રી સંદીપભાઈ શેઠ દ્વારા સર્વે સભ્યોના સહકાર અને હકારાત્મક સૂચનો બદલ આભાર વ્યક્ત કરવામાં આવ્યો હતો અને કૃષિ વિજ્ઞાન કેન્દ્ર આ માર્ગદર્શક સૂચનોનો સારી રીતે અમલ કરી ફળદાયી પરિણામ આપશે એવી ખાત્રી આપી.ડૉ.સી. પી.દેવાનંદ તથા સુપિરિયર એનિમલ જીનેટિક્સના જનરલ મેનેજર ડૉ. અમરીશ પટેલ પાસેથી જાણકારી મેળવી હતી.

## વનરાજો એ પોતાનો વિસ્તાર પોતાની મેળે જ વધારી લીધો છે: CCF, જૂનાગઢ વનવિભાગ

**સત્તાવાર જંગલ ૧૫૦૦ ચોરસ કિમી કરતાં પણ ઓછું.....!!! પોતાનો વિસ્તાર જાતેજ વધારી વનરાજો ૩૦૦૦૦ ચોરસ કિલોમીટરમાં ફેલાઈ ગયા**



કિશોર આર. સોલંકી | જાફરાબાદ

ગીરના સિંહો 22,000 ચોરસ કિલોમીટરમાં વિહરતા હતા, હવે 36 ટકા વિસ્તાર વધ્યો: CCF, જૂનાગઢ વનવિભાગસિંહોનો વિસ્તાર 36 ટકા વધી ગયો છે. સિંહોનું સત્તાવાર જંગલ તો 1500 ચોરસ કિમી કરતાં પણ ઓછું છે. વનરાજો એ પોતાનો વિસ્તાર પોતાની મેળે જ વધારી લીધો છે. આરાધના સાહુ, સીસીએફ, જૂનાગઢ. જૂનાગઢના સાસણ ગીરથી સાવજો વર્ષોથી બહાર નીકળી ગયા છે. બરડા, વેળાવદર અને કોડીનાર એમ ૩ તરફ પોતાનું સામ્રાજ્ય ફેલાવવા માટે ત્રિકોણીય કોરિડોર બનાવ્યો છે. પોતાનો વિસ્તાર જાતે જ વધારીને અત્યારે વનરાજો રાજ્યના ૩૦,૦૦૦ ચોરસ કિલોમીટરમાં ફેલાઈ ગયા છે. જેના પગલે પ્રવાસન ઉદ્યોગના વિકાસની સંભાવના પણ બળવત્તર બની છે. પોરબંદર અને જામનગરની વચ્ચે આવેલા બરડા ડુંગરથી લઈને બોટાદ સુધી બૃહદ ગીર બની શકે તેવી સંભાવના વનતંત્ર દ્વારા ચકાસાઈ રહી છે. બૃહદ ગીરનો વ્યાપ વધવાની સાથે હોટલો સહિત પ્રવાસન ઉદ્યોગનો પણ વિકાસ થશે અને ગ્રામીણ વિસ્તારોમાં ખેતરમાં દીવાલો બનાવવી, કુવા રક્ષિત કરવા સહિતની વન વિભાગની સ્કીમો પણ લાગુ પડશે.બૃહદ ગીરની ભૂગોળ મૂળ ગીર કરતા ઘણી ખરી અલગ પડે છે. કારણ કે, અહીંનો એક મોટો પ્રદેશ ડોલોમાઈટ અને બેસાલ્ટ પ્રકારના પથ્થરો સાથે ચૂનાના પથ્થરોનું મિશ્રણ ધરાવે છે. જોકે, એનાથી સિંહોને ખાસ ફરક પડ્યો નથી. સાસણ છોડીને વર્ષોથી બહાર નીકળી ગયેલા સિંહોના વિવિધ ગ્રુપોએ અન્ય પ્રદેશોમાં વસવાટ શરૂ કરી જ દીધો છે તો કેટલીક જગ્યાએ વન વિભાગે પણ વસાવ્યા છે. જેના માટે રહેઠાણ, પાણી અને ખોરાક સહિતની વ્યવસ્થા તો થઈ રહી છે. સાથોસાથ જમીન સંપાદન અને સંરક્ષણના માપદંડોનું મૂલ્યાંકન પણ જરૂરી બન્યું છે. આમ, પ્રદેશના બંધનો તોડીને સિંહોએ પોતાની અનુકૂળ જગ્યાએ રહેઠાણ બનાવી નાખ્યા છે ત્યારે હવે બૃહદ ગીરના વિસ્તૃતિકરણની સત્તાવાર ઘોષણા જ બાકી રહી છે.નિવૃત્ત સીસીએફ ડી. ટી. વસાવડાએ ભાસ્કરને જણાવ્યું હતું કે, આજથી પૂચ સાત વર્ષ પહેલા કોઈ મેનેજમેન્ટ નહોતું પણ હવે આખું ડિવિઝન ઉભું થઈ ગયું છે અને એ ડિવિઝન સિવાય પણ સિંહો જ્યાં હોય ત્યાં તેને લગતી જંગલ ખાતાની સ્કીમો લાગુ પડે છે.’અત્રે એ પણ ઉલ્લેખનીય છે કે, સૌરાષ્ટ્રના ૧૩ તાલુકાઓમાં સિંહોના પરિભ્રમણ અને સંભવિત કોરિડોર અંગે વિસ્તૃત અભ્યાસ થયો છે. જેમાં ખાંભા, જાફરાબાદ, રાજુલા, સાવરકુંડલા, લીલીયા, ગારીયાધાર, મહુવા, તળાજા, પાલીતાણા, સિહોર, ઘોઘા, ભાવનગર અને વલભીપુરનો સમાવેશ થાય છે.કચ્છના યુવકે કરેલા સંશોધનમાં પણ વન્ય પ્રાણીઓના કોરીડોરની હકીકતને પૃષ્ટિ મળી છે. જેનો નકશો અત્રે પ્રસ્તુત કરેલ છે.કચ્છના યુવક અભિનવ મહેતાએ ‘વન્ય પ્રાણીઓના કોરીડોરની ભૂ-ભૌગોલિક રહેઠાણની યથાર્થતા’ પર કરેલા સંશોધનમાં પણ આ ત્રિકોણીય કોરીડોરને પૃષ્ટિ મળી છે. તેણે જણાવ્યું છે કે, ખંભાતનો અખાત અને અરબી સમુદ્રના પૂર્વીય વિસ્તારનો દક્ષિણી ભાગ, જેમાં શેત્રુંજી અને કાળુભાર નદીના વિસ્તારનો પણ સમાવેશ થઈ જાય છે. તેમાં કામનાથ, કાળુભાર અને શેત્રુંજી એ ત્રણ માનવસર્જિત જંગલો આવેલા છે. અમરેલી અને ભાવનગરના તાલુકાઓના ચોક્કસ પ્રદેશોની આબોહવા, ભૂમિ અને વન્યજીવન સિંહોના અસ્તિત્વ સાથે કેટલું સુસંગત છે તેના વિશે વિસ્તૃત અને ઊંડાણપૂર્વક છણાવટ કરવામાં આવી છે.

## ગુજરાતના ૨૮ ટકા દરિયાકાંઠાનું ધોવાણ અને ૧૯ ટકામાં વિસ્તરણ



કિશોર આર. સોલંકી | જાફરાબાદ

દેશમાં સૌથી વધુ દરિયાકાંઠો અને આબોહવા તથા ભૌતિક પ્રાકૃતિક સંપત્તિમાં ભરપૂર વૈવિધ્ય ધરાવતા ગુજરાતમાં ક્લાઈમેટ ચેન્જ સહિતના અનેક પરિબળોના પગલે રાજ્યનો ૫૩૭.૫ કિ.મી.લંબાઈનો દરિયાકાંઠો એટલે કે કૂલ ૧૯૪૫.૬ કિમીના ૨૮ ટકા કાંઠાનું ધોવાણ (ઈરોઝન) થઈ રહ્યું છે. જ્યારે ૫૩ ટકા દરિયાકાંઠો સ્થિર (સ્ટેબલ) જળવાયો છે અને બીજી તરફ ૧૯ ટકા દરિયાકાંઠાનો વિસ્તાર વધી (એક્રેશન) રહ્યો છે તેમ બે દિવસ પહેલા સંસદમાં કેન્દ્રીય પર્યાવરણ મંત્રાલય દ્વારા એક ઉત્તરમાં જાહેર કરાયું હતું. દાયકાઓથી ગુજરાતનો દરિયાકાંઠો ૧૬૦૦ કિ.મી. લંબાઈનો પાઠ્ય પૂસ્તક થી માંડીને વેબસાઈટ પર દર્શાવાતો રહ્યો છે જ્યારે એન.સી. સી. આર (નેશનલ સેન્ટર ફોર કોસ્ટલ રિસર્ચ)ના ઈ.૧૯૯૯ - ૨૦૧૮ના સમયના છેલ્લા સર્વેક્ષણ મૂજબ ગુજરાતના દરિયાકિનારાની લંબાઈ ૧૯૪૫.૬, કિલોમીટર છે. જે દેશમાં સૌથી વધુ લંબાઈ નો સમુદ્ર કાંઠો છે.ગુજરાતને અડીને આવેલા દિવ-દમણ ૩૧.૮૩ કિ.મી.ની કોસ્ટલ લેન્થ ધરાવે છે. દેશમાં કૂલ ૧૧ રાજ્યો, કેન્દ્ર શાસિત પ્રદેશો દરિયાકિનારો ધરાવે છે જેની કૂલ લંબાઈ ૬૯૦૭.૧૮ કિ.મી. છે જેમાં ૨૩૧૮.૩૧ કિ.મી. (૩૩.૬ ટકા) સમુદ્રી મોજા વગેરેથી ધોવાણ થઈ રહ્યું છે, તે ભાગઘટી રહ્યો છે. જ્યારે ૨૭૩૩.૮૬ ક.મી. (૩૯.૬૦ ટકા)માં દરિયા કાંઠામાં વધઘટ થતી નથી, એકંદરે સ્ટેબલ છે. જ્યારે, ૧૮૫૫.૦૩ કિ.મી. (૨૬.૦૮ટકા) કાંઠામાં વિસ્તરણ થઈ રહ્યું છે. ઉલ્લેખનીય છે કે, સૌરાષ્ટ્ર સહિત ગુજરાતની સમુદ્રની સપાટી ઉંચકાઈ રહી છે અને તેમાં ગત વર્ષે સરેરાશ તાપમાન પણ નોર્મલ કરતા વધુ રહ્યું હતું. બીજી તરફ ભારતના કોસ્ટલ લાઈનની લંબાઈ નવી પધ્ધતિ મૂજબ મપાતા ઈ.સ. ૧૯૭૦માં ૭૫૧૬ કિ.મી. હતી તે ઈ. ૨૦૨૩-૨૪માં ૧૧૦૯૮ કિ.મી.ની થઈ છે. ગુજરાત,પશ્ચિમ બંગાળ, ગોવામાં આ દરિયાકાંઠો વિસ્તર્યોત્યારે પુડુચેરીમાં ૧૦.૪ ટકા ઘટી ગયો છે.ગુજરાતના નર્મદા વોટર રિસોર્સ વિભાગ અનુસાર અરબી સમુદ્રમાં પશ્ચિમ દરિયાકાંઠો ધરાવતા નવસારી, વલસાડ, સુરત અનેભરુચ જિલ્લાના તથા પૂર્વ કાંઠાએ ભાવનગર, અમરેલી, જુનાગઢ, પોરબંદર, જામનગર એ સૌરાષ્ટ્રના જિલ્લાઓના દરિયાકાંઠામાં વધતા ઓછા પ્રમાણમાં ઈરોઝન (ધોવાણ) થી રહ્યું છે જે અન્વયે એન્ટી સી ઈરોઝન વર્ક પણ શરુ કરાયુ છે. એકંદરે સૌરાષ્ટ્રમાં દરિયાકાંઠો જે સ્થિર લાગે છે તે સ્થિર હોતો નથી પરંતુ, તેમાં સમયના વહેણ સાથે મોટો ફરક આવતો હોય છે અને તેનું એક ઉદાહરણ એ છે કે જમીન ઉપર બનેલી ભગવાન શ્રીકૃષ્ણની દ્વારિકા નગરી આજે દરિયાના ઉંડાણમાં ડુબેલી છે. સર્વે મુજબ ગુજરાતમાં ૧૯૪૫.૬ કિ.મી. લંબાઈનો દરિયા કાંઠો, દેશમાં કુલ ૬૯૦૭ કિ.મ. પૈકી ૩૩.૬ ટકામાં ધોવાણ, ૨૬.૮ ટકા કાંઠો ફેલાઈ રહ્યો છે.

## રાજ્ય સભા સાંસદ પરિમલ નથવાણીને વનમંત્રીએ જવાબ આપ્યો કે, ગીરમાં સિંહોના શિકાર માટે ૩૭% તૃણાહારી પ્રાણી વધ્યા

કિશોર આર. સોલંકી | જાફરાબાદ

રાજ્યનુ ગૌરવ ગણાતા ગીરનુ જંગલ અને એશિયાટીક સિંહની અસ્મિતા જળવાય રહે તેટલા માટે કેન્દ્ર અને રાજ્ય સરકાર પ્રયાસ કરી રહીં છે,પરંતુ આ સિંહ છાશવારે ખેડૂતો અને ઘરમાં આવી જઈને વરંડામાં કે ખેતરમાં બાંધેલા ગાય,ભેસ સહિતના પ્રાણીઓને શિકાર બનાવે છે. આ સમસ્યામાંથી છૂટકારો મળે અને જંગલમાં જ સિંહને તેનો ખોરાક મળી રહે તેટલા માટે વન વિભાગે સિંહનો શિકાર માટેની વ્યવસ્થામાં પણ વધારો કર્યો છે. આ માટે ગીરના જંગલ અને તેની આસપાસ તૃણાહારી પ્રાણીઓના સંવર્ધન કેન્દ્રોમાં વધારો કરીને સિંહના શિકાર માટે ના પ્રાણીઓની ૩૭ ટકા સંખ્યા વધારી દીધી હોવાનું રાજ્ય સભાના સાંસદ પરિમલ નથવાણી દ્વારા પૂછાયેલા એક પ્રશ્નના જવાબમાં કેન્દ્રિય મંત્રીએ જણાવ્યું હતું. ગીરમાં એશિયાટીક સિંહોને શિકાર માટે ઉપલબ્ધ પ્રાણીઓની સંખ્યામાં છેલ્લા પાંચ વર્ષમાં ૩૭ ટકાનો વધારો થયો છે. રાજ્યસભાના સાંસદ પરિમલ નથવાણી દ્વારા પૂછાયેલા એક પ્રશ્નના જવાબમાં કેન્દ્રિય પર્યાવરણ, વન અને જળવાયું પરિવર્તન રાજ્ય મંત્રી કિર્તી વર્ધન સિંહે જણાવ્યું હતું કે, ગીરમાં સિંહને શિકાર કરવા માટે ઉપલબ્ધ પ્રાણીઓની આશરે સંખ્યા વર્ષ ૨૦૧૯માં ૧,૫૫,૬૫૯થી વધીને વર્ષ ૨૦૨૪માં ૨,૩૧,૩૯૧ થઈ છે. મંત્રીએ જણાવ્યું હતું કે, શિકાર કરવા માટે જંગલમાં જે પ્રાણીઓની સંખ્યા છે તેને વધારવા માટે વન વિભાગ શાકાહારી પ્રાણીઓની વસ્તી વધારે છે.વન વિભાગ શાકાહારી પ્રાણીઓની વસ્તી વધારી રહ્યું છે, ખુબજ સારી વાત બસ, હવે સિંહો માટે જંગલ વિસ્તાર વધારે એટલે વાઈલ્ડ લાઈફ મેનેજમેન્ટ સાર્થક થાય બીજું કે માનનીય રાજ્યસભા સાંસદ શ્રી Parimal Nathwani સાહેબે રાજ્ય સભામાં સિંહો વિશે પ્રશ્ન પૂછી પોતાની સિંહો પ્રત્યેની લાગણી ઉજાગર કરી, તેથી પરિમલ નથવાણી સાહેબ ને વધાવી એ છે. પરંતુ, દુ:ખ ની લાગણી ત્યારે થાય છે કે, ગુજરાત નાં રાજ્ય સભા નાં સાંસદો ગુજરાત નાં ગૌરવ સમાન સિંહો નાં મુદ્દે સવાલ કેમ નથી પૂછતાં....??? ગુજરાત ના રાજ્યસભા નાં સાંસદો માનનીય પરિમલ ભાઈ માંથી પ્રેરણા કેમ નથી લેતા....??? ચાલો, કંઈ નહિ... મિત્રો, ગુજરાત નાં રાજ્ય સભા નાં સાંસદો નાં નામ કોઈને ખબર હોય તો જણાવજો, અહી પોસ્ટ માં ટેગવા છે.... કઈક તો પ્રેરણા લે.

## ગણતરીનાં કલાકોમાં જ મોબાઈલ ચોરીનો ભેદ ઉકલતી ડાંગ એલ. સી.બીપોલીસ ટિમ ,એક દંપતીની અટકાયત

સુશીલ પવાર | ડાંગ

ડાંગ જિલ્લાનાં પોલીસ વડા યશપાલ જગાણીયા દ્વારા જિલ્લાનાં અનડીટેકટ અને મિલકત સબંધી ગુનાઓને શોધી કાઢવા માટે લોકલ ક્રાઈમ બ્રાન્ચને સૂચનાઓ આપી હતી.જે સૂચનાઓનાં અન્વયે ડાંગ જિલ્લાનાં એલસીબી પોલીસ મથકનાં પી.એસ.આઈ.કે.જે. નિરંજન સહિત પોલીસ કર્મીઓની ટીમે વોચ અને પેટ્રોલીંગ હાથ ધરતા ગણતરીના કલાકોમાં જ વઘઈ પોલીસ સ્ટેશન વિસ્તારમાંથી મોબાઈલ ચોરીનો ભેદ ઉકેલી કાઢ્યો છે.તેમજ ગુનામાં એક સ્ત્રી અને એક પુરુષની અટકાયત કરવામાં આવેલ છે.અને 34 હજાર રૂપિયાની કિંમતનો મુદ્દામાલ જપ્ત કરવામાં આવેલ છે.ડાંગ જિલ્લાનાં એલસીબી પોલીસ મથકનાં પી.એસ. આઈ.કે.જે.નિરંજનને બાતમી મળી હતી કે,વઘઈ મેઈન બજારમાં નવજીવન મેડિકલ સ્ટોરના કાઉન્ટર ઉપરથી ચોરીમાં ગયેલ મોબાઈલની ચોરી દેવીપાડા ગામના સુરેશભાઈ હરિભાઈ ધૂમ તથા તેમની પત્ની મનીષાબેન



સુરેશભાઈ ધૂન એ કરેલ છે. અને હાલમાં દેવીપાડા ગામ થી તેઓ પોતાની મોટરસાયકલ રજી.GJ -21-AC-8259 ઉપર બેસી ચીખલી તરફ જલાઉના લાકડા કાપવાની મજૂરી કામે નીકળેલ છે.જે બાતમીના આધારે ડાંગ જિલ્લા એલસીબી પોલીસ મથકનાં પી.એસ.આઈ.કે.જે.નિરંજન સહિત પોલીસ કર્મીઓમાં એ.એસ.આઈ.પ્રમોદભાઈ નિવર,એ.એસ.આઈ.રમેશભાઈ પવાર, એ.એસ.આઈ. રણજીતભાઈ પવાર, હે.કો લક્ષ્મણભાઈ ગવળી તથા અ. પો.કોમાં દિલીપભાઈ ગામીત તેમજ પ્રદીપભાઈ કાગડેનાઓએ વઘઈ-સાપુતારા રોડ ઉપર મકરધ્વજ હનુમાન મંદિર પાસે જાહેર રોડ ઉપર મોટરસાયકલ સાથે સુરજભાઈ હરીભાઈ ધુમ તથા તેમની પત્ની મનીષાબેન હરીભાઈ ધુમ ( બંને રહે. દેવીપાડાગામ તા.વઘઈ જી.ડાંગ) ની અટકાયત કરી હતી.તેમજ એલસીબી પોલીસની ટીમે તેમની પાસેથી ચોરીનો મોબાઈલ ફોન VIVO કંપનીનો Model No. Y31 જેની કિંમત રૂપિયા 8 હજાર તથા મોટરસાયકલ જેની કિંમત રૂપિયા 25 હજાર એમ મળી કુલ કિંમત રૂપિયા 34,000/- નો મુદ્દામાલ જપ્ત કરવામાં આવ્યો હતો. અને હાલમાં આ આરોપી દંપતીનો કબજો વઘઈ પોલીસને સોંપવામાં આવેલ છે.હાલમાં વઘઈ પોલીસની ટીમે બન્ને આરોપીઓનો કબજો લઈ આગળની કાર્યવાહી હાથ ધરી છે.

નીતિન ઠાકર | રાધનપુર

તા.08/02/2025 ના રોજ રાધનપુર મુકામે રાધનપુર નગરપાલિકાની સામાન્ય ચૂંટણી અંતર્ગત ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના પ્રમુખશ્રી શક્તિસિંહ ગોહિલ ની જાહેર સભા યોજાઈ. જેમાં સુભાસિની યાદવજી (સહ પ્રભારી, ઉત્તર ઝોન, AICC) શ્રી રઘુભાઈ દેસાઈ (પૂર્વ ધારાસભ્યશ્રી, રાધનપુર) શ્રી ડૉ. કિરીટભાઈ પટેલ(ધારાસભ્યશ્રી,પાટણ) શ્રી ચંદનજી ઠાકોર(પૂર્વ ધારાસભ્યશ્રી, સિદ્ધપુર) શ્રી ઘેમરભાઈ દેસાઈ (પ્રમુખ, પાટણ જીલ્લા કોંગ્રેસ) પ્રભારીશ્રી ગીતાબેન પટેલ, જાકીરભાઈ ચૌહાણ, ડૉ. વિષ્ણુદાન ઝૂલા,(પ્રમુખ, રાધનપુર શહેર કોંગ્રેસ). તાલુકા કોંગ્રેસ પક્ષના પ્રમુખો, નગરપાલિકા કોંગ્રેસ પક્ષના ઉમેદવારો, શહેર કોંગ્રેસના હોદ્દેદારો, જીલ્લા/તાલુકા કોંગ્રેસ પક્ષના હોદ્દેદારો, આગેવાનો, કાર્યકરો, ભાઈઓ તથા બહેનો બહોળી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા.



## દિલ્હી વિધાનસભામા ભારતીય જનતા પાર્ટીનો જ્વલંત વિજય થતા ચલામલીમા કાર્યકરોએ ફટાકડા ફોડી વિજયોત્સવ મનાવ્યો



કમલેશ પટેલ | સંખેડા

તાજેતરમા દિલ્હી વિધાનસભાની ચૂંટણી યોજાઈ હતી. જેનુ પરિણામ જાહેર થતા ભારતીય જનતા પાર્ટીની ભવ્ય જીત થઈ છે.જેને લઈને છોટાઉદેપુર જિલ્લાના ચલામલી ગામે ભાજપાના આગેવાનો,કાર્યકરોએ બસ સ્ટેન્ડ પાસે ફટાકડા ફોડી વિજયોત્સવ મનાવ્યો હતો.ગામના આગેવાન અને જિલ્લા બક્ષીપંચ મોરચાના પ્રમુખ ભગુભાઈ પંચોલીએ જણાવ્યુ હતુ કે જુઠની હાર થઈ છે. અને સત્યની જીત થઈ છે.પ્રજાએ જુઠની રાજનીતિ કરતી પાર્ટીને જાકારો આપ્યો છે.અને ભાજપાને જ્વલંત બહુમતીથી જીતાડી સરકાર બનાવવા તરફ આગેકુચ કરી છે.કાર્યકરોએ ફટાકડા ફોડી વિજયોત્સવમા ભારત માતા કી જય,વંદે માતરમ,સંત સમાજ કી જય,સનાતન ધર્મ કી જયના સુત્રોચ્ચારથી વાતાવરણ ગુંજી ઊઠ્યુ હતુ.આ વિજયોત્સવમા સંત સમાજના સંતો પણ જોડાયા હતા.

મૃતક બંને સગાભાઈઓની એકસાથે અર્થી ઊઠી, દીકરીએ પિતા અને કાકાને કાંધ આપી; પરિવારજનોનું હૈયાફાટ રુદન

# નબીરાએ 130ની સ્પીડે કાર ચલાવી અકસ્માત સર્જ્યો

(એજન્સી) સુરત | તા.08

સુરતના આઉટર રિંગ રોડના વાલક બ્રિજ ઉપર 7 ફેબ્રુઆરીની મોડીરાત્રે ગમખ્વાર અકસ્માત સર્જાયો છે. પૂરપાટ ઝડપે આવતા ટાટા હેક્સા કારના ચાલકે કાર ડિવાઈડર કુદાવીને સામેના રોડ પર પહોંચ્યા બાદ એક પછી એક પાંચ વાહનને હડફેટે લઈ છ વ્યક્તિને ઉડાવી હતી. આ ઘટનામાં છ ઈજાગ્રસ્તમાંથી એકનું ઘટનાસ્થળે, જ્યારે એકનું હોસ્પિટલમાં મોત નીપજ્યું હતું. બન્ને મૃતકો સગા ભાઈ છે અને મૂળ ગીર સોમનાથના વતની છે. આ ઘટનામાં ચાર લોકોને ગંભીર ઈજા પહોંચી છે. જેમાં એક જ પરિવારના બાળક સહિતના ત્રણનો સમાવેશ થાય છે, જેમાં માતા-બાળક ICUમાં દાખલ છે અને તેઓ મૂળ ભાવનગરાના વતની છે. મળતી માહિતી પ્રમાણે, અકસ્માત સર્જનાર ટાટા હેક્સા કારનો માલિક મનોજકુમાર કાળુભાઈ ડાખરા છે અને તેનો પુત્ર કીર્તન ડાખરા કાર ચલાવતો હતો. ગતરોજ યુવતી સહિતના ત્રણ મિત્રો સાથે 20 વર્ષીય કીર્તન ફાર્મહાઉસ ગયા હતાં અને પરત ફરતા સમયે તેણે આ અકસ્માત સર્જાયો હતો. મૃતકના પરિવારજનના જણાવ્યા મુજબ, કારમાં એક યુવતી અને ત્રણ યુવક સવાર હતાં. કારની સ્પીડ 130-150 હતી અને કારમાં સવાર તમામે ડ્રિંક કરેલું હતું. હાલમાં પોલીસે કારને કબજે લઈને આગળની તપાસ હાથ ધરી છે. બંને મૃતક ભાઈઓની તેમના નિવાસસ્થાનેથી બપોરે એકસાથે અર્થી ઉઠતા પરિવારજનોમાં આક્રંદ છવાયું હતું. ઈજાગ્રસ્ત લોકોમાં એક જ પરિવારના બાળક સહિત ત્રણ લોકો ગંભીર હાલતમાં છે, જેમાં બેની આઈસીયુમાં સારવાર ચાલી રહી છે. આ ઈજાગ્રસ્ત પરિવાર મૂળ ભાવનગર જિલ્લાના શિહોરના આંબળા ગામનો છે.



### ધર્મેશભાઈ કઈ વિચારે તે પહેલા જ માતેલા સાંઢની જેમ કાર આવી

ઈજાગ્રસ્ત ધર્મેશભાઈ અને તેમનો પરિવાર એક લગ્ન પ્રસંગમાંથી પરત ફરી રહ્યો હતો. આન દરમિયાન એકદમ ધીમે-ધીમે બાઈક લઈને જઈ રહેલા ધર્મેશભાઈ કઈ વિચારે તે પહેલા જ સામેથી આવતી એક કાર ડિવાઈડર કુદાવીને તેમની તરફ ધસી આવી હતી અને તેમની બાઈકને ઉડાવી દીધી હતી. જેના પગલે ધર્મેશભાઈ બેભાન થઈ ગયા હતા. આ સાથે જ તેમના પત્ની અને બાળકને પણ ઉડાવતા તેમની પણ હાલત ગંભીર થઈ ગઈ હતી. ત્યારબાદ તેમને ખાનગી હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. ત્રણ કે ચાર કલાક બાદ ધર્મેશભાઈ ભાનમાં આવ્યા હતા.

### ઈજાગ્રસ્ત છ લોકોમાંથી બે સગા ભાઈએ દમ તોડ્યો

**ઈજાગ્રસ્ત છ લોકોમાંથી બે સગા ભાઈએ દમ તોડ્યો :** મળતી મુજબ, સુરતના આઉટર રિંગરોડ પર લસકાણા વાલક અબ્રામા બ્રિજ ઉપર મોડીરાત્રે પૂરપાટ ઝડપે દોડતી કાર નં. જીજે-05-આરએફ-0317ના ચાલકે સ્ટીયરિંગ પર કાબૂ ગુમાવતાં કાર ડિવાઈડર કૂદીને રોડની સામેની સાઈડ પહોંચી ગઈ હતી. કારચાલકે સામેથી આવતા એક પછી એક કુલ પાંચ વાહનને ઉડાવી છ વ્યક્તિને અડફેટે લીધી હતી. આ અકસ્માતમાં તમામ ઈજાગ્રસ્તોને સારવાર માટે હોસ્પિટલમાં ખસેડાયા હતા. તે પૈકી બે સગા ભાઈ કમલેશ બાલુભાઈ સાપોલિયા (ઉં.વ.42) અને અશ્વિનભાઈ બાલુભાઈ સાપોલિયા (ઉં.વ.48)નાં સારવાર મળે એ પહેલાં મોત નીપજ્યાં હતાં, જ્યારે અન્ય ચાર ઈજાગ્રસ્તની હાલત ગંભીર હોવાથી તેમની સારવાર ચાલી રહી છે.

### ભાઈઓની એકસાથે અર્થી ઉઠી

અકસ્માતમાં મૃત્યુ પામેલા બંને સગાભાઈઓની એકસાથે અર્થી ઉઠી હતી. એકની એક દીકરીએ પિતા અને કાકાને કાંધ આપી હતી. આ સમયે ઉપસ્થિત સૌ કોઈની આંખો ભીની થઈ ગઈ હતી અને પરિવારજનોમાં આક્રંદ છવાયું હતું.

ઘટનાસ્થળે પહેલા પહોંચનાર મગનભાઈ સૂતરિયાએ જણાવ્યું હતું કે અમને ફોન આવ્યો હતો કે તમારાં પરિવારજનોનો અકસ્માત થયો છે. હું બ્રિજ પર પહોંચ્યો ત્યારે મને પોલીસવાળા જવા દેતા ન હતા. તમામ લોકોને ત્યાં અટકાવી દેવામાં આવ્યા હતા. એના પગલે અમે આગળથી યુ-ટર્ન લઈને ગયા હતા.

# સુરત GIDCમાં કારીગર મશીનમાં ફસાયો...

## કલાક સુધી માથું બહાર:ફાયર વિભાગે કલાકોના ઓપરેશન બાદ બચાવ્યો, દુર્ઘટનાથી મજૂરોની સલામતી પર ગંભીર પ્રશ્ન...

સુરત | સુરતના કતારગામ GIDC વિસ્તારમાં એક ચોંકાવનારી ઘટના સામે આવી છે. એમ્બ્રોઈડરી મશીનમાં કામ કરતો એક કારીગર મશીનમાં ફસાઈ ગયો. ફેક્ટરીમાં તેના એક સિવાય કોઈ જ ન હોવાના કારણે તે એક કલાક આમ જ ફસાયેલો રહ્યો. તેનું ફક્ત માથું જ મશીનની બહાર હતું. આ દુર્ઘટનાને કારણે સ્થાનિક વિસ્તારમાં ચકચાર મચી ગઈ હતી.

આ દુર્ઘટના કતારગામની વિશ્વકર્મા સોસાયટીના ઘર નંબર-17માં બની હતી, જ્યાં પરવેઝ એકલો એમ્બ્રોઈડરી મશીન પર કામ કરી રહ્યો હતો. ફેક્ટરીમાં કોઈને તેની હાલતની જાણ નહોતી અને તે અંદરથી બૂમો પાડી રહ્યો હતો. જોકે પાડોશીઓએ અવાજ સાંભળ્યા બાદ દરવાજો તોડીને અંદર પ્રવેશ કર્યો અને ફાયર વિભાગને જાણ કરી.

પ્રાપ્ત માહિતી અનુસાર, ફાયર વિભાગને માહિતી મળતાંની સાથે જ રેસ્ક્યૂ-ઓપરેશન હાથ ધરવામાં આવ્યું. લોકોએ ઘરની અંદર ઘૂસીને કારીગર પરવેઝ આલમને ફસાયેલો જોઈ તરત જ ફાયરબ્રિગેડને જાણ કરી.



ફાયરબ્રિગેડકર્મીઓએ ઘટનાસ્થળે પહોંચીને પેન્ટોગ્રાફ કાપીને અને કટરની મદદથી કારીગરને બચાવવામાં આવ્યો. એક કલાક ફસાયેલા રહેલા પરવેઝને બેભાન હાલતમાં બહાર લાવવામાં આવ્યો અને તાત્કાલિક સ્મિમેર હોસ્પિટલ ખસેડવામાં આવ્યો, જ્યાં ગળાના ભાગે 10 ટાંકા લાગ્યા. હાલ તેની તબિયત સ્થિર છે અને સજાગ અવસ્થામાં આવ્યા બાદ તેનું અધિકૃત નિવેદન લેવામાં આવશે.

### પોલીસ તપાસ શરૂ, જવાબદાર કોણ?

પોલીસે મકાનમાલિક દિનેશ કાપડિયા અને કારખાના-સંચાલક દિનેશભાઈ પાલડિયાનાં નિવેદન લઈ વધુ તપાસ શરૂ કરી છે, જોકે હજુ સુધી કેટલીક મહત્ત્વની બાબતો વણઉકેલી છે.
મશીન ચલાવતા કારીગર માટે સલામતીની કોઈ સુવિધા હતી કે નહીં?
કારીગર એક કલાક સુધી કેમ ફસાયેલો રહ્યો અને સમયસર કોઈએ બચાવ શા માટે ન કર્યો?
આ દુર્ઘટના ફક્ત એક દુર્ઘટના નથી, કારીગરોની સલામતી માટે શું જરૂરી પગલાં ભરવામાં આવી રહ્યાં છે? ફેક્ટરીઓમાં કામદારો માટે જરૂરી સલામતી સાધનો અને ઈમર્જન્સી માટે કેવી તૈયારી છે?
એના વિશે ઊંડાણપૂર્વકની તપાસ કરવાની જરૂર છે. પોલીસ હાલ ઘટનાની હકીકત ઉકેલવા માટે તપાસમાં લાગી ગઈ છે.

## પાલનપુર-અમદાવાદ હાઈવે પર અકસ્માત:જીપે ટ્રેક્ટર-ટ્રોલીને ટક્કર મારતાં 8 વર્ષના બાળક સહિત બેના મોત, 4 ઘાયલ



બનાસકાંઠા | પાલનપુર-અમદાવાદ હાઈવે પર ઈસબી પુરા પાટિયા નજીક એક ગમખ્વાર અકસ્માત સર્જાયો છે. રોડ સફાઈના કામ માટે જઈ રહેલા શ્રમિકોને લઈ જતી ટ્રેક્ટર-ટ્રોલીને એક જીપે પાછળથી ટક્કર મારતાં બે વ્યક્તિના મોત નિપજ્યા છે, જ્યારે અન્ય ચાર વ્યક્તિઓને ઈજાઓ પહોંચી છે. દુર્ઘટનામાં મૃત્યુ પામનારાઓમાં એક 8 વર્ષનું બાળક અને એક આધેડનો સમાવેશ થાય છે. આ શ્રમિકો રોડ સફાઈનું કામ કરવા માટે જઈ રહ્યા હતા ત્યારે આ કરુણ ઘટના બની હતી. બંને મૃતકોના મૃતદેહને પોસ્ટમોર્ટમ માટે પાલનપુર સિવિલ હોસ્પિટલ ખસેડવામાં આવ્યા છે. પાલનપુર તાલુકા પોલીસે ઘટનાસ્થળે પહોંચી અકસ્માત અંગે વિગતવાર તપાસ શરૂ કરી છે.

## ભરૂચના ઉમલ્લામાં શેરડી ભરેલી ટ્રક પલટી:નાયરા પેટ્રોલ પંપ પાસે અકસ્માત, ચાલકનો આબાદ બચાવ, રસ્તા પર ટ્રાફિક જામ



ભરૂચ | ભરૂચ જિલ્લાના ઝઘડિયા તાલુકામાં આજે એક મોટો અકસ્માત ટળ્યો હતો. ઉમલ્લા ગામ નજીક સરદાર પટેલ પ્રતિમાને જોડતા માર્ગ પર નાયરા પેટ્રોલ પંપ પાસે શેરડીથી ભરેલી ટ્રક પલટી મારી ગઈ હતી. અકસ્માત એટલો ભયાનક હતો કે આખી ટ્રક રોડ પર પડી ગઈ હતી, પરંતુ સદનસીબે ડ્રાઈવરનો આબાદ બચાવ થયો હતો.

પ્રાપ્ત માહિતી મુજબ, ટ્રક ઉમલ્લાથી સુગર ફેક્ટરી તરફ જઈ રહી હતી ત્યારે અચાનક ડ્રાઈવરે સ્ટીયરિંગ પરનો કાબૂ ગુમાવ્યો હતો. આ કારણે ટ્રક રોડની સાઈડમાં જઈને પલટી ખાઈ ગઈ હતી. અકસ્માતને કારણે ટ્રકમાં ભરેલી તમામ શેરડી રસ્તા પર વેરવિખેર થઈ ગઈ હતી, જેના કારણે મુખ્ય માર્ગ પર ટ્રાફિક જામની સ્થિતિ સર્જાઈ હતી. સ્થાનિક લોકોએ તાત્કાલિક પોલીસને જાણ કરી હતી અને ટ્રાફિક નિયમન માટેની કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી.

# વડોદરામાં પોલીસના પેટ્રોલિંગના દાવા પોક્કળ : સાંજ પડતાં જ અછોડા તોડ સક્રિય

(એજન્સી) વડોદરા | તા. 08

વડોદરા શહેરમાં છેલ્લાં કેટલાંય સમયથી ચેઈન સ્નેચિંગના બનાવોથી રાહત હતી. જોકે, સોનાના ભાવમાં તેજી આવતા જ અછોડા તોડ ફરી સક્રિય થયાં છે. ગત સમી સાંજે બે મહિલાઓના ગળામાંથી સોનાની ચેઈન અને મંગળસૂત્ર તોડી ગઠીયા ફરાર થતાં વારસીયા અને બાપોદ પોલીસ મથકોમાં ફરિયાદ નોંધાઈ છે.

પ્રથમ બનાવમાં શહેરના આજવા રોડ પર રહેતું દંપતી રાત્રિના સમયે જમ્યા બાદ ચાલવા માટે નીકળ્યું હતું. તેઓ એકતાનગર ચાર રસ્તાથી ફરીને પરત ઘરે આવી રહ્યું હતું, તે દરમિયાન બાઈક પર આવેલા ગઠિયાઓ દંપતી પૈકી મહિલાના ગળામાંથી સોનાનું મંગળસૂત્ર તોડી સરદાર એસ્ટેટ તરફ ભાગી ગયા હતા. બાપોદ પોલીસે મહિલાની ફરિયાદના આધારે બંને ગઠિયાઓને ઝડપી પાડવાના ચક્રો ગતિમાન કર્યા છે.

વડોદરા શહેરના આજવા રોડ ઉપર આવેલી ઓલિવાઈન રેસીડેન્સીમાં રહેતા ફાલ્ગુનીબેન તે પ્રદીપભાઈ પટેલે ફરીયાદ નોંધાવી છે કે, હું તથા મારા પતિ રાત્રીના જમ્યા બાદ મારા ઘરેથી રાત્રીના નવેક વાગ્યાના અરસામાં ચાલવા માટે નીકળ્યા હતા અને આજવા રોડ થઈને એકતાનગર ચાર રસ્તા સુધી ફરી પરત અમારા ઘર તરફ આવી રહ્યા હતા. તે વખતે રાત્રીના સવા નવેક વાગ્યાના સુમાર વિવેકાનંદ સોસાયટી નજીક આવેલ સુરપાણેસ્વર મહાદેવના મંદીર નજીક આવતા અમારી પાછળથી નંબર પ્લેટ વગરની મોટરસાયકલ પર પર બે ઈસમો આવ્યા હતા. બાઈક પર આવેલા શખ્સો પૈકી એકે મારા ગળામાં પહેરેલું 49 હજારનું સોનાનું મંગળસૂત્ર લૂંટી લીધું હતું. આ દરમિયાન મારા પતિએ બુમાબુમ કરવા છતાં બાઈક સવાર સરદાર એસ્ટેટ તરફ ભાગી ગયા હતા. યુવતીની ફરિયાદના આધારે બાપોદ પોલીસે મંગળસૂત્ર તોડી ભાગનાર બે ગઠિયાઓને ઝડપી પાડવાના ચક્રો ગતિમાન કર્યા છે.

## હાથમાં પિસ્તોલ રાખી પૂરઝડપે ગાડીઓ દોડાવી રોલા પાડ્યાં

કચ્છ (ભુજ ) | પૂર્વ કચ્છના આદિપુર શિણાય રોડ પર કેટલાક નબીરાઓએ હાથમાં પિસ્તોલ રાખી પૂરઝડપે ગાડીઓ દોડાવી હતી. રોડ પર ગાડી સાથે રોલા પાડી રહેલા કિશોરોનો વીડિયો સોશિયલ મીડિયા પર વાયરલ થયો છે. જે આ વીડિયોએ સ્થાનિક રહેવાસીઓમાં ભયનો માહોલ ઊભો કર્યો છે.

આદિપુર પોલીસ મથકના પીઆઈ ડિજી પટેલે પુષ્ટિ કરી છે કે, વીડિયો આદિપુર વિસ્તારનો છે અને તેમાં દેખાતા તમામ સગીર વયના છે. પોલીસે આ મામલાને અત્યંત ગંભીરતાથી લીધો છે અને વીડિયોમાં દેખાતા યુવકોની ઓળખ કરી લીધી છે.

પોલીસે જણાવ્યું કે, વીડિયો વાયરલ થતાં જ તેમણે કાયદેસરની કાર્યવાહી શરૂ કરી દીધી છે. આ પ્રકારની ગેરકાયદેસર અને જોખમી પ્રવૃત્તિઓ સામે કડક પગલાં લેવામાં આવશે. સોશિયલ મીડિયા પર લાઈક્સ અને વ્યૂઝ મેળવવાના ચક્કરમાં આવી ખતરનાક હરકતો કરનારા સામે યોગ્ય કાર્યવાહી કરવામાં આવશે.

મોરબીમાં સામસામી ફરિયાદોથી ચકચાર...

# પરિણીતાએ બે શખ્સ સામે દુષ્કર્મની ફરિયાદ કરી, 3 સામે બ્લેકમેલિંગનો આરોપ મૂક્યો...

(એજન્સી) મોરબી | તા.08

મોરબીમાં એક ચોંકાવનારો કિસ્સો સામે આવ્યો છે, જ્યાં સામસામી ફરિયાદો નોંધાઈ છે. મોરબી તાલુકા પોલીસ સ્ટેશનમાં એક પરિણીતાએ બે શખ્સ સામે સામૂહિક દુષ્કર્મની ફરિયાદ નોંધાવી છે. ફરિયાદ મુજબ, જયદીપ જેરામભાઇ ડાભી અને મિતેશભાઈ ભટ્ટે નવેમ્બર 2022થી માર્ચ 2024 દરમિયાન વાંકાનેર હાઈવે પર આવેલી હોટલમાં મહિલાને કોલ્ડ્રિંકમાં નશીલો પદાર્થ આપી બેભાન કરી દુષ્કર્મ આચર્યું હતું.

આરોપી જયદીપ ડાભીએ મહિલાના ફોટો અને વીડિયો સોશિયલ મીડિયામાં વાઈરલ કરવાની તેમજ તેની દીકરીને ઉપાડી જવાની ધમકી આપી બ્લેકમેલ કરતો હતો. બીજી તરફ, જયદીપ ડાભીએ મોરબી એ ડિવિઝન પોલીસ સ્ટેશનમાં પત્રકાર મેહુલ



ગઢવી, દિપકકુમાર વદર અને એક મહિલા સામે ફરિયાદ નોંધાવી છે. તેણે આરોપ મૂક્યો છે કે આ ત્રણેય વ્યક્તિએ તેને બળાત્કારના કેસમાં ફસાવી દેવાની ધમકી આપી 15 લાખ રૂપિયાની માગણી કરી હતી. પોલીસે બંને ફરિયાદોના આધારે કાર્યવાહી શરૂ કરી છે.

# ડોળાસા બાયપાસ બન્યો મોતનો સામાન:અધૂરું માટીકામ-અંધારાને કારણે અકસ્માતનું જોખમ, સ્થાનિકોમાં ભયનો માહોલ...

(એજન્સી) ગીર સોમનાથ | તા. 08

કોડિનાર તાલુકાના ડોળાસા ગામનો નવનિર્મિત બાયપાસ લોકો માટે જીવલેણ સાબિત થઈ રહ્યો છે. હાઈવે પ્રશાસનની ઘોર બેદરકારીને કારણે અધૂરા માટીકામ અને લાઈટની સુવિધાના અભાવે આ વિસ્તાર અકસ્માત ઝોન બની ગયો છે. કોડિનારથી આવતા બાયપાસના વળાંકમાં માટીનું કામ અધૂરું હોવાથી વાહનચાલકોને મોટા વળાંકમાંથી પસાર થવું પડે છે. રાત્રિના સમયે સ્ટ્રીટલાઈટના અભાવે પરિસ્થિતિ વધુ ભયાનક બને છે. બાયપાસથી ગામમાં પ્રવેશતા રસ્તા પર ઘોર અંધકાર છવાયેલો રહે છે, જ્યાં અનેક ખેડૂતોની જમીન આવેલી છે.



સૌથી વધુ મુશ્કેલીનો સામનો સાંજના સમયે પશુઓને દોહીને પરત ફરતા ખેડૂતો અને મહિલાઓને કરવો પડે છે. સ્થાનિક રહીશોની માગણી છે કે, બાયપાસના બંને છેડે ઊંચી લાઈટો મૂકવામાં આવે. આ સમસ્યાના સમાધાન માટે ડોળાસા ગ્રામ પંચાયતના સદસ્ય શૈલેષભાઈ મોરીએ ઉચ્ચ કક્ષાએ રજૂઆત કરી છે. હાઈવે પ્રશાસન પાસે જમીન સંપાદિત હોવા છતાં માટીકામ પૂર્ણ કરવામાં આવ્યું નથી. સ્થાનિકોએ ચેતવણી આપી છે કે, જો તાત્કાલિક પગલાં નહીં લેવાય તો મોટી જાનહાનિ થઈ શકે છે. નાના-મોટા અકસ્માતોની વણઝાર વચ્ચે પ્રશાસનની નિષ્ક્રિયતા ચિંતાજનક બની રહી છે.

ખાટલામાં સુતેલા 85 વર્ષીય મહિલા જાગી જતાં લાકડીના ફટકા મારી મોતને ઘાટ ઉતાર્યા

# ચોરીના ઈરાદે આવેલા શખ્સે વૃદ્ધાની કરી કરપીણ હત્યા કરી નાખી





ધંધુકા | ધોળકા તાલુકાના ચલોડા ખાતે 85 વર્ષીય વૃદ્ધાને મોતને ઘાટ ઉતારી દેવામાં આવ્યા હતા. સીમ વિસ્તારમાં આવેલા 360 ફાર્મ ખાતે આ કરપીણ હત્યાની ઘટના ઘટી હતી. તા.7ની મોડીરાત્રિના સમયે આરોપી ચોરીના ઈરાદે આવ્યો હતો, પરંતુ ઘરની બહાર ખાટલામાં સુતેલા વૃદ્ધા અચાનક અવાજ થતાં જાગી ગયા હતા. તેમણે ચોરને પડકાર કરતા જ ચોર વૃદ્ધા પર તૂટી પડ્યો હતો.

આરોપીએ વૃદ્ધાને ગંભીર ઈજાઓ પહોંચાડતાં તેમનું ઘટનાસ્થળે જ કરુણ મોત થયું હતું. આ હત્યાની ઘટના બાદ આજુબાજુના લોકો જાગી જતાં આ ઈસમને ઝડપી પાડ્યો હતો અને પોલીસને હવાલે કર્યો હતો.

મળતી માહિતી મુજબ, ધોળકાના ચલોડા ખાતે 85 વર્ષીય વૃદ્ધની કરપીણ હત્યાની ઘટના સામે આવી હતી. ચલોડાના સીમ વિસ્તારમાં આવેલા 360 ફાર્મહાઉસ ખાતે તા.7/2/25ની મોડીરાત્રિએ કાળુ ઠાકોર ચોરીના ઈરાદે ઘૂસ્યો હતો. જો કે, અવાજ થતાં ફાર્મહાઉસમાં ઘરની બહાર સુતેલા તખીબેન ઠાકોર જાગી ગયા હતા. તેમણે આ અજાણ્યા વ્યક્તિને પડકાર્યો હતો.

પકડાઈ જવાના ડરથી આરોપી લાકડી વડે વૃદ્ધા પર તૂટી પડ્યો હતો, જેમાં તખીબેનને ગંભીર ઈજા થતાં તેમનું પ્રાણ પંખેરું ઉડી ગયું હતું. ત્યાર બાદ ચોરે અન્ય એક મકાનની દીવાલને તોડવાનો પ્રયાસ કર્યો હતો. જે કે, તે સમયે અન્ય લોકો જાગી જતાં આ ઈસમને પકડી પાડ્યો હતો અને પોલીસને હવાલે કર્યો હતો.

ધોળકા ડીવાયએસપી પ્રકાશ પ્રજાપતિના જણાવ્યા મુજબ, મોડીરાત્રિના 3 વાગ્યા આસપાસ આરોપીએ ફાર્મહાઉસમાં જઈ બહાર સુતેલા વૃદ્ધા પર લાકડી વડે હુમલો કરી તેમની હત્યા કરી હતી. ત્યાર બાદ બાજુના મકાનની દીવાલ પર લાકડીના ઘા મારતાં અન્ય લોકો જાગી ગયા હતા અને આ ઈસમને ઝડપી પાડી પોલીસને હવાલે કર્યો હતો. હાલ પોલીસે સમગ્ર મામલે અગમ્ય કારણોસર ફાર્મ હાઉસ ખાતે વૃદ્ધા પર હીચકારો હુમલો કરી હત્યા નિપજાવવા સબબ ગુનો નોંધ્યો છે. આરોપીની વધુ પૂછપરછ પોલીસ કરી રહી છે.

34 લાખનાં મુદ્દામાલ સાથે ઝડપી લેવાયો

# ટ્રેઈલરોના ડ્રાઈવરોને રૂપિયાની લાલચ આપી સળિયા ચોરીની પ્રવૃત્તિ પકડાવાઈ

(એજન્સી) ગાંધીધામ । તા. 08

પૂર્વ કચ્છમાં નેશનલ હાઈવે પર પસાર થતા ભારે વાહનોના ડ્રાઈવરોને રૂપિયાની લાલચ આપી સળિયા ચોરવામાં આવતી હોવાની પ્રવૃ ત્તિનો પદાર્ફાશ થયો છે. ભચાઉ-- સામખિયાળી નેશનલ હાઈવે પર આવેલી હોટલ પર પોલીસે દરોડો પાડી ટ્રેઈલરોનાં ડ્રાઈવરોને રૂપિયાની લાલચ આપી સળિયા ચોરી કરતા હોટલનાં સંચાલકને ચોરી કરેલા ૧૯ લાખનાં લોખંડનાં સળીયા સાથે ઝડપી પાડયો હતો. જેમાં પોલીસે ટ્રેઈલર સહીત કુલ ૩૪ લાખનો મુદ્દામાલ કબ્જે કર્યો હતો. પ્રાપ્ત માહિતી અનુસાર પૂર્વ કચ્છ એલ. સી. બી ની ટીમને બાતમી મળી હતી કે, ભચાઉ - સામખિયાળી નેશનલ હાઈવે પર આવેલી આશિષ હોટલ પાછળ આરોપી સાવન ભરતભાઈ જોષી વાળો તેમના બે સાગરીતો જગદીશ ઉમેદરામ નાઈ અને મહેન્દ્રસિંહ સાથે મળી હોટલ પાછળ ખુલ્લી જગ્યામાં પાર્ક કરેલા ટ્રેઈલરોનાં ડ્રાઈવરોને રૂપિયાની લાલચ આપી તેમના ટ્રેઈલરમાંથી લોખંડનાં સળિયાની ચોરી કરી પોતાના કબ્જામાં રાખી તેનું ગેરકાયદે વેચાણ કરી રહ્યા છે. જે સચોટ બાતમી આધારે પોલીસે હોટલની પાછળ મેદાનમાં દરોડો પાડયો હતો. જે દરોડામાં પોલીસે આરોપી જગદીશને ચોરી કરેલા ૭૦૦ કી. ગ્રામ લોખંડનાં સળિયા અને ૩,૮૫૦૦ બિલ્ટી મુજબનાં લોખંડનાં સળિયા જેમની કુલ કિંમત રૂ. ૧૯,૦૦,૪૨૫નાં મુદ્દામાલ સાથે ઝડપી લીધો હતો.

# અલંગમાં છેલ્લા એક દાયકામાં જાન્યુઆરીમાં સૌથી ઓછા શિપ ચાલુ વર્ષ-2025 માં આવ્યા

## અલંગમાં માત્ર 10 શિપ બીચ થયા, 10 વર્ષમાં શિપની સંખ્યામાં 72 ટકાનો ઘટાડો

(એજન્સી) ભાવનગર । તા. 08

ગોહિલવાડની આર્થિક કરોડરજ્જૂ એવો અલંગનો શિપ રિસાયકલિંગ ઉદ્યોગ દિવસેને દિવસે નબળો પડી રહ્યો હોય તેવું આંકડાઓ પરથી ફલિત થઈ રહ્યું છે. વર્ષ-૨૦૨૫માં અલંગના વિકાસ અને શિપ રિસાયકલિંગ ઉદ્યોગના સુર્યોદયની વાતો તથા આશાવાદ વચ્ચે અલંગમાં ચાલુ વર્ષની શરૂઆત નબળી રહી છે. અલંગમાં છેલ્લા એક દાયકાના જાન્યુઆરી માસમાં આવતા શિપોની સંખ્યામાં ૭૨ ટકાનો ઘટાડો થયો છે. શિપ રિસાકલિંગ, રી-રોલિંગ મીલ, પ્લાસ્ટીક અને હીરા ઉદ્યોગ ભાવનગર જિલ્લાના મુખ્ય ઉદ્યોગો છે. આ ચારેય ઈન્ડસ્ટ્રીઝમાંથી જિલ્લાના લાખો લોકો પ્રત્યક્ષ કે પરોક્ષ રોજગારી મેળવે છે પરંતુ આ ચારેય ઉદ્યોગોમાં હાલ મંદીનો માહોલ પ્રવર્તેલો હોવાથી તેની સીધી અસર ભાવનગર જિલ્લાના અર્થતંત્ર પર દેખાઈ રહી છે. તેમાં પણ ભાવનગરની આર્થિક કરોડરજ્જૂ અલંગ શિપ રિસાયકલિંગ ઉદ્યોગ માટે વર્ષ-૨૦૨૫ની શરૂઆત ધીમી રહી છે. વર્ષ-૨૦૨૫ના



જાન્યુઆરી માસમાં અલંગમાં માત્ર ૧૦ શિપ બીચ થયાં છે. જે છેલ્લા એક દાયકમાં સૌથી ઓછા છે. વર્ષ-૨૦૧૬ના જાન્યુઆરી માસમાં અલંગમાં ૩૬ શિપ આખરી સફરે આવ્યા હતા. જેમાં છેલ્લા ૧૦ વર્ષ દરમિયાન ઘટાડો જોવા મળ્યો છે, વર્ષ-૨૦૧૬ના જાન્યુઆરી માસની સરખામણીએ ચાલુ વર્ષના જાન્યુઆરી માસ સુધીમાં અલંગમાં આવતા શિપની સંખ્યામાં ૭૨.૨૩ ટકાનો ઘટાડો થયો છે. અલંગમાં છેલ્લા એક દાયકાના જાન્યુઆરી માસમાં ચાલુ વર્ષ ૨૦૨૫ના જાન્યુઆરી માસમાં સૌથી ઓછા શિપ આવ્યા છે.

**અલંગમાં છેલ્લા 10 વર્ષના જાન્યુઆરી માસમાં આવેલા શિપ**

| વર્ષ | શીપ |
|---|---|
| ૨૦૧૬ | ૩૬ |
| ૨૦૧૭ | ૨૮ |
| ૨૦૧૮ | ૩૨ |
| ૨૦૧૯ | ૨૨ |
| ૨૦૨૦ | ૩૨ |
| ૨૦૨૧ | ૨૬ |
| ૨૦૨૨ | ૧૩ |
| ૨૦૨૩ | ૧૬ |
| ૨૦૨૪ | ૧૫ |
| ૨૦૨૫ | ૧૦ |
| કુલ | ૨૩૦ |

3 પરપ્રાંતીય મહિલાઓને મુક્ત કરાઈ

# ગાંધીધામમાં સ્પાની આડમાં ધમધમતા કુટણખાનાનો પર્દાફાશ, સંચાલક ઝડપાયો

(એજન્સી) ગાંધીધામ । તા. 08

પચરંગી સંકુલ ગાંધીધામમાં ફરી એક વાર સ્પાની આડમાં ધમધમતું કુટણખાનું ઝડપાયું છે. શહેરની કચ્છ કલા બિલ્ડીંગના પહેલા માળે આવેલ ધ કેપીટલ થાઈ સ્પામાં સ્થાનિક પોલીસ દ્વારા દરોડો પાડવામાં આવ્યો હતો. જ્યાં દેહવ્યાપાર કરતી પરપ્રાંતીય યુવતીઓને મુક્ત કરાવી સંચાલકની ધરપકડ કરાઈ છે. ગાંધીધામ એ ડિવિઝન પોલીસે આ દરોડો પાડયો હતો. પોલીસ સ્ટેશનેથી મળેલી વિગતો મુજબ કચ્છ કલા કોમ્પલેક્ષ બિલ્ડીંગમાં પહેલા માળે ધ કેપીટલ થાઈ સ્પામાં ગુરુવારે સાંજે દરોડો પાડવામાં આવ્યો હતો. આ સ્પામાં મહિલાઓ પાસે દેહવ્યાપારનો ધંધો કરાવાતો હતો. સ્પામાં આવતા ગ્રાહકોને મસાજની આડમાં મહિલાઓ સાથે શરીર સુખ માણવાની સવલતો પુરી પાડી કુટણખાનું ચલાવાતું હોવાનું દરોડા દરમિયાન બહાર આવતા કુલ ત્રણ પૂર્વ ભારતીય મહિલાઓને પોલીસે મુક્ત કરાવી હતી. સ્થળ પરથી મોબાઈલ સહિતનો મુદ્દામાલ કબજે કરવામાં આવ્યો હતો. આ સાથે મુળ રાજકોટના ગોંડલના અને હાલે મેઘપર કુંભારડીમાં રહેતા રાજવીર પ્રવીણભાઈ ગઢવીની ધરપકડ કરવામાં આવી છે. આગળની તપાસ હાથ ધરવામાં આવી છે. ગાંધીધામમાં છેલ્લા એકાદ વર્ષમાં એસ.પી.ને લોક સંવાદ સમયે જાહેરમાં સ્પા બંધ કરાવવા અંગે રજૂઆત કરવામાં આવતા લગભગ ૫-૬ જેટલા પોલીસે દરોડા પાડી દેહવ્યાપાર થતો હોવાનું જાહેર કર્યું હતું.

અગાઉ વર્ષ-2022 માં મહાપાલિકા સામેના કુલ 862 કેસ પેન્ડિંગ હતા

# ભાવનગર મનપા સામે કુલ 635 કેસ પેન્ડિગ, ત્રણ વર્ષમાં 227 કેસનો નિકાલ

(એજન્સી) ભાવનગર । તા. 08

સરકારી તંત્રની સામે કોઈને કોઈ કારણોસર અરજદારો દ્વારા કોર્ટમાં કેસ દાખલ કરવામાં આવતા હોય છે અને આ કેસના ચુકાદા તંત્રની તરફેણમાં આવે તે માટે પ્રયાસ કરવામાં આવતા હોય છે, આવુ જ કામ ભાવનગર મહાપાલિકાના લીગલ વિભાગ દ્વારા કરવામાં આવતુ હોય છે. મહાપાલિકા સામે જુદા જુદા કારણોસર ઘણા કેસ થયા છે, જેમાં કેટલાક કેસ ચાલી જતા મહાપાલિકાની તરફેણમાં ચુકાદા આવ્યા છે અને હજુ ઘણા કેસ પેન્ડિગ છે.

ભાવનગર મહાનગરપાલિકાના લીગલ વિભાગ હસ્તક નામદાર સુપ્રિમ કોર્ટ, નામદાર ગુજરાત હાઈકોર્ટ, નામદાર જીલ્લા/ સેશન્સ અદાલતો, નામદાર સીવીલ કોર્ટ, નામદાર કન્ઝયુમર કોર્ટ, નામદાર લેબર કોર્ટ, નામદાર ઔદ્યોગીક અદાલત વગેરે જેવી ન્યાયીક/ અર્ધન્યાયીક સત્તાઓ સમક્ષ ભાવનગર મહાનગરપાલિકાને સંલગ્ન કેસો અંગે બચાવ/ રજુઆતની કામગીરી કરવામાં આવે છે. જેમાં નામદાર જીલ્લા/ સેશન્સ અદાલત સમક્ષ બચાવ/રજુઆતની કામગીરી કરવા કુલ-૬ પેનલ એડવોકેટઓ તથા




નામદાર હાઈકોર્ટ સમક્ષ બચાવ/રજુઆતની કામગીરી કરવા કુલ-૧૨ પેનલ એડવોકેટઓની નિમણુંક કરવામાં આવેલ છે. નામદાર કોર્ટ સમક્ષના પેન્ડિંગ કેસોની લીગલ વિભાગ દ્વારા સતત સબંધિત વિભાગના સંપર્કમાં રહી એડવોકેટઓ સાથે સમીક્ષા કરવામાં આવે છે. જેના કારણે અગાઉ વર્ષ-૨૦૨૨ માં પેન્ડિગ કુલ-૮૬૨ કેસો પૈકી હાલ કુલ-૬૩૫ કેસો પેન્ડિગ રહેવા પામેલ છે એટલે કે પાછલા ત્રણ વર્ષોમાં પેન્ડિંગ કેસોમાં કુલ-૨૨૭ કેસોનો નોંધપાત્ર ઘટાડો થયેલ છે. મહાપાલિકા સામેના કુલ ૨૮ કેસનો નિકાલ થયો છે, જેમાં ૨૭ કેસમાં મહાપાલિકાની તરફેણમાં ચુકાદા આવ્યા છે તેમ ભાવનગર મહાપાલિકાના લીગલ ઓફિસરે માહિતી આપતા જણાવેલ છે.

# સરદાર પટેલ યુનિવર્સિટીના પદવીદાન સમારોહમાં કચ્છની નેન્સી બારમેડા ઝળકી



મહેશ એલ.સોની । નખત્રાણા

સરદાર પટેલ યુનિવર્સિટીમાં તા.૬/૨/૨૦૨૫ ના પદવીદાન સમારોહ યોજવામાં આવ્યો હતો. જેમાં કચ્છના માંડવી તાલુકાના નાનકડા એવા મમાયમોરા ગામની દીકરી નેન્સી જગદીશભાઈ સોની એ માસ્ટર ઓફ બોટની (botany) માં બે સુવર્ણચંદ્રકો પ્રાપ્ત કરીને પોતાની પ્રતિભા દર્શાવી કચ્છનો ડંકો વગાડ્યો હતો. નેન્સીને આ સિદ્ધિ બદલ ઠેર ઠેરથી અભિનંદન મળી રહ્યા છે.

અધિકારી બીલોમાં સહી કરતા ન હોવાથી વેપારીઓ માલ-સામાન આપતા નથી

# સિહોરમાં સ્ટ્રીટલાઈટ બંધ હોવાથી અંધકારના ઓળા, લોકોને મુશ્કેલી

સિહોર : સિહોર શહેરમાં નગરપાલિકા તંત્રના અંધેર વહીવટનો વધુ એક નમૂનો સામે આવ્યો છે. શહેરમાં ૩૦ ટકા જેટલી સ્ટ્રીટલાઈટો બંધ હોવાથી અંધકારના ઓળા ઉતર્યા છે. જેના કારણે રાત્રિના સમયે લોકોને પારાવાર મુશ્કેલીનો સામનો કરવો પડી રહ્યો છે. અસંખ્ય વખત ફરિયાદો કરવા છતાં પાલિકા તંત્રનું પેટનું પાણી હલતું ન હોય, સિહોરવાસીઓમાં રોષની લાગણી ફેલાઈ છે.છોટેકાશી તરીકે વિખ્યાત સિહોરના કેટલાક વિસ્તારોમાં ઘણાં સમયથી સ્ટ્રીટલાઈટો બંધ પડી છે. રોજેરોજ સ્ટ્રીટલાઈટ બંધ હોવાની અનેક ફરિયાદો કરવા ન.પા.ના અધિકારીઓ કાને વાત ધરતા નથી. શહેરીજનો ફરિયાદ કરવા જાય તો સ્ટ્રીટલાઈટનો માલ-સામાન હાજર સ્ટોકમાં ન હોવાથી સ્ટ્રીટલાઈટ બંધ હોવાનો ઉડાઉ જવાબ આપવામાં આવતો હોવાની રાવ ઉઠી છે. શહેરના કેટલાક વિસ્તારોમાં અંધકારના ઓળાના કારણે તસ્કરોને મોકળું મેદાન મળી ગયું છે અને ચોરીના બનાવોમાં ચિંતાજનક રીતે વધારો થયો છે.માલ-સામાનના અભાવે સ્ટ્રીટલાઈટો બંધ હોવાના કારણમાં એવું પણ લોકોમાં ચર્ચાઈ રહ્યું છે કે, ચીફ ઓફિસર દ્વારા બીલોમાં સહી કરવામાં આવતી ન



હોવાના કારણે નવી લાઈટ કે સર્કિટ મંગાવી શકાતી નથી. એકાદ બીલમાં સહી થાય તો તે બીલની રકમ ઉઘરાવવામાં વેપારીઓને પરસેવો છુટી જાય છે. જેના કારણે વેપારીઓ પણ માલ-સામાન આપવા તૈયા થતા નથી. આવી સ્થિતિમાં લોકો રોજેરોજ હાડમારી વેઠી રહ્યા હોય, ન.પા. તંત્ર દ્વારા સ્ટ્રીટલાઈટનો ઘટતો સામાન વહેલી તકે મંગાવી રોશની વિભાગને કામે લગાડી તમામ બંધ સ્ટ્રીટલાઈટને શરૂ કરી શહેરમાં અજવાળું કરવામાં આવે તેવી જનતામાં પ્રબળ માંગણી ઉઠી છે.

અંધશ્રદ્ધાની માન્યતા રાખી પાડોશી દ્વારા

# મહિલાને ડાકણ જેવા આક્ષેપ લગાવી હેરાનગતિ કરતા 181 અભયમ ટીમ મદદે .....

સુશીલ પવાર | ડાંગ

ડાંગ જિલ્લાનાં વઘઈ તાલુકાના એક ગામમાંથી પીડિત મહિલા દ્વારા 181 મહિલા હેલ્પલાઇનમાં કોલ કરીને પોતાની આપવીતી જણાવી હતી અને કહ્યુ હતું કે,તેમના પાડોશમાં રહેતા પરિવારમાં તેઓના જેઠ થાય છે, તેઓ દરરોજ દારૂ પીને આવી અપશબ્દો બોલતા હોય છે તેમજ ભૂતાડી, ડાકણ જેવા શબ્દો ઉચ્ચારતા હોય છે અને હેરાનગતિ કરતા હોય છે.જેની ગંભીરતાને ધ્યાને લઈ 181 અભયમ ટીમ મદદે પહોંચી હતી.181 અભયમ મહિલા હેલ્પલાઇન આહવા ટીમને કોલ મળતાની સાથે જ ટીમના કાઉન્સેલર નેહા મકવાણા, પ્રીતિબેન તેમજ પાયલોટ શૈલેષભાઈ સ્થળ પર પહોંચ્યા હતા.અને પીડિત મહિલા સાથે વાતચીત કરતા પીડિતા એ જણાવેલ કે,તેમના પાડોશી સગામાં તેઓનાં જેઠ થાય છે.જે આજ રોજ દારૂનું વ્યસન કરી ઘરે આવીને પીડિત મહિલા કે જેઓ પોતે વિધવા છે. તેમના સાસુ વિધવા છે. તેમના નાની સાસુ વિધવા છે. આમ ઘરમાં બધા જ વિધવા હોવાથી તેઓ પીડિત મહિલાના ઘરના સભ્યોને ભૂતાડી, ડાકણ વગેરે જેવા શબ્દો ઉચ્ચારીને હેરાન કરે છે.તેમજ નશો કરીને અપશબ્દો બોલે છે. અને મારપીટ કરવાની ધમકી આપે છે. અને આવી રીતે અવાર નવાર ઝઘડો કરતા હોવાથી 181 પર જાણ કરી મદદ માગેલ છે.ત્યારે 181 ટીમ દ્વારા તેમના પાડોશીનું અસરકારક કાઉન્સિલિંગ કરી કાયદાકીય માહિતી, માર્ગદર્શન આપ્યુ હતુ.તેમજ ઘરના સભ્યોનુ કુદરતી રીતે અવસાન થયેલ છે. જે કારણે તમે તેઓને અપશબ્દો કે અંધશ્રદ્ધાના કારણે પરિવારના જ સભ્યોને ડાકણ જેવા આક્ષેપ લગાવી હેરાનગતિ કરવી અથવા તેઓને મારપીટ કરવી એ ગુનો બને છે. તે વિશે સમજ આપી તેમના પાડોશીને તેમની ભૂલ સમજાવીને સગા સંબધીઓમાં તેઓને મતભેદ ન રહે તે રીતે બન્ને પક્ષોનું 181 ટીમ દ્વારા અસરકારક કાઉન્સિલિંગ કરી બંને પક્ષકારોને સમજાવી વડીલોની હાજરીમાં સુખદ સમાધાન કરાવ્યું હતુ.ત્યારે પીડિત મહિલાએ 181 અભયમ ટીમનો આભાર વ્યક્ત કર્યો હતો.અને તેમની કામગીરીને બિરદાવી હતી..

ગુજરાતમાં થેલેસેમિયા દર્દીઓને યોગ્ય સારવાર આપવાના વિઝન સાથે

# DKMS ફાઉન્ડેશન ઈન્ડિયા દ્વારા અમદાવાદમાં 10-બેડના BMT યુનિટનું ઉદ્ઘાટન

(એજન્સી) અમદાવાદ । તા. 08

ગુજરાતમાં થેલેસેમિયા દર્દીઓને યોગ્ય સારવાર આપવાના વિઝન સાથે, DKMS ફાઉન્ડેશન ઈન્ડિયા દ્વારા આજે અમદાવાદમાં નવા બોન મેરો ટ્રાન્સપ્લાન્ટ (BMT) યુનિટનું ઉદ્ઘાટન કરવામાં આવ્યું છે. ગુજરાત રાજ્યમાં સ્ટેમ સેલ ટ્રાન્સપ્લાન્ટેશનની જરૂરિયાત સતત વધી રહી છે અને તે જરૂરિયાત પૂર્ણ કરવા માટે, આ નવા કેન્દ્રમાં વિશિષ્ટ બાળરોગ 10 BMT બેડ, આવશ્યક એફેરેસીસ સંભાળ સુવિધાઓ અને આઉટપેશન્ટ સેન્ટર પણ છે. આ કેન્દ્રમાં 4 ડોક્ટરો અને 14 નર્સો સહિત 26થી વધુ વ્યાવસાયિકો સેવા આપે છે જે દર્દીઓને શક્ય શ્રેષ્ઠ સંભાળ આપશે. આ નવા યુનિટનું સંચાલન, અમદાવાદની હેલ્થ1 સુપર સ્પેશિયાલિટી હોસ્પિટલના પરિસરમાં Cure2Childrenની તબીબી સલાહ સહાય સાથે બિન-લાભકારી સંસ્થા સંકલ્પ ઈન્ડિયા ફાઉન્ડેશન દ્વારા કરવામાં આવે છે. ભારતના લોકો સામે



ગંભીર આરોગ્યસંભાળ પડકારો હોય છે: દર વર્ષે 12,000થી વધુ બાળકોને જન્મ સાથે થેલેસેમિયા રોગ હોય છે, જે વારસાગત રક્ત વિકૃતિ છે જેના લીધે ગંભીર એનિમિયા થાય છે. આવા બાળકોને ઘણીવાર આજીવન રક્તદાનની જરૂરિયાત હોય છે, અને જો તેઓને યોગ્ય સારવાર આપવામાં ન આવે તો, તે પૈકી ઘણા બાળકો 20 વર્ષથી વધુ સમય સુધી જીવિત રહેતા નથી. તેમના માટે એકમાત્ર ઉપચાર બોન મેરો ટ્રાન્સપ્લાન્ટેશન વિકલ્પ છે, પરંતુ નાણાકીય અને લોજિસ્ટિકલ અવરોધોને કારણે અનેક લોકો માટે તેની એક્સેસ મર્યાદિત હોય છે. આ સારવારને વિસ્તૃત કરવા માટે, DKMS એ તેના એક્સેસ ટુ ટ્રાન્સપ્લાન્ટેશન પ્રોગ્રામ દ્વારા નવા BMT યુનિટને ભંડોળ આપવા માટે 31.15 મિલિયન ભારતીય રૂપિયા (આશરે 350,000 યુરો)ની સહાય માટે પ્રતિબદ્ધતા વ્યક્ત કરી છે. DKMSના ગ્લોબલ CEO ડૉ. એલ્કે ન્યુજાહરે કહ્યું કે, 'અમદાવાદમાં BMT યુનિટને ભંડોળ આપીને, અમે જીવનરક્ષક સંભાળ તમારા નજીકના વિસ્તારમાં લઈ આવ્યા છીએ, આ રોગની સારવારમાં આવતા અવરોધો ઓછા કરવા અને એવા પરિવારોને સમર્થન આપવાનો પ્રયાસ કરી રહ્યા છીએ જેમને સારવાર લેવા માટે લાંબા અંતરની મુસાફરી કરવી પડે છે. અમારું સ્વપ્ન ભારતમાં થેલેસેમિયાથી પીડિત દરેક બાળકને નવજીવન આપવાનું છે - અને તેમનું સ્મિત પરત લાવવા, તેમની વૃદ્ધિ સાથે તેઓના સારા ભવિષ્યને સ્વીકારવાની એક તક આપવા ઈચ્છીએ છીએ'. સંકલ્પ ઈન્ડિયા ફાઉન્ડેશનના પ્રમુખ રજત કુમાર અગ્રવાલે કહ્યું કે, '2018થી DKMS સાથેના અમારા સહયોગથી ભારતમાં 570થી વધુ બાળકોના જીવનમાં પરિવર્તન આવ્યું છે, અમદાવાદમાં આ નવા અને વિસ્તૃત યુનિટમાં દર વર્ષે 120 બાળકોની સારવાર કરવી શક્ય છે, અને તેનાથી વધુ સંખ્યામાં બાળકોના જીવન બચાવી શકાય છે અને તેઓ સુખી જીવન ફરીથી જીવી શકે છે.

# બારીપાડા ચીખલી નજીક આઈસર ટેમ્પો ઝાડ સાથે ભટકાતા અચાનક શોર્ટ સર્કિટને કારણે આગ ભભૂકી ઉઠતા અફરા તફરીનો માહોલ



સુશીલ પવાર | ડાંગ

પ્રાપ્ત વિગતો અનુસાર આજરોજ મહારાષ્ટ્રનાં નાસિક તરફથી માલ સામાનનો જથ્થો ખાલી કરી પરત સુરત તરફ જઈ રહેલ આઈસર ટેમ્પો.ન.જી. જે.05.એ.વી.6840 જે સાપુતારાથી વઘઈને જોડતા આંતર રાજ્ય ધોરીમાર્ગનાં બારીપાડા ચીખલી નજીક ચાલક દ્વારા અચાનક સ્ટેયરીંગ પરથી કાબુ ગુમાવી દેતા આ આઈસર ટેમ્પો માર્ગની સાઈડમાં આવેલ ઝાડ સાથે ધડાકાભેર અથડાયો હતો.અહી આઈસર ટેમ્પો ઝાડ સાથે અથડાતા શોર્ટ સર્કિટનાં પગલે આગ ભભૂકી ઉઠતા અફરા તફરીનો માહોલ સર્જાયો હતો. જોકે આ બનાવની જાણ સાપુતારા નોટીફાઈડ એરીયા કચેરીનાં નાયબ મામલતદાર પ્રવીણસિંહ પરમારને થતા તેઓ તથા નોટીફાઈડ વિભાગનાં કર્મીઓ સાથે ફાયર સેફટીનાં સાધનો લઈ ઘટના સ્થળે દોડી ગયા હતા.અહી સ્થળ પર સાપુતારા નોટીફાઈડ એરીયા કચેરીનાં નાયબ મામલતદાર પ્રવીણસિંહ પરમારની ટીમે ટેમ્પામાં લાગેલ આગ પર કાબુ મેળવી લેતા સૌ કોઈએ હાશકારો અનુભવ્યો હતો.આ અકસ્માતનાં બનાવમાં ચાલકનો ચમત્કારિક બચાવ થયેલ છે.જ્યારે આઈસર ટેમ્પો મહદ અંશે બળી જતા જંગી નુકસાન થયુ હતુ.




**દિલ્હી વિધાનસભાની ચૂંટણી યોજાઈ હતી.જેનુ પરિણામ જાહેર થતા ભારતીય જનતા પાર્ટીની ભવ્ય જીત થઈ છે.જેને લઈને અરવલ્લી જિલ્લાના ધનસુરા ભાજપાના પ્રમુખ. હોદ્દેદારો. આગેવાનો,કાર્યકરોએ ચારરસ્તા ફટાકડા ફોડી વિજયોત્સવ મનાવ્યો હતો.**

# સંખેડા તાલુકાના હાંડોદ જગદંબા જીન ખાતે ખેડૂતને થાંભલે બાંધ્યાની ઘટનાને ધ્યાને લઈ બજાર સમિતિના ગ્રાઉન્ડમાં ખેડૂતના વહારે ડેડીયાપાડાના ધારાસભ્ય ચૈતર વસાવા આવ્યા





કમલેશ પટેલ | સંખેડા

આજરોજ સંખેડા તાલુકાના હાંડોદ બજાર સમિતિ ના ગ્રાઉન્ડમાં ખેડૂત વાહરે ડેડીયાપાડા ના ધારાસભ્ય ચૈતર વસાવા આવ્યા હતા.જેમાં જે ગઈકાલે હાંડોદ જગદંબા જીનમાં જે બે ખેડૂતોને થાંભલે બાંધી જે માર મારવામાં આવ્યો હતો તેને લઈને ચૈતર વસાવા એ ખેડૂતો સાથે મીટીંગ કરી જે ખેડૂતને અન્યાય થયો છે તેની સામે લડવા માટે તેમજ ન્યાય મેળવવા માટે અપીલ કરી હતી અને આ જે બનાવ બન્યો છે એ બનાવ બીજી વાર ના બને તે માટે આકરૂ વલણ અપનાવ્યું હતું અને ત્યારબાદ મોટી સંખ્યામાં ખેડૂતો સાથે સંખેડા પોલીસ સ્ટેશન માં સી.પી. આઈ સાહેબને રજૂઆત કરી હતી કે જે કેસ દાખલ કરવાનો છે તે કર્યો નથી જેથી કાયદાકીય રીતે જે કલમો લાગતી હોય તે લગાવો અને આરોપીને વહેલામાં વહેલી સજા કરો જો આ પાંચ દિવસની અંદર કોઈ ન્યાય નહીં મળે તો અમે જગદંબા જીનના ગેટ પાસે બેસી ઉગ્ર આંદોલન કરીશું એવી ચીમકી ઉચ્ચારી હતી.

# આપનો આજનો દિવસ

**મેષ (અ,લ,ઇ)**
આપવાનો તમારો સ્વભાવ છૂપા આશીર્વાદ સમાન સાબિત થશે કેમ કે શંકા, નાહિંમત થવું, શ્રદ્ધાનો અભાવ,લાલચ, જોડાણ,અહંકાર તથા ઈર્ષા જેવા દુર્ગુણોથી તમને મુક્ત કરશે. આજ ના દિવસે તમે ધન સંબંધી સમસ્યા ને કારણે પરેશાન રહી શકો છો.

**વૃષભ (બ,વ,ઉ)**
તમને વધુ સારા બનાવતા તમારી સુધારણાને લગતા પ્રૉજેક્ટ્સમાં શક્તિ લગાડો. ઝડપથી નાણાં કમાઈ લેવાની ઈચ્છા તમે ધરાવશો. તમે તમારી મોહિની તથા તમારૂં બુદ્ધિચાતુર્ય વાપરશો તો તમે લોકો પાસેથી ધાર્યું કામ કઢાવી શકશો.

**મિથુન (ક,છ,ઘ)**
શારીરિક તથા માનસિક રીતે તમે તમારી જાતને આજે થાકેલા મહેસૂસ કરશો-થોડો આરમ તથા પોષ્ય આહાર તમારી ઉર્જાનું સ્તર ઉપર લાવવામાં ખૂબ જ મદદ કરશે. આખા દિવસ માં ભલે તમે ધન માટે સંઘર્ષ કર્યા હોય પરંતુ સાંજ ની સમયે તમને ધન લાભ થયી શકે છે.

**કર્ક (ડ,હ)**
જાતે જ પોતાની દવા કરવી એ બાબત ડ્રગ ડિપેન્ડન્સીનું કારણ બની શકે છે. કોઈપણ દવા લેવા પૂર્વે ફિઝિશિયનની સલાહ લો અન્યથા ડ્રગ ડિપેન્ડ્ન્સીની શક્યતા ખાસ્સી વધારે છે. જે લોકોએ જમીન ખરીદી હતી અને હવે તેને વેચવા માંગે છે તે લોકો ને કોઈ સારો ખરીદદાર આજે મળી શકે છે.

**સિંહ (મ,ટ)**
આજે તમારામાં ઊર્જાની વિપુલતા હશો-પણ કામનું દબાણ બેચેન કરી નાખે એવું જણાય છે. આર્થિક સંકળામણથી બચવા માટે તમારા બજેટને વળગી રહો. પત્ની સાથે ઝઘડો માનસિત તાણ ભણી દોરી જઈ શકે છે. બિનજરૂરી તાણ લેવાની જરૂર નથી.

**કન્યા (પ,ઠ,ણ)**
પારિવારિક સમસ્યાઓ તમારી પત્ની સાથે શૅર કરજો. એકમેક સાથે થોડોક સમય વિતાવજો જેથી તમે શોધી શકો અને તમારી જાતને ફરી ફરી યાદ દેવડાવી શકો કે તમે પ્રેમાળ દંપત્તિ છો. તમારા સંતાનો પણ ઘરમાં ખુશી, શાંતિ તથા સંવાદિતાના સ્પંદનો ઝીલી શકશે.

**તુલા (ર,ત)**
સ્વસ્થ રહેવા માટે તમારા ખોરાક પર અંકુશ રાખો તથા વ્યાયામ કરો. તમે પ્રવાસ કરવાના તથા ખર્ચ કરવાના મૂડમાં હશો-પણ તમે જો એવું કરસો તો તમે પછીથી દિલગીરી અનુભવશો. પારિવારિક મોરચો તકલીફદાયક બની શકે છે.

**વૃશ્ચિક (ન,ય)**
તમારી અંદર આજે ઉર્જા જોઈ શકાય છે. તમારું આરોગ્ય સંપૂર્ણપણે તમારો સાથ આપશો તમારું ધન તમારા કામ માં ત્યારેજ આવી શકે છે જ્યારે તમે પોતાની ફિજૂલખર્ચી બંધ કરો. આ વાત તમને આજે સારી રીતે સમજ માં આવી શકે છે.

**ધન (ભ,ધ,ફ)**
એવો દિવસ જ્યારે તમે આરામ કરી શકશો. તમારા શરીરને તેલથી માલિશ કરો અને તમારા સ્નાયુઓને આરામ આપો. આજે તમારા હાથ માં ધન નહિ ટકે, ધન સંચય કરવા માં આજે તમને ઘણી બધી તકલીફો નો સામનો કરવો પડશે.

**મકર (ખ,જ)**
તમારા આત્મવિશ્વાસ અને ઊર્જાનું સ્તર ઊંચું રહેશે. વિદેશ માં પડેલી તમારી ભૂમિ આજ ના દિવસે સારી કિંમત માં વેચાઈ શકે છે જેના વડે તમને લાભ પણ થશે. પ્રેમ-સાથ સહવાસ તથા બંધનમાં વધારો થશે.

**કુંભ (ગ,શ,સ)**
તમારે ફાજલ સમય તમારા શોખ પોષવા માટે અથવા જે પ્રવૃત્તિઓ કરવી તમને સૌથી વધુ ગમે છે તે કરવામાં ફાળવવો જોઈએ. જીવન સાથી ની ખરાબ તબિયત ને લીધે તમારું ધન ખર્ચ થયી શકે છે પરંતુ આ વાત ને લયીને ચિંતિત થવા ની જરૂર નથી.

**મીન (દ,ચ,ઝ,થ)**
મિત્ર તરફથી પ્રસંશાના ખાસ શબ્દો તમારી ખુશીનું સબબ બનશે. આવું થવાનું કારણ એ કે તમે તમારા જીવનને વૃક્ષ જેવું બનાવ્યું છે-જે અન્યોને છાંયડો આપે છે અને પોતે તડકામાં ઊભા રહી સૂરજનો તાપ સહે છે. એક નવો આર્થિક સોદો પાર પડશે અને નાણાંનો નવો ધોધ વહેતો થશે.

## હાલની વૈશ્વિક આર્થિક અનિશ્ચિતતા ભારત માટે ચિંતાનો મોટો વિષય

# સાત ટકાથી વધુનો આર્થિક વિકાસ દર હાંસલ કરવા ભારત સક્ષમ: આરબીઆઈ ગવર્નર

(એજન્સી) મુંબઈ | તા.08

સાત ટકાથી વધુનો આર્થિક વિકાસ દર હાંસલ કરવા માટે ભારત સક્ષમ છે અને દેશના લોકોએ આ માટે આશા પણ રાખવી જોઈએ એમ રિઝર્વ બેન્કના ગવર્નર સંજય મલ્હોત્રાએ જણાવ્યું હતું. વર્તમાન નાણાં વર્ષ માટે નાણાં નીતિની અંતિમ દ્વીમાસિક સમીક્ષા બેઠકના અંતે રિઝર્વ બેન્કે આગામી નાણાં વર્ષ માટે દેશનો આર્થિક વિકાસ દર ૬.૭૦ ટકા અને વર્તમાન નાણાં વર્ષ માટે ૬.૪૦ ટકા રહેવાનો અંદાજ મૂકયો છે. જો કે હાલની વૈશ્વિક અનિશ્ચિતતાને ચિંતાના વિષય તરીકે ગણાવી હતી. મને મારા શબ્દો



પકડી રાખવાનું ગમશે અને ભારત સાત ટકા અને તેથી ઊંચો આર્થિક વિકાસ દર સાધી શકે છે. આપણે તે માટે આશા રાખવી જ જોઈએ, એમ નાણાં નીતિની સમીક્ષા બેઠક બાદ પત્રકારો સાથેની વાતચીતમાં પુછાયેલા એક પ્રશ્નના ઉત્તરમાં ગવર્નરે જણાવ્યું હતું.

નાણાં પ્રધાન નિર્મલા સીતારામન દ્વારા રજૂ કરાયેલી બજેટ દરખાસ્તો પર બોલતા તેમણે કહ્યું હતું કે, આવકવેરામાં અપાયેલી રાહતથી ફુગાવો નહીં વધે પરંતુ વિકાસને ટેકો મળશે. આગામી નાણાં વર્ષ માટેનું બજેટ વિકાસ તથા ફુગાવા બન્ને દ્રષ્ટિકોણથી શ્રેષ્ઠ હોવાનું તેમણે ઉમેર્યું હતું. બજેટમાં કૃષિ ક્ષેત્ર પર અપાયેલા ભારથી કઠોળ, તેલીબિયાં તથા અન્ય અનાજનું ઉત્પાદન વધશે જેને પરિણામે ખાધ્ય પદાર્થોનો ફુગાવો નીચો રહેશે. ભારતીય ચલણ રૂપિયા સંદર્ભમાં તેમણે જણાવ્યું હતું કે, વિનિમય દરની નીતિ અનેક વર્ષોથી સાતત્ય રહી છે અને રુપિયા સંદર્ભમાં રિઝર્વ બેન્ક કોઈ ચોક્કસ સ્તરનો ટાર્ગેટ રાખતી નથી. રૂપિયાની દૈનિક વધઘટને ધ્યાનમાં લેવાવી ન જોઈએ, પરંતુ લાંબા ગાળાના વિનિમય દર પર ધ્યાન કેન્દ્રીત કરવું જોઈએ એમ પણ ગવર્નરે વધુમાં જણાવ્યું હતું. વૈશ્વિક અનિશ્ચિતતા સૌથી મોટી ચિંતા છે. તેને કારણે વિકાસ, ઈન્વેસ્ટમેન્ટ નિર્ણય તથા વપરાશ પર સીધી અસર થાય છે.

## ડિજિટલ એરેસ્ટ સામે RBIના પગલાં bank.in અને fin.in ડોમેન

(એજન્સી) મુંબઈ | તા.08

રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયાએ ફેબ્રુઆરી, ૨૦૨૫ની એમપીસી મીટિંગમાં ડિજિટલ છેતરપિંડીના વધતા કિસ્સાઓ અંગે ફરી ચિંતા વ્યક્ત કરી છે. ઓનલાઈન બેંકિંગ અને ડિજિટલ વ્યવહારોમાં વધારા સાથે સાયબર છેતરપિંડીના કિસ્સાઓ પણ વધી રહ્યા છે, જેને રોકવા માટે નક્કર પગલાં લેવાની જરૂર છે. આ દિશામાં દેશભરની ફાઈનાન્શિયલ સંસ્થાઓ માટે એક અલગ જ ડોમેન શરૂ કરવાની જાહેરાત કરવામાં આવી છે.ભારતમાં એપ્રિલ, ૨૦૨૫થી બેંકો માટે બેંક ડોટ ઈન ડોમેન શરૂ કરવામાં આવશે. ગ્રાહકોને સુરક્ષિત ડિજિટલ બેંકિંગ સેવાઓ સુનિશ્ચિત કરાવવા અને નકલી વેબસાઈટ્સથી સુરક્ષિત રાખવા આ ડોમેન ફક્ત અધિકૃત બેંકો માટે જ ઉપલબ્ધ રહેશે. બેંકોના રજિસ્ટ્રેશન અને સમગ્ર ચકાસણી



પ્રક્રિયામાંથી પસાર થયા બાદ બેંકોને આ ડોમેન આરબીઆઈ જ આપી શકશે. રિઝર્વ બેંક એપ્રિલ, ૨૦૨૫થી બેંકિંગ સેવાઓ આપતી સંસ્થા માટે બેંક ડોટ ઈન તો જ્યારે નોન-બેંકિંગ નાણાંકીય સંસ્થાઓ માટે ફિન ડોટ ઈન ડોમેન આપવાની શરૂઆત કરશે અને દરેક બેંકે આ ડોમેન પર શિફ્ટ થવું ફરજિયાત કરાશે જેથી દેશભરમાં બેંકોના રૂટ થકી થતા ફાઈનાન્શિયલ ફ્રોડને અટકાવી શકાય.



## દિગ્ગજ કંપની વિરુદ્ધ EDની મોટી કાર્યવાહી

### 26 લક્ઝરી કારો, 73 બેંક એકાઉન્ટની રકમ કરી જપ્ત

એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટ (ED)એ મની લોન્ડ્રિંગ મામલે દિગ્ગજ કંપની વિરુદ્ધ મોટી કાર્યવાહી કરી છે. EDએ વ્યુનો માર્કેટિંગ સર્વિસિસ લિમિટેડ (Vuenow Marketing Services Ltd) અને કંપની સાથે સંકળાયેલા લોકો પર ગઈકાલે (6 ફેબ્રુઆરી)એ સકંજો કસ્યો છે અને 26 લક્ઝરી કારો અને 73 બેંક એકાઉન્ટમાં જમા રકમ ટાંચમાં લીધી છે. EDએ કુલ 178.12 કરોડ રૂપિયાની સંપત્તિ અસ્થાયી રૂપે એટેચ કરી છે. આ કાર્યવાહી પ્રિવેન્શન ઓફ મની લોન્ડરિંગ એક્ટ (PMLA), 2002 હેઠળ કરવામાં આવી છે.

### અન્ય લોકોના નામે સંપત્તિ, બેંક બેલેન્સ

EDએ કાર્યવાહી કરી 6 અચલ સંપત્તિઓ, 73 બેંક ખાતાઓની જમા રાશી અને 26 લક્ઝરી કારો જપ્ત કરી છે. આ સંપત્તિઓ અને બેંક બેલેન્સ કંપની અને કંપની સાથે સંકળાયેલા અન્ય લોકોના નામે હતા. વાસ્તવમાં કંપની વિરુદ્ધ નાણાંકીય અનિયમિતતાઓ અને મની લોન્ડ્રિંગનો આરોપ લાગ્યો છે. કંપનીએ ગેરકાયદે રીતે ધન એકત્ર કર્યું હોવાનો તેમજ અનેક ખાતામાં ટ્રાન્સફર કર્યા હોવાની આશંકા છે.




### EDએ અગાઉ પણ આવી કાર્યવાહી કરી હતી

એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટ અગાઉ પણ મની લોન્ડ્રિંગ સંબંધીત કાર્યવાહી કરી ચુકી છે, જેમાં અનેક હાઈ-પ્રોફાઈલ કંપનીઓ અને વ્યક્તિઓ વિરુદ્ધ સંપત્તિઓ ટાંચમાં લઈ ચુકી છે. ગત વર્ષે અનેક વ્યવસાય જૂથો અને રાજકીય હસ્તિઓની હજારો કરોડ સંપત્તિઓ જપ્ત કરી હતી.

### ટાંચમાં લીધેલ એકાઉન્ટોની તપાસ

ઈડીએ આ મામલે વધુ તપાસ શરૂ કરી દીધી છે અને ટૂંક સમયમાં અન્ય સંપત્તિઓ અને સંબંધીત વ્યક્તિઓ વિરુદ્ધ કાર્યવાહી કરી શકે છે. જે ખાતાઓ ટાંચમાં લેવાયા છે, તેમાંથી થયેલી લેવડ-દેવડની ઊંડાણ પૂર્વ તપાસ કરવામાં આવી રહી છે. સરકાર અને ઈડી દ્વારા કાળું નાણું અને મની લોન્ડ્રિંગ વિરુદ્ધ કડક પગલા ભરવામાં આવી રહ્યા છે.

## એમેઝોન અને ડીજીએફટીએ ભારતથી ઇ-કોમર્સની નિકાસો વધારવા માટે તેમનો સહયોગ વિસ્તાર્યો

(એજન્સી) નવી દિલ્હી | તા.08

એમેઝોન અને ડિરેક્ટર જનરલ ઓફ ફોરેન ટ્રેડ (ડીજીએફટી)એ ભારતથી ઈ-કોમર્સ નિકાસોને વેગ આપવા માટે પોતાના સહયોગને વિસ્તારવાની આજે જાહેરાત કરી હતી. આ સહયોગ નવેમ્બર, 2023માં થયેલા તેમના પ્રારંભિક એમઓયુ પર બનેલો છે જેનો ઉદ્દેશ એમએસએમઈ (માઈક્રો, સ્મોલ એન્ડ મીડિયમ એન્ટરપ્રાઈઝીસ) નિકાસોને વેગ આપવા માટે સરકારની ડિસ્ટ્રીક્ટ્સ એઝ એક્સપોર્ટ હબ પહેલનો લાભ લેવાનો છે. આ રિન્યૂ થયેલા જોડાણ હેઠળ ઈ-કોમર્સ નિકાસોમાં સફળતા માટે જરૂરી કુશળતાઓ અને સંસાધનો સાથે ભારતભરતના એમએસએમઈને સશક્ત બનાવવા પર ધ્યાન અપાશે. આ એમઓયુ શ્રી સંતોષ સારંગી (ડીજીએફટીના ડિરેક્ટર જનરલ અને અધિક સચિવ), ચેતન કૃષ્ણાસ્વામી (એમેઝોનના પબ્લિક પોલિસીના વાઈસ પ્રેસિડેન્ટ) અને ભૂપેન વાકંકર (એમેઝોન ઈન્ડિયાના ડિરેક્ટર ગ્લોબલ ટ્રેડ)ની ઉપસ્થિતિમાં રિન્યૂ કરવામાં આવ્યો હતો. આ વિસ્તારાયેલા સહયોગમાં ભારતની ઈ-કોમર્સ એક્સપોર્ટ ઈકોસિસ્ટમને વેગ આપવા માટે અનેક નવી પહેલ રજૂ કરાઈ છે. તેમાં 47 જિલ્લામાં વિશેષ ટ્રેનિંગ સેશન્સ, ડીજીએફટીની ટ્રેડ કનેક્ટ પોર્ટલમાં એમેઝોનના એક્સપોર્ટ નેવિગેશન ટૂલના ઈન્ટિગ્રેશન અને એમએસએમઈ માટે લોકલ ઓફલાઈન નેટવર્ક તરીકે એક્સપોર્ટ કમ્યૂનિટીઝની સ્થાપનાનો સમાવેશ થાય છે. આ સહયોગ પ્રોડક્ટ સિલેક્શનને વિસ્તારવા અને નિકાસની કામગીરીને વધારવા માટે એમએસએમઈને માર્ગદર્શન પૂરું પાડવા માટે વિવિધ ઈવેન્ટ ફોર્મેટ્સનો લાભ લેશે. ડીજીએફટીની સ્થાનિક નિપુણતા સાથે એમેઝોનની ઈ-કોમર્સ નિકાસોમાં રહેલી નિપુણતા તથા વૈશ્વિક પહોંચને એક કરીને આ પહેલનો ઉદ્દેશ આંતરરાષ્ટ્રીય બજારોમાં ભારતીય વેચાણકર્તાઓ માટે નવી તકો ઊભી કરવાનો છે જે નિકાસોને વેગ આપવા તથા સ્થાનિક વ્યવસાયોને ટેકો આપવા માટેના સરકારના વિઝન સાથે સંલગ્ન છે. જોડાણના પહેલા વર્ષમાં ડીજીએફટી અને એમેઝોને ભારતના 20 જિલ્લાઓમાં શ્રેણીબદ્ધ ઈ-કોમર્સ એક્સપોર્ટ પ્રમોશન ઈવેન્ટ્સ યોજી હતી. ડિસેમ્બર 2023થી ડિસેમ્બર 2024 વચ્ચે યોજાયેલી આ ઈવેન્ટ્સમાં એમેઝોનના પ્રતિનિધિઓએ ઈ-કોમર્સ એક્સપોર્ટ અને એમેઝોન ગ્લોબલ માર્કેટપ્લેસીસ પર વેચાણની પ્રક્રિયા અંગે 3,000થી વધુ એમએસએમઈને માર્ગદર્શન પૂરું પાડ્યું હતું. સહભાગીઓને સ્થળ પર જ મદદ મળી હતી અને ત્યાં જ તેમના પ્રશ્નોનું સમાધાન પૂરું પાડવામાં આવ્યું હતું. આ ઈવેન્ટ્સને પગલે એમેઝોને રસ ધરાવતા વેચાણકર્તાઓને ટેકો ઓફર કર્યો હતો, તેમને ઓનબોર્ડિંગ પ્રોસેસમાં મદદ કરી હતી અને જરૂરી ડોક્યુમેન્ટ્સ મેળવવા, અનુપાલનની જરૂરિયાતો પૂરી કરવા, લિસ્ટિંગ કરવા તેમજ એડવર્ટાઈઝિંગ સપોર્ટ મેળવવામાં મદદ કરવા વિશ્વસનીય થર્ડ-પાર્ટી સર્વિસ પ્રોવાઈડર્સ સાથે જોડાણ કરાવ્યું હતું, ભારત સરકારના વાણિજ્ય મંત્રાલયના ડીજીએફટીના ડિરેક્ટર જનરલ અને અધિક સચિવ શ્રી સંતોષ સારંગીએ જણાવ્યું હતું કે "એમેઝોન સાથેનો અમારો સતત સહયોગ એ દરેક જિલ્લાને એક્સપોર્ટ હબ બનાવવાના વિઝનને સાકાર કરવા માટે એક મહત્વપૂર્ણ પગલું છે. અમારી પ્રારંભિક સફળતાના આધારે અમે વૈશ્વિક બજારો સુધી પહોંચવા માટે વધુ એમએસએમઈને સમર્થન આપવા માટે અમારું ધ્યાન 47 જિલ્લાઓ સુધી વિસ્તરી રહ્યા છીએ.

## સોનાની કિંમતમાં જબરદસ્ત ઉછાળો

મુંબઈ | કેન્દ્ર સરકારના બજેટ બાદ સોનાના ભાવમાં વધારો જોવા મળી રહ્યો છે. દિવસ જાય તેમ સોનુ મોંઘુ થઈ રહ્યુ છે. હવે તો લગ્ન સિઝન પણ ચાલી રહી છે તેવામાં સોના-ચાંદીની ડિમાન્ડ હોય તે સ્વાભાવિક છે. ત્યારે જો તમે પણ કોઈ લગ્ન પ્રસંગને લઈને સોનુ ખરીદવાનું વિચારી રહ્યા હોવ તો મોડુ ન કરશો. કારણ કે દિવસ જાય તેમ ભાવ તો વધી જ રહ્યા છે. ત્યારે 7 ફેબ્રુઆરીની જો વાત કરીએ તો, દેશના મોટા શહેરોમાં સોનાનો ભાવ 86 હજાર પહોંચી ગયો છે. આજે શુક્રવારે 7 ફેબ્રુઆરીના રોજ સોનું મોંઘુ થઈ ગયું છે.

## ૨૪મી-૨૫મી માર્ચે બેન્કોની દેશવ્યાપી હડતાલ: બેન્કના ડિફોલ્ટર્સ સામે ક્રિમિનલ કેસ કરીને બાકી લોનના નાણાં વસૂલો

(એજન્સી) મુંબઈ | તા.08

બેન્કના બચત ખાતા ધરાવતા કર્મચારીઓને સેવિંગ ખાતા પર પડી રહેતી થાપણો પર ખાનગી બેન્કોની માફક છ ટકા વ્યાજ આપવાની અને સિનિયર સિટીઝન્સને તેમની થાપણો પર ફુગાવાના દર કરતાં ઊંચા એટલે કે બેન્કમાં મૂકેલી ડિપોઝિટ પર નવથી દસ ટકા વ્યાજ આપવાની માગણી સાથે સમગ્ર ભારતના ૮ લાખ બેન્ક કર્મચારીઓ આગામી ૨૪મી અને ૨૫મી માર્ચે દેશવ્યાપી હડતાલ પાડશે. બેન્ક ખાતેદારો પાસે નાની નાની વાતના મોટા ચાર્જ લઈને તેમને ખંખેરી રહેલી બેન્કોના વિલફૂલ ડિફોલ્ટર્સ એટલે કે પૈસા હોવા છતાંય બેન્ક ધિરાણના નાણાં પરત ન કરનારા ડિફોલ્ટર્સ સામે ક્રિમિનલ કેસ દાખલ કરીને તેમની પાસેથી બાકી નાણાંની રિકવરી કરવાની માગણી કરવામાં આવી છે. આજે એક પત્રકાર પરિષદને સંબોધન કરતાં ઓલ ઈન્ડિયા બેન્ક એમ્પ્લોયી એસોસિયેશનના જનરલ સેક્રેટરી સી.એચ. વેંકટચલમે જણાવ્યું હતું કે બેન્કોની નોન પરફોર્મિંગ એસેટ્સ-ફસાયેલી મૂડી સતત વધી રહી છે. ૨૦૨૩-૨૪ના વર્ષમાં રાષ્ટ્રીયકૃત બેન્કોએ કરેલા રૃ. ૨,૬૬,૦૬૫ કરોડના નફામાંથી ૧,૪૧,૮૬૨ કરોડ તો ડિફોલ્ટર્સે ન જમા કરાવેલા નાણાં પેટે જોગવાઈ કરવામાં જ વપરાઈ ગઈ છે. બેન્કના નફાનો ૫૦ ટકાથી વધુ હિસ્સો એનપીએની જોગવાઈ કરવા માટે જ ખર્ચાઈ ગયો છે. આમ બેન્કના ડિફોલ્ટર્સને છાવરવાનું બંધ કરીને તેમની સામે ક્રિમિનલ કેસ કરવાનું ચાલુ કરી દેવું જોઈએ. તેમની યાદી બનાવીને જાહેર કરવી જોઈએ. કારણ કે મોટાભાગના ડિફોલ્ટર્સ કોર્પોરેટ ડિફોલ્ટર્સ છે. ડિફોલ્ટર્સ બનેલી ખાનગી કંપનીઓ સામે હળવાશથી કામ લેવામાં આવી રહ્યું છે તે ઉચિત નથી. તેમની લોન માફ કરવામાં આવી રહી છે. તેની સામે નાના ખાતેદારો પાસેથી જુદી જુદી સર્વિસના ચાર્જને નામે તેમને ખંખેરવામાં આવી રહ્યા છે. મિનિમમ બેલેન્સ ખાતામાં ન રાખવા બદલ તેમની પાસેથી રૃ. ૩૫૦૦૦ કરોડની પેનલ્ટી વસૂલવામાં આવી છે. બીજીતરફ બેન્કને લૂંટતા મોટા ડિફોલ્ટર્સને છાવરવામાં આવી રહ્યા છે. નવી ભરતીઓ કરવાની અને બેન્ક દ્વારા લેવામાં આવતા ચાર્જમાં ઘટાડો કરવાની માગણી સાથે આગામી ૨૪મી અને ૨૫મી માર્ચે દેશના ૮ લાખ કર્મચારીઓ દેશવ્યાપી હડતાલ પર ઉતરશે. આઠમી અને નવમી ફેબ્રુઆરીએ અમદાવાદમાં બેન્કના મહિલા કર્માચરીઓનું એક રાષ્ટ્રીય સમેલન યોજાઈ રહ્યું છે. તેમાં તમામ પ્રશ્નોની ચર્ચા કરવામાં આવશે. મહિલાઓને બેન્કમાં યોગ્ય સુવિધા એટલે કે અલગ જાજરૃ કે વૉશરૃમ પણ મળતા નથી. કામકાજના સ્થળ પર ઉચ્ચ અધિકારીઓ, સાથી કર્મચારીઓ અને કસ્ટમર્સ દ્વારા મહિલાઓ સાથે ગેરવર્તાવ કરવામાં આવી રહ્યો છે. રાષ્ટ્રીયકૃત બેન્કોની સેવાઓની ગુણવત્તામાં સુધારો કરવા માટે બે લાખથી વધુ કર્મચારીઓની સત્વરે ભરતી કરવાની માગણી પર ઓલ ઈન્ડિયા બેન્ક એમ્પ્લોયી એસોસિયેશનના જનરલ સેક્રેટરી સી.એચ. વેંકટ ચલમે કરી હતી. આજે બેન્કમાં એક લાખ કે બે લાખ જેટલી જગ્યાઓ ખાલી પડી છે. આ જગ્યાઓ પર સ્ટાફની ભરતી કરવામાં આવે તો તેને પરિણામે બેન્ક ખાતેદારોને મળતી સેવાઓમાં સુધારો આવી શકે છે. બેન્ક કાયમી કર્મચારીઓને બદલે કોન્ટ્રાક્ટ પર કર્મચારીઓને રાખવામાં આવી રહ્યા છે. કાયમી કર્મચારીઓની તુલનાએ કોન્ટ્રાક્ટ પર કામ કરતાં કર્મચારીઓના માધ્યમથી મોટા ફ્રોડ થવાનો ખતરો છે. તેથી કોન્ટ્રાક્ટથી કર્મચારીઓને નિયુક્ત કરવાને બદલે કાયમી ધોરણે કર્મચારીઓની નિમણૂક કરે તે જરૃરી છે. યુરોપના દેશોમાં પણ કોન્ટ્રાક્ટ પરના કર્મચારીઓને મોટા બેન્ક ફ્રોડ કર્યા હોવાના કિસ્સાઓ બન્યા છે.

## FY25ના Q3માં મિત્સુ કેમ પ્લાસ્ટ લિમિટેડ ₹81 કરોડની કુલ આવકનો અહેવાલ આપે છે

(એજન્સી) મુંબઈ | તા.08

મિત્સુ કેમ પ્લાસ્ટ લિમિટેડ (Mitsu) (BSE:540078), પોલિમર-આધારિત મોલ્ડેડ ઉત્પાદનોમાં, ખાસ કરીને હોસ્પિટલના ફર્નિચરના ભાગોમાં વૈશ્વિક અગ્રણી ખેલાડી, એ FY25ના Q3 અને 9M માટે તેના અનઓડિટેડ નાણાકીય પરિણામોની જાહેરાત કરી છે. કામગીરી અંગે ટિપ્પણી કરતાં, મિત્સુ કેમ પ્લાસ્ટ લિમિટેડના મેનેજિંગ ડિરેક્ટર શ્રી સંજય દેઢિયાએ જણાવ્યું હતું કે, "અમારો વિકાસનો માર્ગ મજબૂત રહે છે, જે મુખ્ય ઉદ્યોગોમાં સતત માંગ અને નવીનતા, ઓપરેશનલ કાર્યક્ષમતા અને ગ્રાહક-કેન્દ્રિત સોલ્યુશન્સ પર અમારું સતત ધ્યાન કેન્દ્રિત કરે છે. મેક્રો ઈકોનોમિક પડકારો હોવા છતાં, અમે અમારા ઉત્પાદન પોર્ટફોલિયોને વિસ્તૃત કરવાનું અને અમારી ઉત્પાદન ક્ષમતાઓને વધારવાનું ચાલુ રાખ્યું છે, અમારા હિતધારકો માટે સતત મૂલ્ય નિર્માણની ખાતરી આપી છે. વધુમાં, અમારા નિકાસ સેગમેન્ટે મજબૂત ટ્રેક્શન મેળવ્યું છે, જે અમારા હેલ્થકેર પ્રોડક્ટ્સની વધતી જતી વૈશ્વિક માંગને પ્રતિબિંબિત કરે છે અને અમે અમારા પોર્ટફોલિયોમાં થોડા દેશોને પણ ઉમેર્યા છે. આવક અને નફાકારકતામાં સતત સુધારો ગતિશીલ બિઝનેસ વાતાવરણમાં શ્રેષ્ઠતા અને અનુકૂલનક્ષમતા પ્રત્યેની અમારી પ્રતિબદ્ધતાને દર્શાવે છે. જેમ જેમ આપણે આગળ વધીએ છીએ તેમ, અમે વૃદ્ધિને વેગ આપવા માટે અમારી બજારની સ્થિતિને મજબૂત કરવા, ખર્ચને ઑપ્ટિમાઈઝ કરવા અને નવી તકોનો લાભ લેવા પર ધ્યાન કેન્દ્રિત કરીએ છીએ - સ્થાનિક અને આંતરરાષ્ટ્રીય બંને. FY24 માં, Mitsu Chem Plast એ 25.67 Cr ના EBITDA અને 8.86 Cr ના PAT સાથે 312.28 Cr ની કુલ આવક નોંધાવી હતી

## ધ્રુવ કન્સલ્ટન્સીએ નાણાકીય વર્ષ 25 ના 9 મહિના દરમિયાન 32% ની મજબૂત આવક વૃદ્ધિ હાંસલ કરી

(એજન્સી) મુંબઈ | તા.08

ભારતની અગ્રણી ઈન્ફ્રાસ્ટ્રક્ચર કન્સલ્ટન્સી કંપનીઓમાંની એક, ધ્રુવ કન્સલ્ટન્સી સર્વિસીસ લિમિટેડ (BSE - 541302: NSE - DHRUV) એ નાણાકીય વર્ષ 25 ના 3 અને 9 મહિના માટે અનઓડિટેડ નાણાકીય પરિણામ જાહેર કર્યું. નાણાકીય કામગીરી પર બોલતા, ધ્રુવ કન્સલ્ટન્સી સર્વિસીસ લિમિટેડના મેનેજિંગ ડિરેક્ટર શ્રીમતી તન્વી દંડાવતે ઔતીએ જણાવ્યું હતું કે, 'અમને 0.10 ના અમારા પ્રથમ ડિવિડન્ડની જાહેરાત કરતા આનંદ થાય છે, જે શેરધારક મૂલ્ય પ્રત્યેની અમારી પ્રતિબદ્ધતામાં એક મહત્વપૂર્ણ સીમાચિહ્નરૂપ છે. જ્યારે આ ત્રિમાસિક ગાળામાં પડકારો ઉભા થયા છે, ત્યારે અમે ઓપરેશનલ સુધારણાઓ ચલાવવા અને નફાકારકતા વધારવાના અમારા પ્રયાસોમાં અડગ રહીએ છીએ. એક મહત્વપૂર્ણ વિકાસમાં, કંપનીને, બાલાજી રેલ રોડ સિસ્ટમ્સ પ્રાઈવેટ લિમિટેડ સાથે સંયુક્ત સાહસમાં, વેસ્ટ સેન્ટ્રલ રેલ્વે કન્સ્ટ્રક્શન ઓર્ગેનાઈઝેશન દ્વારા જનરલ કન્સલ્ટન્ટ કોન્ટ્રાક્ટ આપવામાં આવ્યો છે. આ કોન્ટ્રાક્ટનું મૂલ્ય 11.05 કરોડ છે, જે ધ્રુવ કન્સલ્ટન્સીના પ્રથમ જનરલ કન્સલ્ટન્સી કોન્ટ્રાક્ટ અને રેલ્વે ક્ષેત્રમાં અત્યાર સુધીનો તેનો સૌથી મોટો પ્રોજેક્ટ રજૂ કરે છે.557.80 કરોડના કુલ કોન્ટ્રાક્ટ મૂલ્ય અને 273.49 કરોડના કાર્ય પૂર્ણ થવા સાથે, અમારી અમલીકરણ ગતિ મજબૂત રહે છે. વધુમાં, 284.31 કરોડની અકબંધ ઓર્ડર બુક એક મજબૂત આવક પાઈપલાઇન પૂરી પાડે છે, જે સતત વૃદ્ધિ અને લાંબા ગાળાના મૂલ્ય નિર્માણમાં અમારા વિશ્વાસને મજબૂત બનાવે છે. કંપનીને મેપ્સ ગ્લોબલ સિવિલટેક પ્રાઈવેટ લિમિટેડ સાથે મળીને, ઓથોરિટી એન્જિનિયર તરીકે કન્સલ્ટન્સી સેવાઓ પૂરી પાડવા બદલ સ્વીકૃતિ પત્ર એનાયત કરવામાં આવ્યો છે, જેનો કુલ કરાર મૂલ્ય 23.46 કરોડ છે.

### યુટયુબ પર 5,26,000 અને ઈન્સ્ટાગ્રામ પર 2,90,000થી વધુ સબસ્ક્રાઈબરો ધરાવતા એકમે ગેરકાયદે મેળવેલા રૂ.54 કરોડના લાભને જપ્ત કરવા આદેશ

# ફિન્સ્યૂએન્સર્સ, એજ્યુકેશનના નામે છેતરનારા સામે સેબીની તવાઈ...

(એજન્સી) મુંબઈ | તા.08

શેર બજારોમાં પાછલા વર્ષોમાં ઐતિહાસિક તેજીના પરિણામે રોકાણ અને ટ્રેડિંગમાં હાથ અજમાવીને ટૂંકાગાળામાં લખલૂંટ કમાવી લેવાની લાગેલી હોડમાં બજારના નવા પ્રવેશતાં અને શિખાઉ રોકાણકારો, ટ્રેડરોને એજ્યુકેશન, શિક્ષણના નામે દુકાનો ખોલી ગેરકાયદે વેપલો કરનારા પર મૂડી બજાર નિયામક તંત્ર સિક્યુરિટીઝ એન્ડ એક્સચેન્જ બોર્ડ ઓફ ઈન્ડિયા (સેબી) ધૂળ ખાઈને પાછળ પડી ગયું છે. લાંબા સમયથી ફિન્સ્યૂએન્સર્સ અને શેરબજારમાં ટ્રેડિંગનું જ્ઞાાન મેળવો એના નામે ક્લાયન્ટ બનાવનારા અને ગેરકાયદે ફી વસૂલનારા બિન-રજીસ્ટર્ડ ઈન્વેસ્મેન્ટ એડવાઈઝરો અને રિસર્ચ એનાલિસ્ટ બિઝનેસ સાહસિકો સામે સેબીએ વધુ આકરાં પગલાં લેવા માંડયા છે. સેબીએ તેના મિશનના ભાગરૂપ હવે અસ્મિતા પટેલ ગ્લોબલ સ્કુલ ઓફ ટ્રેડિંગ અને પાંચ અન્ય એકમો-વ્યક્તિઓ કથિત અનરજીસ્ટર્ડ ઈન્વેસ્ટમેન્ટ એડવાઈઝરી અને રિસર્ચ એનાલિસ્ટ બિઝનેસો ચલાવવા બદલ કુલ રૂ.૫૪ કરોડનો ગેરકાયદે મેળવેલો લાભ પરત કરવા આદેશ આપ્યો છે. આ ડિસ્ગોર્જમેન્ટની રકમનો આંક આ મામલામાં પૂર્ણ કાર્યવાહીના પગલે વ્યાજ સાથે વધીને રૂ.૧૦૫ કરોડ જેટલો પહોંચી શકે છે, એવું શો-કોઝ નોટીસ કમ એક્સ-પાર્ટે ઈન્ટરીમ આદેશ પરથી જણાઈ રહ્યું છે. આ રકમમાં કંપની દ્વારાઓફર કરાતાં વિવિધ ટ્રેડિંગ કોર્સો માટે એકત્ર કરાતી ફી સહિતના ફંડનો સમાવેશ છે. અસ્મિતા પટેલ, જેમણે પોતાને ''ઓપ્શન્સ ક્વિન'' તરીકે ઓળખાવ્યા હતા, તે યુટયુબ પર ૫,૨૬,૦૦૦થી વધુ સબ્સ્ક્રાઈબર્સ અને



ઈન્સ્ટાગ્રામ પર ૨,૯૦,૦૦૦થી વધુ સબસ્ક્રાઈબરો સાથે ઓનલાઈન અસ્તિત્વ ધરાવે છે. સેબીએ આગામી સૂચના ન આપવામાં આવે ત્યાં સુધી અસ્મિતા અને તેમના પતિ જીતેશ પટેલને સિક્યુરિટીઝ માર્કેટમાંથી પ્રતિબંધિત કરી દીધા છે. આ ઉપરાંત ત્રણ માલિકીની કંપનીઓ અને તેમના માલિકોને બજારમાંથી બાકાત કરવામાં આવ્યા છે. પટેલ, જે શેરબ્રોકર સાથે અધિકૃત વ્યક્તિ પણ હતા, અને તેમની સ્કુલ દ્વારા ઘણા ટ્રેડિંગના કોર્સ-અભ્યાસક્રમો ચલાવતા હતા. આ કોર્સના ૪૨ પાર્ટિસિપન્ટ્સની ફરિયાદોના પગલે નિયમનકારી કાર્યવાહી કરવામાં આવી હતી. સેબીના આદેશમાં સ્પષ્ટતા કરવામાં આવી છે કે, અસ્મિતા પટેલને ટ્રેડિંગ દ્વારા ૨૦૧૯-૨૦ દરમિયાન જાન્યુઆરી ૨૦૨૪ સુધી ટ્રેડિંગ દ્વારા રૂ.૧૨.૩ લાખનો ચોખ્ખો નફો થયો હતો. આ આંક તેમની પ્રોપરાઈટરી સિસ્ટમ દ્વારા થતાં કરોડોના ફંડના સંચાલનના તેમના દાવાથી તદ્દન વિરોધાભાસી છે. સેબીએ બિન-રજીસ્ટર્ડ ઈન્વેસ્ટમેન્ટ એડવાઈઝરી અને રિસર્ચ એનાલિસ્ટ સર્વિસિઝ ઓફર કરતાં એકમોને આ સર્વિસિઝ બંધ કરવા આદેશ આપેલો છે. આદેશમાં જણાવાયું છે કે, જો એકમ-કંપની માત્ર શૈક્ષણિક સેવાઓ પૂરી પાડતી હોય તો કાર્યવાહી કરવાનું કારણ નહોતું. જો કે, આ કિસ્સામાં માત્ર શૈક્ષણિક પ્રવૃતિઓ કરતાં વધુ પ્રવૃતિ સામેલ હોવાનું જણાયું છે. સેબીએ એવો આક્ષેપ કર્યો છે કે, અસ્મિતા પટેલે લોકોને નોકરી લેવાને બદલે ટ્રેડિંગને પ્રાધાન્ય આપવા પ્રેર્યા હતા અને મ્યુચ્યુઅલ ફંડના રોકાણમાંથી નીકળી જઈ અતવા કોર્સ માટે રજીસ્ટ્રેશન કરાવવા અને ટ્રેડિંગ માટે લોન લેવાનું સૂચન કર્યું હતું. પાર્ટિસિપન્ટસે કથિત રૂપે ભંડોળનું સંચાલન કરવામાં આવાત ફંડ વિશેના ખોટા દાવાઓ દ્વારા અભ્યાસક્રમો માટે આકર્ષયા હતા. સેબીએ એવો પણ આક્ષેપ કર્યો છે કે, ગેરેન્ટે વળતરની ખાતરી આપવામાં આવી હતી, જે શૈક્ષણિક પ્રવૃતિઓ સાથે સુસંગત નથી. આદેશમાં એ વાત પર ભાર મૂકવામાં આવ્યો છે કે, સ્ટોક-સ્પેસિફિક સલાહ પૂરી પાડવી એ શૈક્ષણિક સર્વિસિઝના અવકાશની બહાર આવે છે. અને તે રોકાણ સલાહકાર અને રિસર્ચ એનાલિસ્ટ પ્રવૃતિઓના ક્ષેત્રમાં આવે છે. સેબીના સંપૂર્ણ સમયના મેમ્બર કમલેશ વાર્શનીએ આદેશમાં જણાવ્યું હતું કે, રોકાણકારોના હિતનું રક્ષણ સુનિશ્ચિત કરીને અને રોકાણકારોનો વિશ્વાસ વધારીને મૂડી બજારમાં વિશ્વાસ મહદ્ અંશે ટકાવી શકાય છે, જો કે આ કેસની હકીકતો સ્પષ્ટપણે દર્શાવે છે કે રોકાણકારોના વિશ્વાસ સાથે કેવી રીતે ચેડા કરવામાં આવ્યા છે અને કેવી રીતે કાનૂની જોગવાઈઓને અવરોધવાના માર્ગો તૈયાર કરીને વ્યક્તિગત લાભ માટે સિસ્ટમનો દુરૂપયોગ કરવામાં આવ્યો છે. ટ્રેડિંગ સ્કુલે આ મામલે સુઓ મોટો સેટલમેન્ટ અરજી કરી છે, જો કે સેબીએ સ્પષ્ટતા કરી હતી કે, સેટલમેન્ટ માટે ફાઈલ કરવાથી કાર્યવાહી શરૂ કરવાની મનાઈ ફરમાવવામાં આવતી નથી અને આ આદેશ પસાર કરવા પર કોઈ કાનૂની પ્રતિબંધ નથી.

## તંત્રીની કલમે...

વિક્રમ સંવત 2081, મહા સુદ-10

# ટ્રમ્પ ટેરિફના ડર વચ્ચે આર્થિક તંત્રને સ્થિર રાખવાના પ્રયાસો



ભારતીય અર્થતંત્રને ફરી વેગવંતુ બનાવવા માટે અને તે બાહ્ય પડકારો ઝીલી શકે તે માટે તેને આંતરિક રીતે સક્ષમ કરવા માટે રિઝર્વ બેન્ક ઓફ ઈન્ડિયા (આરબીઆઈ) દ્વારા વ્યાજદરમાં પાંચ વર્ષ બાદ પા ટકાનો ઘટાડો કરવામાં આવ્યો છે. આરબીઆઈએ શુક્રવારે સમાપ્ત થયેલ મોનિટરી પોલિસી કમિટીના નિર્ણયો જણાવતાં રેપો રેટ પચ્ચીસ બેસિસ પોઈન્ટ ઘટાડીને ૬.૨૫ ટકા કર્યો છે. કોરોના મહામારીના આગમન સાથે અર્થતંત્રને કપરાકાળમાં સપોર્ટ આપવા માટે આરબીઆઈ છેલ્લે મે, ૨૦૨૦માં વ્યાજદર ૦.૨૫ ટકા ઘટાડયા હતા. કોવિડ-૧૯ના બે તબક્કા બાદ મોંઘવારીએ દુનિયાભરમાં માઝા મૂકી હતી તેથી વૈશ્વિક સેન્ટ્રલ બેંકોએ વ્યાજદરમાં વધારો કરવાનું શરૂ કર્યું હતુ. અમેરિકન ફેડરલ રિઝર્વ, ઈસીબી, જાપાનની સેન્ટ્રલ બેંકે વ્યાજદરમાં તબક્કાવાર વધારો કર્યા બાદ ૨૦૨૪ના મધ્યથી વ્યાજદર ઘટાડવાની શરૂઆત પણ કરી હતી, પરંતુ ભારતની મધ્યસ્થ બેંક - આરબીઆઈએ 'થોભો અને રાહ જુઓ'ની નીતિ અપનાવી હતી. અનેક દબાણો છતા મોંઘવારી જ્યાં સુધી કાબૂમાં ન આવે અને દેશનું અર્થતંત્ર ફરી પાટે ન ચડે ત્યાં સુધી આરબીઆઈએ વ્યાજદર પકડી રાખ્યા હતા.ગઈ કાલે ૭ ફેબ્રુઆરીએ કરેલો ઘટાડો એ આરબીઆઈ દ્વારા છેલ્લાં બે વર્ષમાં પ્રથમ વખત રેપો રેટમાં થયેલો ફેરફાર છે. અગાઉ રિઝર્વ બેંકે ફેબ્રુઆરી, ૨૦૨૩માં વ્યાજદર ૦.૨૫ ટકા વધારીને ૬.૫ ટકા કર્યા હતા. આરબીઆઈની છેલ્લાં પાંચ વર્ષની અનેક પડકારો ભરેલી આ સફર દર્શાવે છે કે અત્ર-તત્ર જોયા વગર માત્ર દેશના અર્થતંત્રના લાંબા ગાળાના વિકાસ માટે શું જરૂરી છે તે મુજબના જ પગલાં લેવાયાં છે. આરબીઆઈએ ઈન્ફલેશન ૪ ટકાના અંદાજની નજીક પહોંચવાની અને બાદમાં અર્થતંત્રને ટેકો આપવા વેઈટ એન્ડ વોચની નીતિ અપનાવ્યા બાદ હવે જ્યારે અર્થતંત્રને ખરેખર જરૂર છે ત્યારે સરકારની સાથે તાલથી તાલ મિલાવીને વ્યાજદરમાં ઘટાડો કરી લાંબાગાળાના વિકાસને વેગ આપવાનો નિર્ણય લીધો છે. કેન્દ્રિય બજેટ ૨૦૨૫-૨૬માં નાણામંત્રી નિર્મલા સીતારામને ઈન્કમટેક્સ સ્લેબમાં ફેરફાર કરતાં અર્થતંત્રમાં વધારાની ૧ લાખ કરોડની રોકડ ઈન્ફ્યુઝ થવાનો અંદાજ છે. આમ સરકાર પણ અર્થતંત્રને હવે આંતરિક રીતે સુદ્રઢ કરવા માટે શક્ય તમામ પગલાં લઈ રહી છે, ત્યારે આરબીઆઈનું આ પગલું રોકેટે ગતિએ અર્થતંત્રને આગળ વધારી શકે છે. મોદી સરકારે આગામી વર્ષ માટે મૂડી ખર્ચમાં અગાઉનાં વર્ષોની અપેક્ષાએ ઓછી વૃદ્ધિનો અંદાજ મુકતાં હવે ખાનગી રોકાણના જોરે સામૂહિક રીતે દેશના ભવિષ્ય નિર્માણ માટેની તૈયારી કરવી જરૂરી બની છે.સારા વરસાદ બાદ હવે રવિ પાકના વાવેતરની મજબૂત ગતિએ કૃષિ સેક્ટરને પણ ડ્રાઈવર સીટમાં મુકવામાં આવ્યું છે. કૃષિ સેક્ટર વધવાની સાથે ગ્રામીણ ક્ષેત્રનો વિકાસ ઝડપી બનશે અને આરબીઆઈનો વ્યાજદર કાપનો નિર્ણય શહેરી વિકાસને બળ પુરૂં પાડશે. આમ આરબીઆઈ અને સરકાર સાથે મળીને દેશના વિકાસને ફરી ટોચે લઈ જવા માગે છે તેમ છેલ્લા બે સપ્તાહના નિર્ણયો પરથી વર્તાય છે.ભારત માટે હાલ આંતરિક કરતાં બાહ્ય પડકારો વધારે આકરા છે. આ પડકારો આરબીઆઈના તાબા હેઠળના નથી, તેથી તે એની પર અંકુશ લાદી શકાશે નહીં, પરંતુ આગામી સમયના સંભવિત પડકારોનો સામનો કરવા માટે અર્થતંત્રને અત્યારથી જ મજબૂતી આપીને તૈયાર કરવા માટે આરબીઆઈ દ્વારા વ્યાજદરકાપનો નિર્ણય લેવામાં આવ્યો છે તેમ આરબીઆઈના ગર્વનર સંજય મલ્હોત્રાએ સ્વીકાર્યું હતું.વૈશ્વિક દેશોની સંરક્ષણવાદની નીતિ અને ટ્રમ્પના ટેરિફ વોરની અસરથી ભારતની માંગને અસર થઈ શકે છે. આ નકારાત્મક અસરને ઓછી કરવા માટે, અર્થતંત્રને 'અંદરથી' મજબૂત કરવા માટે વ્યાજદર ઘટાડીને જનતાના હાથમાં વધુ પૈસા આપવાનો નિર્ણય કરવામાં આવ્યો છે.અર્થશાસ્ત્રીઓના મતે રેટ કટની સાથે દેશની આંતરિક માંગ વધશે, લોકોનું લોનનું વ્યાજનું ભારણ ઘટશે, બિઝનેસ ઈન્ડસ્ટ્રીની બેલેન્સશીટ હળવી બનશે, વિસ્તરણ અને કારોબાર માટે વધુ પૈસા મળશે તેવો આશાવાદ વ્યક્ત કરાયો છે. આ સાથે અપેક્ષા સેવવામાં આવી છે કે મસમોટું રોકાણ અને જોખમ માગી લેતા રિયલ્ટી સેક્ટરને આ વ્યાજદર કાપથી મોટો બૂસ્ટર ડોઝ મળશે, વધી રહેલી ઈન્વેન્ટરી ઝડપથી ખાલી થશે અને દેવાનો બોજ ઘટશે.

# નાની ઉંમરે સફેદ થઈ ગયા છે વાળ, આ જડીબુટ્ટીનો કરો ઉપયોગ, જોવા મળશે રિઝલ્ટ



આજકાલ બદલાતી જીવનશૈલી અને વધતા પ્રદૂષણને કારણે ત્વચા અને વાળને લગતી સમસ્યાઓ થવી સામાન્ય વાત છે. આવી સ્થિતિમાં ઘણા લોકો વાળ ખરવા અને વાળ સફેદ થવાની સમસ્યાથી પરેશાન છે. ઉંમર વધવાની સાથે વાળ સફેદ થવા સામાન્ય વાત છે, પરંતુ આજકાલ લોકોના વાળ ઉંમર પહેલા જ સફેદ થવા લાગે છે. આવી સ્થિતિમાં, તેઓ તેને સુધારવા માટે ઘણા પ્રયત્નો કરે છે અને વિવિધ પ્રકારની હેર કેર પ્રોડક્ટ્સનો ઉપયોગ કરે છે. પરંતુ આ પછી પણ તેમના પર કોઈ ખાસ અસર જોવા મળતો નથી. જો તમારા વાળ પણ નાની ઉંમરમાં સફેદ દેખાવા લાગ્યા છે. તેથી એક જડીબુટ્ટી તમને આ સમસ્યામાંથી રાહત મેળવવામાં મદદ કરી શકે છે. થોડાં વર્ષો પહેલાં, જ્યારે શેમ્પૂ નહોતા, ત્યારે લોકો વાળને કોઈ ઔષધિથી ધોતા હતા. જેમાં ભૃંગરાજ પણ સામેલ છે. આ તમને તમારા વાળ કાળા રાખવામાં મદદ કરી શકે છે.તમે હેર માસ્ક બનાવીને તેનો ઉપયોગ કરી શકો છો. આ સાથે તે ડેન્ડ્રફની સમસ્યાને દૂર કરવામાં પણ મદદગાર સાબિત થઈ શકે છે. તે સ્કેલ્પને મોઈશ્ચરાઈઝ કરવામાં મદદ કરે છે. તમે ભૃંગરાજને નારિયેળના તેલમાં મિક્સ કરીને પણ લગાવી શકો છો. આ બંનેમાં રહેલા પોષક તત્વો તમારા વાળ માટે ફાયદાકારક સાબિત થઈ શકે છે. તે બનાવવું પણ એકદમ સરળ છે. આ માટે ભૃંગરાજના પાનને થોડીવાર પાણીમાં પલાળી રાખો અને થોડીવાર પછી ક્રશ કરી નાખો. હવે તમારા વાળને સહેજ ભીના કરો અને પછી તેને બ્રશ અથવા ગ્લોવ્ઝની મદદથી માથાની ચામડી અને વાળ પર લગાવો. લગભગ એક કલાક સુધી તેને તમારા વાળમાં રાખો અને પછી તમારા વાળને માઈલ્ડ શેમ્પૂથી ધોઈ લો. તમે આને અઠવાડિયામાં બે વાર લગાવી શકો છો. તમે થોડા દિવસો પછી અસર જોવાનું શરૂ કરી શકો છો. પરંતુ શરૂઆતમાં તમે પેચ ટેસ્ટ કરો. તમને તેની એલર્જી છે કે કેમ તે જોવા માટે.

### ભૃંગરાજના ફાયદા

**ભૃંગરાજમાં એન્ટીઓક્સીડેન્ટ અને પોષક તત્વો મળી આવે છે જે વાળને મજબૂત રાખવામાં અને તેની કુદરતી ઉંમરને જાળવી રાખવામાં મદદરૂપ સાબિત થાય છે. આ ઉપરાંત, તે ફ્રીઝી વાળથી છુટકારો મેળવવામાં અને વાળને નરમ બનાવવામાં મદદ કરી શકે છે.**

મેકઅપથી તમે ગ્લેમરસ અને સુંદર તો લાગો જ છો, પરંતુ આ મેકઅપને કારણે સ્કિનને ઘણું નુકસાન થાય છે. ઘણી મહિલાઓ યોગ્ય રીતે મેકઅપ રિમૂવ નથી કરતી અને એમ જ સૂઈ જાય છે. જેના કારણે સ્કિન પર પિમ્પલ્સ, ફોલ્લીઓ અને ડાઘ થઈ જાય છે અને ચહેરો બદસૂરત દેખાવા લાગે છે. એક્સપર્ટ્સનું માનવું છે કે મેકઅપને રિમૂવ કર્યા વગર સૂવાથી સ્કિનને ઘણું નુકસાન થાય છે.
જોકે, મેકઅપ રિમૂવ કરવા માટે દૂધથી લઈને બેબી વાઈપ્સ સુધીની કોઈપણ વસ્તુનો ઉપયોગ કરી શકાય છે. આજે અમે આપને જે વસ્તુ વિશે જણાવવા જઈ રહ્યા છી તે સ્કિનને સોફ્ટ અને સ્મૂધ બનાવવામાં મદદ કરે છે. અમે જેની વાત કરી રહ્યા છીએ તે છે બદામનું તેલ. બદામનું તેલ મેકઅપને સરળતાથી રિમૂવ કરી દે છે અને તેનાથી ચહેરા પર કોઈપણ પ્રકારની બળતરા અથવા ખંજવાળ પણ અનુભવાતી નથી. હવે બદામના તેલનો મેકઅપને દૂર કરવા માટે કેવી રીતે ઉપયોગ કરવાનો છે તે પણ જાણી લઈએ.




### બદામ તેલ અને એલોવેરા જેલ

બદામ તેલ અને એલોવેરા જેલનું કોમ્બિનેશન એક ઉત્તમ મેકઅપ રીમુવર સાબિત થઈ શકે છે.

#### કેવી રીતે કરવો ઉપયોગ?

- સૌથી પહેલા તમે એલોવેરાના પાનને તોડીને ફ્રેશ જેલ કાઢી લો.
- હવે એલોવેરા જેલ અને બદામ તેલને એક નાના બાઉલમાં નાખીને સારી રીતે મિક્સ કરો.
- હવે એક કોટન બોલને તેમાં ડુબાડો.
- તમે મેકઅપને રિમૂવ કરવા માટે કોટન પેડથી તમારા આખા ચહેરા પર હળવા હાથે મસાજ કરો.
- તમે તેનો ઉપયોગ તમારી આંખોની નજીક લગાવેલા મેકઅપને કાઢવા માટે પણ કરી શકો છો.
- પછી તમારા ચહેરાને ધોવા માટે હૂંફાળા પાણીનો ઉપયોગ કરો.
- અંતે તમારા મનપસંદ ક્લીંઝરનો ઉપયોગ કરીને ચહેરાને સારી રીતે સાફ કરી લો.

### બદામ તેલ અને જોજોબા તેલ

બદામના તેલને જોજોબા તેલની સાથે મિક્સ કરીને પણ એક નેચરલ મેકઅપ રીમુવર તૈયાર કરી શકાય છે.

#### કેવી રીતે કરવો ઉપયોગ?

- સૌથી પહેલા તમે એક બાઉલમાં બદામ તેલ અને જોજોબા તેલને મિક્સ કરો.
- હવે તમે તેને એક નાના કન્ટેનરમાં નાખો.
- મેકઅપને દૂર કરવા માટે તમે મિશ્રણમાં કોટન બોલને ડૂબાવો.
- તમારા ચહેરા પર લગાવો અને હળવા હાથે મસાજ કરો.
- હવે તમે તમારા ચહેરાને પાણીથી ધોઈ લો.
- અંતે માઈલ્ડ ક્લીંઝરથી ચહેરાને સાફ કરો.

### બદામના તેલથી બનાવો મેકઅપ રિમૂવર વાઈપ્સ

તમે ઈચ્છો તો બદામના તેલથી મેકઅપ રિમૂવર વાઈપ્સ પણ બનાવી શકો છો. તેનો ઉપયોગ કરવો પણ એકદમ સરળ છે. સૌથી પહેલા તમે ફેશ ટિશ્યુ અથવા કોટન પેડને નાના ટુકડાઓમાં કાપી લો. હવે તમે એક કન્ટેનરમાં બદામનું તેલ અને ગુલાબજળ નાખીને મિક્સ કરો. હવે તમે કાપેલા ટીશ્યુ અથવા પેડને કન્ટેનરમાં મૂકો, જેથી તે મિશ્રણને શોષી શકે.

Valentines Day Makeup Looks

# વેલેન્ટાઈન ડે પર દેખાવા માંગો છો એકદમ અલગ

## ટ્રાય કરો આ સરળ મેકઅપ લુક...



મેકઅપ કરવો એ દરેક છોકરીને પસંદ હોય છે. તે તેમની સુંદરતામાં ચાર ચાંદ લગાવવાનું કામ કરે છે.હવે ટૂંક સમયમાં જ વેલેન્ટાઇન ડે આવી રહ્યો છે અને છોકરીઓ તેમના લુક્સને વધુ બેસ્ટ બનાવવામાં લાગી ગઈ છે. જો તમે પણ તમારા વેલેન્ટાઈન લુકને વધુ સારો બનાવવા માંગો છો, તો આજે અમે તમને કેટલાક મેકઅપ આઈડિયા જણાવી રહ્યા છીએ જે તમારા લુકને શ્રેષ્ઠ બનાવવામાં મદદ કરશે.

### રોઝ ગોલ્ડ શિમર મેકઅપ લુક કરો ટ્રાય

વેલેન્ટાઈન ડે પર સુંદર દેખાવા માટે તમે રોઝ ગોલ્ડ શિમર મેકઅપ લુકને ટ્રાય કરી શકો છો. આ મેકઅપ લુક એકદમ ક્લાસી હોય છે, જેથી તેને સાથે રાખવો પણ ખૂબ જ સરળ હોય છે. આમાં તમારે માત્ર આંખના મેકઅપ પર ધ્યાન આપવું પડે છે, જેના પર તમારે રોઝ ગોલ્ડ શિમરનો ઉપયોગ કરવાનો હોય છે અને બેઝને થોડો ગ્લોસી રાખવાનો હોય છે. આ રીતે તમારો લુક તૈયાર થઈ જાય છે.

**પિંક મેકઅપ લુક :** જો તમને પિંક કલર ગમે છે તો તમે પિંક મેકઅપ લુક્સને બનાવી શકો છો. આ માટે તમારે ફાઉન્ડેશન, પિંક ટિન્ટ અને લિપસ્ટિકની જરૂર પડશે. આ માટે તમારે ફાઉન્ડેશન અને મેકઅપ પાઉડરથી બેઝને સેટ કરવાનો છે, પછી ટીન્ટનો ઉપયોગ કરીને આઈશેડો અને બ્લશ લગાવવાનું છે. આ પછી લિપસ્ટિકનો રંગ પણ પિંક પસંદ કરવાનો છે. આ રીતે તમારો મેકઅપ લુક બની જશે.
વેલેન્ટાઈન ડે પર ઘણા લોકો નાઈટ પાર્ટીઓમાં પણ જાય છે, પરંતુ ઘણી વખત એવું બને છે કે તેના માટે મેકઅપ લુક સમજી શકાતો નથી. આવી સ્થિતિમાં તમે બોલ્ડ રેડ લિપ્સ મેકઅપ લુકને બનાવી શકો છો. તે સિમ્પલ હોય છે અને સરળતાથી પણ થઈ શકે છે. આમાં તમારે આખો મેકઅપ લાઈટ રાખવાનો છે, ફક્ત તમારે લિપ્સને બોલ્ડ રેડ કલરના કરવાના છે.

# સ્વાસ્થ્યની સાથે સ્કિન માટે પણ ફાયદેમંદ છે દહીં, આ રીતે કરો ઉપયોગ



### ફાયદા

ત્વચા પર નિખાર લાવવા માટે દહીં ફાયદાકારક હોય છે. દહીં સ્કિનમાં દેખાતા એન્જિંગ સાયન્સને ઘટાડવામાં મદદ કરે છે. તેના ઉપયોગથી ચહેરાની ત્વચા લાંબા સમય સુધી સુંદર દેખાય છે.
મધ ત્વચાને મોઈશ્ચરાઈઝ કરવામાં મદદ કરે છે. મધ ચહેરા પરના છિદ્રોને સાફ કરવામાં અને ડાર્ક સ્પોટ્સ ઘટાડવામાં મદદરૂપ થાય છે.
ત્વચાને નેચરલી એક્સફોલિએટ કરવા માટે મધ ખૂબ જ ફાયદાકારક છે.

### કેવી રીતે કરવો ઉપયોગ?

સૌથી પહેલા એક બાઉલમાં 2 ચમચી દહીં અને 1 ચમચી મધ ઉમેરો.
આ બંને વસ્તુઓને સારી રીતે મિક્સ કરીને ચહેરા પર લગાવો.
આ ફેસ પેકને ચહેરાની ત્વચા પર 20 મિનિટ સુધી રહેવા દો. હવે પાણી અને રૂની મદદથી ચહેરો સાફ કરો.
તમે અઠવાડિયામાં 2 થી 3 વખત તમારા ચહેરા પર આ ઉપાય અજમાવી શકો છો. ચહેરા પર સતત તેનો ઉપયોગ કરવાથી ત્વચા મુલાયમ બની રહેશે અને તમે યુવાન દેખાશો.

આપણે જોઈએ છીએ કે શિયાળાની ઋતુ સામાન્ય રીતે ખૂબ જ ખુશનુમા હોય છે, પરંતુ તે પોતાની સાથે ત્વચા સંબંધિત ઘણી સમસ્યાઓ પણ લઈને આવે છે. સ્કિન એક્સપર્ટ્સનું કહેવું છે કે, આ ઋતુમાં તાપમાનમાં ઘટાડો થવાને કારણે ત્વચામાં ભેજનું પ્રમાણ ઘટી જાય છે. ડિહાઈડ્રેશનની સમસ્યાની સાથે જ ત્વચા પર ખંજવાળ અને કરચલીઓ વધી જાય છે. આ જ કારણ છે કે શિયાળામાં ત્વચાની ખાસ કાળજી લેવી જરૂરી છે. જો તમારી ત્વચા પર પણ શુષ્કતા આવી જાય છે અથવા જો ડાઘ તમને પરેશાન કરી રહ્યા છે, તો દહીં તમારી મદદ કરી શકે છે. આ લેખમાં અમે તમને દહીંમાંથી તૈયાર કરવામાં આવેલા ફેકપેક વિશે માહિતી આપી રહ્યા છીએ, જેનો ઉપયોગ કરીને તમે ત્વચાની અનેક પ્રકારની સમસ્યાઓથી છુટકારો મેળવી શકો છો.

# બનાવો સુગર ફેસ સ્ક્રબ, ચહેરા પર આવશે નેચરલ ગ્લો

આપણે બધાને મીઠાઈ ખૂબ જ પસંદ હોય છે. તેને બનાવવા માટે ખાંડનો ઉપયોગ કરવામાં આવે છે. આપણા બધાના ઘરમાં ખાંડનો ઉપયોગ ખૂબ મોટી માત્રામાં થાય છે. એવી રીતે શું તમે જાણો છો કે તમે તેનો ઉપયોગ ફેસ સ્ક્રબ બનાવવા માટે પણ કરી શકો છો. તમે ખાંડથી ઘરે જ ફેસ સ્ક્રબ બનાવી શકો છો. તે ચહેરા પરથી ડેડ સ્કિન સેલ્સને દૂર કરે છે અને ચહેરા પર નવી રંગત લાવે છે. આ સાથે જ તે ચહેરા પરથી કરચલીઓ દૂર કરવામાં મદદ કરે છે.



### ક્લેન્ઝરની જેમ કરે છે કામ

તમે ચહેરાને ક્લીન કરવા માટે આ ફેસ સ્ક્રબનો ઉપયોગ કરી શકો છો. તેનાથી ચહેરા પર ચમક આવશે. સૌથી પહેલા આ ફેસમાસ્કને લગાવો ત્યારબાદ ભીના ટુવાલથી ચહેરો સાફ કરો અને પાણીથી ચહેરો ધોઈ લો.

### સુગર ફેસ સ્ક્રબનો ઉપયોગ કેવી રીતે કરવો

જો ડેડ સેલ્સને કારણે તમારા ચહેરાનો નિખાર ખોવાઈ ગયો છે તો આ માટે તમે સુગર ફેસ સ્ક્રબનો ઉપયોગ કરી શકો છો. તેનો સ્ક્રબ તરીકે ઉપયોગ કરવા માટે તમારા હાથમાં પાણી લો અને તેમાં બે ચમચી ખાંડ લો અને તેને ચહેરા પર હલકા હાથે મસાજ કરો. 3થી 4 મિનિટમાં ચહેરા પર ગ્લો દેખાવા લાગશે.

### ગ્રીન ટી અને ખાંડનો ઉપયોગ

જણાવી દઈએ કે ગ્રીન ટીમાં એન્ટી એન્જિંગ ગુણધર્મો જોવા મળે છે. આનાથી ચહેરાની કરચલીઓ ઓછી થાય છે અને તે ઘાને મટાડવામાં મદદરૂપ થાય છે. સૌથી પહેલા ગ્રીન ટીને પાણીમાં મિક્સ કરીને ફિલ્ટર કરો અને તેમાં ખાંડ ઉમેરો. આ ફેસ સ્ક્રબને ચહેરા પર લગાવો અને થોડા દિવસોમાં તમે કરચલીઓથી છુટકારો મેળવશો.

Egg Hair Mask...

# ઈંડામાં મિક્સ કરીને લગાવો આ 5 વસ્તુ અને મેળવો હેરફોલ અને ડેન્ડ્રફથી છૂટકારો...



**જો તમે વાળને નરમ અને ચમકદાર બનાવવા માંગો છો, તો આ સમાચાર તમારા માટે ઉપયોગી છે. આ સમાચારમાં અમે તમને કેટલાક એવા હેર માસ્ક વિશે માહિતી આપી રહ્યા છીએ, જેની મદદથી તમે વાળની સારી સંભાળ રાખી શકો છો.**

### વાળ માટે ફાયદાકારક છે ઈંડા

આરોગ્ય નિષ્ણાતોના જણાવ્યા મુજબ, પ્રોટીન અને બાયોટિનથી ભરપૂર ઈંડાનું હેર માસ્ક નુકસાન વાળને જરૂરી પોષણ અને ચમક આપી શકે છે. ઈંડા સ્કેલ્પની કંડીશનિંગ કરીને વાળને તૂટતા પણ અટકાવે છે અને વાળનો ગ્રોથ પણ વધારે છે.

### ઓલિવ, એલોવેરા અને ઈંડા

પ્રથમ તમારે એલોવેરા અને ઓલિવ તેલની જરૂર પડશે. એલોવેરા તમારા વાળ માટે એક મહાન સ્ટ્રેંથિંગ એજન્ટ તરીકે કામ કરે છે. તેને ઓલિવ ઓઈલ સાથે મિક્સ કરવાથી વાળ મજબૂત બને છે.

### આ રીતે કરો ઉપયોગ

- એક વાટકીમાં એક 2-3 ચમચી ઈંડાની જરદી લો
- હવે 4-5 ચમચી એલોવેરા જેલ લો.
- હવે 1 મોટી ચમચી ઓલિલ તેલને ગરમ કરો.
- આ ત્રણેયને મિક્સ કરો અને તમારા વાળના મૂળમાં લગાવો.
- 30 મિનિટ પછી વાળને ઠંડા પાણીથી ધોઈ લો.

### ઈંડા અને દહીં

ઈંડા અને દહીંનો એકસાથે ઉપયોગ કરવાથી નબળા વાળ મજબૂત થાય છે, પરંતુ દહીંમાં વાળને ખરતા અટકાવવા અને ડેન્ડ્રફને દૂર કરવાના ગુણધર્મો હોય છે.

### ઈંડા અને દહીંના માસ્કનો ઉપયોગ કરો

- એક વાટકીમાં ઈંડાની જરદી, 3-4 ચમચી દહીં, 1 ચમચી લીંબુનો રસ મિક્સ કરો.
- હવે બ્રશની મદદથી ધીરે-ધીરે વાળના મૂળમાં આ પેસ્ટ લગાવો.
- એક કલાક પછી શેમ્પૂથી વાળને ધોઈ લો.

# 5 ઘરેલુ ઉપાયથી સાત દિવસમાં ફાટેલી એડીની તકલીફ થશે દૂર



**શિયાળામાં જ્યારે એડી ફાટે છે ત્યારે સૌથી વધારે તકલીફ થાય છે. આ સમસ્યા મહિલાઓને સૌથી વધારે સતાવે છે. કેટલીક વખત તો સ્થિતિ એટલી ખરાબ થઇ જાય કે એડીમાંથી લોહી નીકળવા લાગે છે. તેના કારણે ચાલવામાં પણ તકલીફ થાય છે. જો આ શિયાળામાં તમારે આ તકલીફથી બચવું હોય તો અત્યારથી જ અહીં દર્શાવેલા પાંચ ઘરેલુ ઉપાય અપનાવી લેજો. આ ઉપાય એવા છે જેને અપનાવશો તો એડી ફાટી હશે તો પણ સાત જ દિવસમાં ત્વચા નોર્મલ થઇ જશે. આ ઉપાય કરવાથી આખો શિયાળો એડી ફાટશે નહીં.**

## ફાટેલી એડી માટેના ઘરેલુ ઉપાય

1 એડીની ત્વચાને ઝડપથી રીપેર કરવા માટે મધ અને લીંબુનું મિશ્રણ પણ ઉપયોગી છે. મધ નેચરલ મોસ્ચરાઈઝર છે. લીંબુમાં એન્ટિસેપ્ટિક ગુણ હોય છે. મધ અને લીંબુનું મિશ્રણ એડીમાં લગાડવાથી ત્વચા મુલાયમ થાય છે અને ઝડપથી રીપેર થાય છે.

2 એડી ફાટી ગઈ હોય તો વિનેગર અને મીઠાનું પાણી ઉપયોગમાં લેવું. તેના માટે પાણીને હૂંફાળું ગરમ કરી તેમાં મીઠું અને વિનેગર મિક્સ કરો. હવે આ પાણીમાં 10 મિનિટ માટે પગ બોડી રાખો. તેનાથી એડી પર જામેલી કડક ત્વચા નરમ થઈ જશે. અને ડેડ સ્કિન પણ નીકળી જશે.

3 બટેટાને બાફીને તેની પેસ્ટ બનાવો હવે આ પેસ્ટમાં દૂધ મિક્સ કરો. આ મિશ્રણને એડિ પર લગાવો. 30 મિનિટ માટે તેને રહેવા દો અને પછી હૂંફાળા પાણીથી એડી સાફ કરી લો. તેનાથી ફાટેલી એડી ઝડપથી રીપેર થાય છે.

4 એલોવેરા જેલ. શિયાળામાં રોજ રાત્રે પગને સાફ કરીને એલોવેરા જેલ અપ્લાય કરો. ત્યાર પછી મોજા પહેરી સુઈ જવું. આ કામ અત્યારથી જ શરૂ કરી દેશો તો શિયાળો આખો એડી ફાટશે નહીં.

5 જો પગની એડીની ત્વચા વધારે ફાટી ગઈ હોય તો રોજ રાત્રે એડી પર નાળિયેરનું તેલ એપ્લાય કરો. ના રોજ રાત્રે નાળિયેરનું તેલ લગાવશો એટલે ફાટેલી ત્વચા રીપેર થવા લાગશે.

# શિયાળમાં મેળવવા માંગો છો ગ્લોઈંગ સ્કિન?

## આ 2 વસ્તુઓમાંથી બનેલી હોમમેડ ક્રીમનો કરો ઉપયોગ



**શિયાળાની ઋતુમાં તમારી ત્વચાને સ્વસ્થ રાખવી એ ઘણા લોકો માટે એક મોટો પડકાર છે. શિયાળાની ઋતુમાં જ્યારે ત્વચા શુષ્ક અને નિર્જીવ દેખાવા લાગે છે ત્યારે લોકો તેને મુલાયમ બનાવવા માટે અનેક પ્રકારના ઉત્પાદનોનો ઉપયોગ કરે છે. જો કે, આ બજાર સૌંદર્ય પ્રસાધનો સામાન્ય રીતે રસાયણોથી બનેલા હોય છે. આની ત્વચા પર આડઅસર થઈ શકે છે. જો તમે શિયાળામાં તમારી ત્વચાને કોમળ રાખવા માંગો છો, તો તમે બીટરૂટ અને એલોવેરામાંથી ઘરે જ ક્રીમ બનાવી શકો છો. સામાન્ય રીતે એલોવેરાનો ઉપયોગ ત્વચાની સંભાળમાં કરવામાં આવે છે, પરંતુ તેને બીટરૂટ સાથે મિક્સ કરીને તમે શિયાળા માટે એક સરસ ફોર્મ્યુલા બનાવી શકો છો. તેથી, તમારી ત્વચાની વિશેષ કાળજી લેવામાં તમારી મદદ કરવા માટે, આજે અમે તમને આ કુદરતી ફેસ ક્રીમ કેવી રીતે બનાવવી તે જણાવીશું.**

**બીટરૂટ અને એલોવેરા ક્રીમ બનાવવાની પ્રક્રિયા |** બીટરૂટને પીસીને તેનો રસ કાઢી લો, જો તમારા ઘરમાં એલોવેરાનો છોડ છે તો તમે તેને બજારમાંથી લઈ શકો છો. હવે બીટરૂટનો રસ અને એલોવેરા જેલને સારી રીતે મિક્સ કરો અને તમારી હોમમેડ ક્રીમ તૈયાર છે. તમારા ચહેરાને સ્વચ્છ પાણીથી ધોયા પછી, તમારા ચહેરા પર ક્રીમ લગાવો અને 5 થી 10 મિનિટ સુધી મસાજ કરો, પરંતુ તેનો ઉપયોગ કરતી વખતે, તમે કોઈપણ ઉત્પાદનનો ઉપયોગ કરશો નહીં.

**ત્વચાની સંભાળમાં બીટરૂટના ફાયદા |** બીટરૂટમાં ઘણા જરૂરી વિટામિન્સ અને મિનરલ્સ મળી આવે છે. તેમાં આયર્ન, પોટેશિયમ, ફોસ્ફરસ અને સોડિયમ હોય છે, જે આપણા શરીર માટે ફાયદાકારક છે. આ ઉપરાંત, તે પોષક તત્વોથી ભરપૂર છે, જે આપણી ત્વચા માટે કુદરતી ટોનર તરીકે પણ કામ કરે છે. આ સિવાય તે ચહેરા પરથી ખીલ અને ડાઘ-ધબ્બા દૂર કરવામાં મદદ કરે છે.

**એલોવેરાના ફાયદા |** એલોવેરા ત્વચામાં ભેજ જાળવી રાખે છે. આ ઉપરાંત તેમાં રહેલા વિટામિન્સ, મિનરલ્સ, લિગ્નિન, સેપોનિન્સ, એન્ઝાઈમ્સ, સેલિસિલિક એસિડ અને એમિનો એસિડ પિમ્પલ્સ, ખીલ, કરચલીઓ અને ફાઈન લાઈન્સને દૂર કરવાનું કામ કરે છે. એલોવેરામાં બળતરા વિરોધી ગુણધર્મો છે, જે ત્વચા પર ફોલ્લીઓ અને ખંજવાળ ઘટાડે છે.



# ઠંડીથી નહીં પણ આ વિટામિન્સની ઉણપથી ફાટે છે હોઠ


શિયાળો આવે એટલે ખાવાની મજા પડી જાય. કારણ કે તમામ લીલોતરી, શાકભાજી બધુ જ સરળતાથી મળી રહે. પરંતુ સ્કિનને લઈને સમસ્યાઓ ઉભી થઇ જાય છે. જેમકે ઠંડીને કારણે સ્કિન ડ્રાય થઇ જવી. આના કારણે હોઠ ફાટી જાય છે. વાઢિયા પડે છે. હેર ફોલ વધારે થાય છે. ત્યારે જો તમે હોઠ ફાટવાથી પરેશાન હોવ તો તમને એક વાત આજે જણાવીશું કે હોઠ ફાટવાનું કારણ ઠંડી નહી પણ તમારા શરીરમાં વિટામિન્સ અને પાણીની ઉણપ છે. આયર્ન, ઝિંક અને વિટામિન્સ આપણા શરીરને સંતુલિત રાખવામાં મહત્વની ભૂમિકા ભજવે છે. આવી સ્થિતિમાં કોઈપણ પોષક તત્વોની ઉણપ ત્વચા અને હોઠની સમસ્યાઓ વધારી શકે છે. ત્યારે આવો જાણીએ કયા પોષક તત્વોની કમીથી હોઠ ફાટે છે.

**વિટામિન બી |** તમને જાણીને નવાઈ લાગશે કે આપણા હોઠ ફાટવા એ શરીરમાં વિટામિન બીની ઉણપનો સંકેત છે. રિપોર્ટ્સ અનુસાર હોઠની ત્વચા શરીરની ત્વચા કરતા થોડી પાતળી હોય છે. આપણા શરીરમાં પોષક તત્વોના અભાવની સીધી અસર હોઠ અને ત્વચા પર જોવા મળે છે. નિષ્ણાતો કહે છે કે વિટામિન બી કોષની કામગીરી અને ઊર્જા ઉત્પાદન જેવા આઠ પાણીના વિટામિન્સથી બનેલું છે, જે આપણા શરીર માટે ખૂબ જ ફાયદાકારક છે. આ સિવાય આ વિટામિન શરીરના ઘાને મટાડવામાં મદદ કરે છે.

**વિટામિન B9 |** આપણા હોઠ ફાટવાનું કારણ પણ વિટામિન B9 ની ઉણપનો સંકેત છે. આ વિટામિનને ફોલિક એસિડ પણ કહેવામાં આવે છે. આ વિટામિનની ઉણપથી વાળની સમસ્યા તેમજ ફાટેલા હોઠ અને શુષ્ક ત્વચા થઈ શકે છે. તેની ઉણપને કારણે તમારે લીવરની સમસ્યાનો સામનો પણ કરવો પડી શકે છે. હોઠને મુલાયમ બનાવવા માટે વિટામિન B9 નું સેવન કરવું જોઈએ.

**વિટામિન B6 |** આ સિવાય વિટામિન B6 ની ઉણપ પણ આપણા શરીરને અનેક પ્રકારના નુકસાન પહોંચાડે છે. વિટામિન B6 ના સેવનથી ઊંઘ અને ભૂખમાં સુધારો કરી શકાય છે. આ વિટામિન ત્વચા માટે પણ મહત્વપૂર્ણ માનવામાં આવે છે. આપણા હોઠની ત્વચા ખૂબ જ નાજુક હોય છે, જેને વધારાના પોષણની જરૂર હોય છે. વિટામિન B6 હોઠને ફાટતા અટકાવે છે.

# શરીરમાં ક્યારેય ફેક્ચર આવ્યું છે ? તો અપનાવો આ 5 ટિપ્સ, હાડકા થશે મજબુત



કામના વધતા દબાણને કારણે આજકાલ લોકો તેમની જીવનશૈલી બદલી શકતા નથી. અસંતુલિત આહાર અને ખોટી આદતો શરીરને નુકસાન પહોંચાડે છે. લોકોને સાંધામાં દુખાવો થવાનું આ પણ એક કારણ છે. ઘણી વખત ફેક્ચર જેવી સમસ્યાને કારણે થતા દુખાવા આજીવન રહી જતા હોય છે. આવો જાણીએ આનો ઉપાય શું છે. કેટલીકવાર આપણે બહારનો ખોરાક ખાઈને પેટ ભરીએ છીએ, પરંતુ આ રીતે શરીરને જરૂરી પોષણ મળતું નથી, જેના કારણે સાંધાનો દુખાવો અને અન્ય સ્વાસ્થ્ય સમસ્યાઓ થઈ શકે છે. સાંધાના દુખાવાનું મુખ્ય કારણ સ્નાયુઓની નબળાઈ અથવા અસંતુલન છે. સમય જતાં આ સમસ્યા ગંભીર બની શકે છે. આવી સ્થિતિમાં તરત જ ડોક્ટરની સલાહ લો. કોઈપણ કસરત પહેલાં 5-10 મિનિટ માટે શરીરને ગરમ કરવા માટે વોમ અપ એક્સરસાઈઝ મહત્વપૂર્ણ છે. આ સ્નાયુઓમાં રક્ત પરિભ્રમણને સુધારે છે અને ઈજાઓનું જોખમ ઘટાડે છે. વર્કઆઉટ પછી, સ્ટ્રેચિંગ કરી શરીરને ઠંડુ કરો,તે લોહીની ગતિને ધીમી કરે છે અને બ્લડ પ્રેશરને સામાન્ય બનાવે છે. વધારે વજન સાંધા પર દબાણ લાવે છે, જે પીડા અને ઈજાઓ તરફ દોરી શકે છે. સંતુલિત આહાર અને નિયમિત કસરત દ્વારા તમારું વજન નિયંત્રણમાં રાખો.સ્નાયુઓ યોગ્ય આરામથી સાજા થાય છે. દરરોજ 7-8 કલાક ઊંઘવાથી સાંધામાં હાજર ક્ષતિગ્રસ્ત ટિશ્યુ રિપેર થઈ જાય છે, જેનાથી શરીરને ફાયદો થાય છે. યોગ્ય મુદ્રા અપનાવો અને બેસતી વખતે ધ્યાન રાખો કે પીઠ સીધી રહે. જો તમે સાંધામાં દુખાવો અનુભવો છો, તો વિલંબ કર્યા વિના ડૉક્ટરનો સંપર્ક કરો.




નવરંગ બાંધણી ના સિલ્ક ના ડ્રેસ મા જીલ અત્યંત સુંદર લાગતી હતી. લાંબા કાળા લિસા વાળ ને હીરાની પિન થી એકબાજુ પિન અપ કરીને છૂટા રાખ્યા હતા.મોટી ભાવવાહી આંખો કાજળ ના લીધે વધારે સુંદર લાગતી હતી,સોનાના કાન ના ઝુમખા પર કૂણો તડકો પડતાં જીલ વતી વાતો કરતા હોય એવું લાગતું હતું. આકાશ માંથી સાક્ષાત અપ્સરા શ્રીનાથજી ભવન ના એક બેડરૂમની બાલ્કનીના હીંચકા પર વિચારોમાં ખોવાઈને બિરાજમાન હતું. જીલ ની કાળી ભમ્મર આંખો ખોવાયેલી લાગતી હતી,શેમાં? ગુલાબ ના ફૂલની પાંખડી જેવા ગુલાબી હોઠ કલાકથી પાણી પીધું નહતું એટલે સુકાઈ ને લાલ ચટક બની ચૂક્યા હતા. વિચારો માં ખોવાયેલી જીલ ના અતિ સુંદર ચહેરા પર ઉદાસી છવાઈ હતી, કેમ? બેત્રણ વાર બાજુ માં પડેલ મોબાઈલ ફોન ની રીંગ વાગવા છતાંય એને સંભળાઈ નહિ. લગન ના આડે ત્રણ દિવસ બાકી છે એ વાતનું દર્દ હતું કે અન્ય કોઈ વાતનું,પણ કંઈ વાત નું?

વિષ્ણુ ભાઈ એ એની લાડલી જીલના બેડરૂમ ની વિશાળ બાલ્કની પર દીકરીના ફેવરિટ વિવિધ પ્રકારના ગુલાબના ફૂલોનું નાનકડું ગાર્ડન બનાવ્યું હતું. રંગ બેરંગી ગુલાબ ના ફૂલો પરથી ઉડી ને રંગ બેરંગી પતંગિયાઓ ઉદાસ જીલ ની આસપાસ ઉડવા લાગ્યા.જીલના મોહક સ્મિત માં ઘાયલ પતંગિયા ને જીલ ની ઉદાસી થી આશ્ચર્ય થતું હતું.નિર્દોષ પતંગિયા ને જીલ ને નિહાળી પૂછી શકતા નહતા કે આસમાની હુર કેમ ઉદાસ છો? પણ જાણતા હતા કે જીલ ની ઉદાસી નું કારણ શું? ગુલાબના ફૂલો જીલ ની ઉદાસ મુખ દર્શન નિહાળી ને શરમાઈ ને ભમરા ના ગીત ગુંજન માં મય બન્યા હતા. ગુલાબના ફૂલો વચ્ચે શોભતા તુલસી ના ક્યારા ને સમજાતું હતું જીલ ના ઉદાસી નું ખાસ કારણ,પિયુ મિલન ની પૂર્વ સંધ્યા મા પ્રત્યેક યુવતીઓ ની મનોદશા જે હોય છે એવી જ જીલ ની પણ લાગે છે. સતત રણકતા મોબાઈલ ફોન ને બે દિવસ પહેલા નીતિન એ મોકલેલ પોતાનો પિક માં જીલ નું ઉદાસી નું કારણ હોય એવું લાગતું હતું.કેમ? જ્યારથી નીતિન એ પોતાનો પિક મોકલાયો છે ત્યારથી સવાર સાંજ જીલ મોબાઈલ માં નીતિન નો પિક નિહાળીને બંદર બોલીને મીઠું મધુરું સ્મિત ફરકાવ્યા કરે છે. કલાકો થી બાલ્કની માં ઉદાસ બેઠેલી જીલ જે કારણોસર ઉદાસ હતી એ કારણ એની સમક્ષ હાજર થઈ જશે એ ખાતરી થી અજાણ હતી.

બે એસ.યુ.વી કાર શ્રી નાથજી કૃપા બંગલા ના પાર્કિંગ મા પાર્ક થતાં ગાર્ડન ના ઝૂલા પર બેઠેલ નાનાજી એ નાની જી ની સામુ જોઈને બોલ્યા કે જીલના સાસરિયાં પધાર્યા લાગે, જલદી ત્યાં જઈને બધાંનું સ્વાગત કરો. દીકરી ના સાસરિયાં સચવાય તો દીકરી પણ સાસરે મૂલ્યવાન આભૂષણ માફક સચવાય છે. નાની જી એ નાનાજી ને જી બોલીને ઉભા થયા ને પાર્કિંગ તરફ ચાલવા લાગ્યા. દીપલ એ દૂર થી નાનીજી ને પોતાના તરફ આવતા જોઈને નીતિન ને કાર પાછળ સંતાઈ જવાનું સૂચન કર્યું. ચારેય ભાઈઓ ઝડપ થી ચાલીને નાની જી તરફ ગયા. નાની જી બેત્રણ ડગલાં માંડ ચાલ્યા હશે ત્યાજ ચારેય નીતિન ના કઝીન ભાઈઓ એ નીચા નમીને નાનીજી “જય શ્રી કૃષ્ણ” બોલ્યા.ચારેય ભાઈઓ એ નાની જી ને બેત્રણ મિનિટ વાતચીતમાં ફસાવ્યા એ દરમિયાન દીપલ એન્ડ પાર્ટી એ ભાભીઓ સાથે મળીને નીતિન ને બંગલા ના પાછળ ના રસ્તે થી જીલ ના બેડરૂમ તરફ જવાના રસ્તે એન્ટર કરાવી દીધો. પ્લાન મુજબ જીલ ને મળીયા બાદ નીતિન એ મેસેજ કરવાનો હતો,દસ પંદર મિનિટ નો સમય નીતિન ને જીલ ને મળવાનો નક્કી થયો હતો.આ કારણોસર દસ પંદર મિનિટ નો સમય ભાઈઓ,ભાભીઓ અને દીપલ એન્ડ પાર્ટી એ બધા સાથે વાતચીતમાં પાસર કરવાનો હતો.

બંગલાની પાછળ ના ભાગમાં આવેલ વિષ્ણુભાઈની ઓફિસ માંથી ઉપલબ્ધ સીડી ટેરસ સુધી જતી હતી. મોટાભાગે વિષ્ણુ ભાઈ બંગલાની ઓફિસ માં સાંજ ના સમયે જ બેસતા હતા.વિષ્ણુ ભાઈ એ નીતિન ને પોતાનો દીકરો માનતા હતા એટલે ઓફિસની બીજી ચાવી એને આપી હતી.

નીતિન એ ધીમેથી જીલ ના બેડરૂમ માં ચોર પગે એન્ટર થઈને વિચારોમાં ખોવાયેલી જીલ ની આગળ રેડ ગુલાબ ના ફૂલનો બુકે ધરતા એ ભય ના માર્યા ડરી ને ચિસ પડવા જતી હતી ત્યાં નીતિન એ એના મોં પર હાથ મૂકી દીધો,

નીતિન ધીમેથી જીલ ની આશ્ચર્ય થી પોહલી થયેલી આંખ મા આંખ પોરવતા કહ્યું કે બંદરીયા, બચ્ચે કો મારને કા ઈરાદા હે ક્યાં? ડાકુ, ચોર લુટારો લાગુ છું કે તારે રાડા રાડ કરવી છે.

જીલ એ નીતિનનો હાથ પકડીને હીંચકા પર પોતાની બાજુમા બેસાડતા કહ્યું કે બંદર,સાચું કહું તુ અત્યારે હૂબહૂ બંદર જેવો જ લાગે છે, માન્યું કે બંદર નું મોઢું કાળુ હોય છે ને તું થોડોઘણો ઠીકઠાક દેખાય છે.

નીતિન પ્રેમ જીલ ની આંખમાં આંખ પરોવીને બોલ્યો : અચ્છા, મારી જીલ ને મળવા બંદર બનવું પડ્યું તો એમાં ખોટું શું છે?

જીલ સહેજ સ્મિત ફરકાવી મજાક મસ્તી માં બોલી કે ચોરી છુપી આમ અન્ય ના બેડરૂમ માં ઘૂસવા નું કૃત્ય બંદર જ કરી શકે.માણસ ને શું કરાય કે ના કરાય એવી બુધ્ધિ હોય છે.બાય ધ વે બંદર,ત્રીજા ફ્લોર સુધી ચોરી છૂપી મજનુ બનીને આવ્યો કઈ રીતે? ડેડી,બેઠક ખંડ મા જ બેઠા છે કદાચ અન્ય મહેમાનો તને ઓળખે કે ના ઓળખે પણ ડેડી તો તને ફ્ટ ઓળખી ને પકડી પાડે. બોલ આવ્યો કઈ રીતે?

નીતિન એ રોમેન્ટિક મૂડમાં જીલ ને પોતાની તરફ ખેંચી ને કહ્યું કે બંદરીયા,બધા સિક્રેટ શેર તારી સાથે કરું તો તું કાલ પેપર માં છપાવી નાખે. અત્યારે તો એટલું સમજ કે તને કેટલાય દિવસો થી જોઈ નહતી એટલે ખાસ તને મળવા આવ્યો છું. દસ પંદર મિનિટ નો સમય માંડ છે અત્યારે મારા પાસે તને મળવાનો.પ્લીઝ નકામી વાતો મા સમય ના બગાડ.એ બોલ કેમ ઉદાસ એકલી બેઠી હતી? આટલી બધી મારી યાદ આવતી હતી તો મેસેજ કેમ ના કર્યો?

નીતિનની છાતીમાં શરમાઈ ને મોં સંતાડતા જીલ એ કહ્યું કે બંદર,પ્રોમિસ કર તું લગ્ન બાદ પણ મને અત્યારે આપે છે આટલું જ ઈમ્પોરટન્સ આપીશ. મોટાભાગના પતિઓ લગ્ન બાદ પત્નીઓને નોકરી ધંધામાં વ્યસ્ત થઈ ને ગૃહ લક્ષ્મી બનાવી દેતા હોય છે. નીતિન એ પેન્ટ ના પોકેટ માંથી સાચા મોતીની હીરા જડિત વીંટી કાઢી ને જીલની આંગળી માં પહેરાવતા કીધું કે જો આ મે તારા માટે ખુદ ડીઝાઈન કરીને બનાવી છે તને ગમી?

જીલ એ વીંટી તરફ નજર કરતા કહ્યું કે અરે!!વાહ, અદભૂત ખૂબ જ સુંદર છે આટલી સુંદર ડીઝાઈન તો ક્યાંય જોઇ જ નથી.પરંતુ તે મારા પ્રશ્ન નો જવાબ ના આપ્યો.

નીતિન એ જીલ ના સુંદર ગુલાબી ગાલો પર હળવી કિસ કરતા કહ્યું કે પ્રોમિસ,તને એવું કેમ લાગે છે કે હું લગ્ન બાદ જીલ નો પતિ બની જઈશ? ડાર્લિંગ,તુ બેત્રણ બાળકો ની મમ્મી બની જઈશ ને તોય તારો નીતિન હમેશા જીલ નો પ્રેમી જ બનીને રહેવાનો છે.

દસ પંદર મિનિટ થી વધારે સમય લાગતા દીપલ એ નીતિન ને મિસ કોલ કર્યો ને મેસેજ માં લખ્યું કે બે મિનિટ માં નીચે ઉતરી કાર મા ગોઠવાઈ જા નહિતર અમે બધા ઉપર આવીએ છીએ.

દીપલનો મેસેજ વાંચીને નીતિન ફટાફટ ચોર રસ્તે થી નીચે ઉતરી ને કાર મા ગોઠવાઈ ને દીપલ ને મેસેજ કર્યો.

દીપલ એ બેત્રણ સ્માઈલી મૂકીને નીતિન ને વળતો મેસેજ કર્યો કે સોરી બેબી, અંકલ આન્ટી એ ભાભીઓને જીલ ને મળવાનો ફોર્સ કરતા દસેક મિનિટ લાગશે..

નીતિન ગુસ્સામાં બોલ્યો ઓહ!!નો..

# ‘જવાનો સમય થઈ ગયો છે’

## અમિતાભ બચ્ચને રાત્રે 8:30 વાગ્યે ભાવનાત્મક પોસ્ટ કરી; બિગ બીના ચાહકો ચિંતિત થઈ ગયા

બોલિવૂડના મેગાસ્ટાર અમિતાભ બચ્ચનની ફેન ફોલોઈંગ કોઈથી અજાણી નથી. આવી સ્થિતિમાં, જ્યારે પણ અમિતાભ બચ્ચનના સ્વાસ્થ્યનો વિષય આવે છે, ત્યારે તેમના ચાહકો ચિંતિત થઈ જાય છે. તેવી જ રીતે, તાજેતરમાં જ્યારે 82 વર્ષીય અમિતાભ બચ્ચને સોશિયલ મીડિયા પર એક પોસ્ટ લખી વિદાય લેવાનો ઉલ્લેખ કર્યો, તો તેમના ચાહકો ગભરાઈ ગયા અને તેમને પ્રશ્નો પૂછવા લાગ્યા.

બિગ બીએ તાજેતરમાં જ ગઈકાલે રાત્રે લગભગ 8 વાગ્યે તેમના સત્તાવાર એક્સ હેન્ડલ પર એક પોસ્ટ શેર કરી. આમાં, તેમણે લખ્યું હતું કે,- ‘જવાનો સમય આવી ગયો છે’. તેમણે આ સાથે બીજું કંઈ લખ્યું નથી. તેમણે કયા સંદર્ભમાં પોસ્ટ કરી હતી તેનો પણ ઉલ્લેખ કર્યો નથી, કે ન તો તેમણે કોઈ ફિલ્મ કે સ્થાનનો ઉલ્લેખ કર્યો હતો.

અમિતાભ બચ્ચનની પોસ્ટ આવતાની સાથે જ તેમના ચિંતિત ચાહકોએ ઘણા પ્રશ્નો પૂછવાનું શરૂ કરી દીધું. એક તરફ ઘણા ચાહકો પૂછી રહ્યા છે કે ‘તે ક્યાં જવાની વાત કરી રહ્યા છે?,’ તો બીજી તરફ એક ચાહકે ગભરાટમાં લખ્યું, ‘ભાઈ આવી વાતો ના કરો’. બીજા એક ચાહકે લખ્યું,

‘મને આશ્ચર્ય થાય છે કે એવું શું થયું કે તમે અચાનક બોલી ગયા’. ક્યારેક વ્યક્તિને કોઈ વિચિત્ર વિચાર આવે છે અને જીભ અને કલમ બોલી ઊઠે છે. ભલે, ગમે તે થાય, આપણી આત્મશક્તિ ખૂબ જ મજબૂત છે.’ આ પોસ્ટ પછી, કેટલાક લોકો માને છે કે અમિતાભ બચ્ચન કદાચ તેમની એક્ટિંગ કરિયરમાંથી નિવૃત્તિ લેવાની વાત કરી રહ્યા હશે. તે જ સમયે, કેટલાક લોકો આ પોસ્ટને KBC 16 સાથે જોડી રહ્યા છે, જે થોડા સમયમાં સમાપ્ત થવાનો છે.



**આ પોસ્ટના થોડા સમય પહેલા પણ, બિગ બીએ લખ્યું હતું કે, જીવનના કોઈપણ તબક્કે, દર્શકો જ જીવન છે.**




**બિગ બીનું વર્કફ્રન્ટ :** નોંધનીય છે કે,આ દિવસોમાં બિગ બી ‘કૌન બનેગા કરોડપતિ સિઝન 16’ માં જોવા મળી રહ્યા છે. તાજેતરમાં આ શોએ 25 વર્ષ પૂર્ણ કર્યા. આ ખાસ પ્રસંગે, અગાઉની બધી સિઝનના વિજેતાઓને હોટ સીટ પર આમંત્રિત કરવામાં આવ્યા છે, જેમાં તેઓ કહી રહ્યા છે કે શોમાં આવ્યા પછી તેમનું જીવન કેટલું બદલાઈ ગયું છે. વર્ક ફ્રન્ટની વાત કરીએ તો, આગામી સમયમાં અમિતાભ બચ્ચન ‘બ્રહ્માસ્ત્ર 2: દેવ અને રામાયણ’ જેવી મોટી ફિલ્મોમાં જોવા મળશે. તેઓ છેલ્લે ફિલ્મ ‘કલ્કિ 2898AD’ માં જોવા મળ્યા હતા.

# પલ્લવીએ ચૈતન્યને પૂછ્યું- એક્ટિંગ ક્યારે શીખશો?

## એક્ટરે કહ્યું- આ એક સતત ચાલુ રહેતી પ્રક્રિયા છે, તેને સંપૂર્ણપણે શીખી શકાતી નથી

(એજન્સી) મુંબઈ | તા.08

સાઉથ એક્ટર નાગા ચૈતન્ય અને સાઈ પલ્લવી તેમની ફિલ્મ ‘થંડેલ’ને કારણે સમાચારમાં છે. મોસ્ટ એવેટેડ ફિલ્મ ‘થંડેલ’ શુક્રવારે સિનેમાઘરોમાં રિલીઝ થઈ છે. ફિલ્મની રિલીઝના એક દિવસ પહેલા, એક્ટ્રેસે તેના એક્સ હેન્ડલ પર લગભગ છ મિનિટનો એક વીડિયો શેર કર્યો હતો. જેમાં તેણે તેના કો-એક્ટર નાગા ચૈતન્યને કેટલાક પ્રશ્નો પૂછ્યા છે.

સાઈ પલ્લવી નાગાનો ઈન્ટરવ્યૂ લે છે. આ દરમિયાન એક્ટ્રેસે નાગાને કહ્યું કે કેટલાક પ્રશ્નો મારા છે અને કેટલાક ચાહકો દ્વારા મોકલવામાં આવ્યા છે. એક્ટ્રેસે નાગાને પૂછ્યું, તમે એક્ટિંગ ક્યારે શીખશો?

નાગા ચૈતન્યે પ્રશ્નનો જવાબ આપતા કહ્યું- હું ક્યારે એક્ટિંગ શીખીશ તેનો શું અર્થ થાય છે? પ્રમાણિકતાથી કહું તો, મને લાગે છે કે તે એક સતત ચાલતી પ્રક્રિયા છે. આ એવી વાત છે જે તમે સમય સાથે શીખતા જાઓ છો . મને નથી લાગતું કે તે ક્યારેય સંપૂર્ણ રીતે શીખી શકાશે. જો તમે શીખવાની પ્રક્રિયા છોડી દો છો, તો તમે એક્ટર તરીકે આગળ વધી શકતા નથી. મેં હજુ પણ એક્ટિંગ સંપૂર્ણપણે શીખી નથી, હું દરરોજ કંઈક નવું શીખી રહ્યો છું.

વીડિયો શેર કરતી વખતે, સાઈ પલ્લવીએ તેના કેપ્શનમાં લખ્યું - લાગે છે કે ઈન્ટરવ્યૂ સારો રહ્યો!



### હું ટ્રોલિંગને અવગણું છું

ગલાટા પ્લસ સાથેના તાજેતરના ઈન્ટરવ્યૂમાં, નાગા ચૈતન્યે ટ્રોલિંગ વિશે વાત કરી. એક્ટરે કહ્યું- ‘મારા શરૂઆતના દિવસોમાં, હું ટ્રોલિંગથી ખૂબ પ્રભાવિત થયો હતો. મારો ટ્રોલ્સને પ્રશ્ન છે કે તેમને આ બધું શા માટે કરવું પડે છે? દરેક વ્યક્તિ પોતાનું જીવન જીવી રહ્યો છે. તો શા માટે લોકોને તેમના જીવનમાં દખલ કરવાની જરૂર પડે છે? થોડા સમય પછી મેં આ બધું અવગણવાનું શરૂ કર્યું. મને લાગ્યું નહીં કે મારે દરેક વસ્તુ પર પ્રતિક્રિયા આપવાની જરૂર છે.’

**નાગા-પલ્લવી વર્ષ 2021 પછી સાથે જોવા મળ્યા :** ‘થંડેલ’નું દિગ્દર્શન ચંદુ મોન્ડેટી દ્વારા કરવામાં આવ્યું છે. આ ફિલ્મમાં નાગા અને સાઈ પલ્લવી ઉપરાંત પ્રકાશ બેલાવાડી, દિવ્યા પિલ્લઈ, રાવ રમેશ અને કરુણાકરણ પણ છે. અહેવાલો અનુસાર, આ ફિલ્મ 90 કરોડ રૂપિયાના બજેટમાં બનાવવામાં આવી છે. નોંધનીય છે કે, ફિલ્મ ‘થંડેલ’ પહેલા, નાગા ચૈતન્ય અને સાઈ પલ્લવી વર્ષ 2021 માં રિલીઝ થયેલી ફિલ્મ ‘લવ સ્ટોરી’માં સાથે જોવા મળ્યા હતા.

# ‘પહેલી મુલાકાતમાં પતિને ‘ગે’ સમજી બેઠી’

## ફારાહ ખાને કહ્યું- હું તેને છ મહિના સુધી નફરત કરતી રહી, હવે મને શિરીષની આદત પડી ગઈ છે

(એજન્સી) મુંબઈ | તા.08

કોરિયોગ્રાફર ફારાહ ખાને ખુલાસો કર્યો છે કે જ્યારે તેઓ પહેલી વાર મળ્યા ત્યારે તેમણે શિરીષ કુંદરને ગે સમજી લીધો હતો. આ કારણે તે શિરીષને ખૂબ નફરત કરતી હતી. પછી બંને મિત્રો બન્યા અને લગ્ન કરી લીધા.

તાજેતરમાં, ફારાહ અર્ચના પૂરણ સિંહના વ્લોગમાં જોવા મળી હતી. જ્યારે અર્ચનાએ ફારાહને શિરીષ સાથેની તેની પહેલી મુલાકાત વિશે પૂછ્યું, ત્યારે તેણે કહ્યું, “હું તેને નફરત કરતી હતી. 6 મહિના સુધી મને લાગ્યું કે તે ગે છે.’

આના પર અર્ચનાએ મજાકમાં પૂછ્યું- શું તું હજુ પણ શિરીષને નફરત કરે છે? ફારાહ હસીને બોલી, ‘ના, મને હવે આદત પડી ગઈ છે.’ અમે 20 વર્ષથી સાથે જ રહીએ છીએ. શરૂઆતમાં તો તેને ગુસ્સો આવતો હતો. જ્યારે તે ગુસ્સે થતો ત્યારે તે ચૂપ થઈ જતો અને બોલતો નહિ; આનાથી મને ખૂબ પીડા થતી.’





### શિરીષ અને ફરાહે ઘણા પ્રોજેક્ટ્સમાં સાથે કામ કર્યું હતું

ફારાહ અને શિરીષની મુલાકાત 2000 ની શરૂઆતમાં થઈ હતી. શિરીષ ફારાહની દિગ્દર્શિત ફિલ્મ “મૈં હૂં ના” ના એડિટર હતા. આ પછી, બંનેએ ‘જાન-એ-મન’, ‘ઓમ શાંતિ ઓમ’ અને ‘તીસ માર ખાન’ જેવી ફિલ્મોમાં સાથે કામ કર્યું.

થોડા સમય માટે રિલેશનશિપમાં રહ્યા બાદ, ફારાહ અને શિરીષે 2004 માં લગ્ન કર્યા. બંને ત્રણ બાળકોના માતા-પિતા છે.


# ‘હું આ કેસમાં સીધો સંડોવાયેલો નથી’ : સોનુ સૂદ

## વોરંટ પર સોનુ સૂદે મૌન તોડ્યું, કહ્યું- સમાચાર સનસનાટીભર્યા છે, સેલેબ્સને સોફ્ટ ટાર્ગેટ બનાવાય છે

(એજન્સી) મુંબઈ | તા.08

10 લાખ રૂપિયાની છેતરપિંડીના કેસમાં સોનુ સૂદ વિરુદ્ધ ધરપકડ વોરંટ જારી થયાના સમાચાર હેડલાઈન્સમાં ચમકી રહ્યા છે. દરમિયાન, સોનુ સૂદે હવે આ અહેવાલો પર પોતાનું મૌન તોડ્યું છે. તેણે સ્પષ્ટતા કરી છે કે તેઓ આ કેસમાં સીધા સંડોવાયેલા નથી.

તાજેતરમાં, સોનુ સૂદે તેમના સત્તાવાર સોશિયલ મીડિયા હેન્ડલ પરથી ધરપકડ વોરંટ પર સ્પષ્ટતા આપી અને લખ્યું, ‘મારે સ્પષ્ટ કરવાની જરૂર છે કે સોશિયલ મીડિયા પ્લેટફોર્મ પર આવી રહેલા સમાચાર ખૂબ જ સનસનાટીભર્યા છે. સ્પષ્ટતા કરવા માટે, માનનીય કોર્ટે અમને થર્ડ પાર્ટી સંબંધિત કેસમાં સાક્ષી તરીકે સમન્સ પાઠવ્યા છે, આ કેસ સાથે અમારે સીધી રીતે કોઈ લેવાદેવા નથી.’



સોનુ આગળ લખે છે કે, ‘અમારા વકીલોએ તે સમન્સનો જવાબ આપી દીધો છે અને હું 10 ફેબ્રુઆરીએ મારું નિવેદન નોંધાવીશ, જેમાં હું સ્પષ્ટ કરીશ કે મારો આ કેસ સાથે કોઈ સંબંધ નથી. અમે તેના બ્રાન્ડ એમ્બેસેડર નથી કે અન્ય કોઈ રીતે તેની સાથે જોડાયેલા નથી. આ બધું ફક્ત મીડિયા અને લોકોનું ધ્યાન ખેંચવા માટે કરવામાં આવી રહ્યું છે. સેલિબ્રિટીઝ સોફ્ટ ટાર્ગેટ બને છે તે ખૂબ જ દુઃખદ છે.’

નોંધનીય છે કે, આ મામલો મલ્ટિ-લેવલ માર્કેટિંગ સાથે સંબંધિત છે. તાજેતરમાં, લુધિયાણા સ્થિત વકીલ રાજેશ ખન્નાએ જુલાઈ 2023 માં મોહિત શુક્લા નામના ઉદ્યોગપતિ અને તેમની કંપની વિરુદ્ધ ફરિયાદ નોંધાવી હતી. એવા આરોપો છે કે મોહિતે માર્કેટિંગના નામે છેતરપિંડી કરી અને પછી પૈસા પરત કરવાનો ઈનકાર કર્યો છે.

તપાસ દરમિયાન સોનુ સૂદનું નામ પણ આ કેસમાં જોડાયું. અહેવાલો અનુસાર, સોનુ સૂદ આરોપીની કંપનીનો બ્રાન્ડ એમ્બેસેડર હતો. આ જ કારણ હતું કે સોનુ સૂદને કેસમાં જુબાની આપવા માટે બોલાવવામાં આવ્યો હતો. એવા અહેવાલો હતા કે વારંવાર સમન્સ પાઠવવા છતાં, સોનુ સૂદ કોર્ટમાં હાજર થયો ન હતો, જેના કારણે તેની સામે ધરપકડ વોરંટ જારી કરવામાં આવ્યું છે. હવે અભિનેતાએ એક પોસ્ટ દ્વારા સ્પષ્ટતા કરી છે કે તેનો કંપની સાથે કોઈ સંબંધ નથી.’



## સબા અલી ખાને તૈમૂર-જેહ અને પરિવાર માટે મદરેસાના બાળકો પાસે કુરાનનું પઠન કરાવ્યું

# સૈફઅલીખાનની સુરક્ષા માટે બહેને ‘દાન’ કર્યું...

(એજન્સી) મુંબઈ | તા.08

16 જાન્યુઆરીના રોજ સૈફ અલી ખાન પર તેના ઘરે હુમલો થયો હતો. તેમના પર છ વાર છરી વડે હુમલો કરવામાં આવ્યો હતો, જેના કારણે તેને ઘાયલ હાલતમાં લીલાવતી હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યો હતો. હવે સૈફ સ્વસ્થ છે અને તેની આગામી ફિલ્મ ‘ધ જ્વેલ થીફ’ના પ્રમોશનમાં વ્યસ્ત છે. આ દરમિયાન, તેમની બહેન સબા અલી ખાને સૈફ અને તેમના બાળકો સહિત પરિવારની સુરક્ષા માટે કુરાન ખ્વાનીની વ્યવસ્થા કરી હતી.


સબા અલી ખાન પટૌડીએ તાજેતરમાં જ પોતાના સોશિયલ મીડિયા એકાઉન્ટ પરથી કુરાન ખ્વાનીનો ફોટો શેર કર્યો છે. તેમણે મદરેસાના બાળકોને કુરાન પઠન માટે બોલાવ્યા હતા. આ સાથે, તેમણે તેમના બાળકો અને પરિવાર માટે સદકા(દાન) પણ કર્યું છે. તસવીરની સાથે સબાએ લખ્યું,- “વિશ્વાસ મારા માટે સૌથી વધુ મહત્ત્વ ધરાવે છે.” તેથી મેં ભાઈ અને તેના પરિવાર, બાળકો ટિમ (તૈમુર)-જેહ (જહાંગીર) અને ભાભી (કરીના) માટે કુરાન ખ્વાની અને સદકાનું આયોજન કર્યું છે. હંમેશા સલામતી.’ નોંધનીય છે કે, સૈફ અલી ખાન ટૂંક સમયમાં નેટફ્લિક્સની ફિલ્મ ‘ધ જ્વેલ થીફ’માં જોવા મળશે. તાજેતરમાં નેટફ્લિક્સે આ ફિલ્મની સત્તાવાર જાહેરાત કરી છે. હુમલા પછી, સૈફ અલી ખાન પહેલીવાર જાહેરમાં નેટફ્લિક્સના કાર્યક્રમનો ભાગ બન્યો. આ દરમિયાન, તેના એક હાથ પર અને ગરદન પર પાટો જોવા મળ્યો. બીજી તરફ, સૈફ અલી ખાનના પુત્ર ઈબ્રાહિમ અલી ખાનની ડેબ્યૂ ફિલ્મ ‘નાદાનિયાં’ની પણ નેક્સ્ટ ઓન નેટફ્લિક્સ ઈવેન્ટમાં જાહેરાત કરવામાં આવી હતી. તેણે કો-એક્ટ્રેસ ખુશી કપૂર સાથે આ કાર્યક્રમમાં હાજરી આપી હતી અને ફિલ્મના ગીત “ઈશ્ક મેં” પર પર્ફોર્મ કર્યું હતું. સૈફ પર થયેલા હુમલાની વાત કરીએ તો, તેના પર હુમલો કરનાર વ્યક્તિની ઓળખ શરીફુલ ઈસ્લામ તરીકે થઈ છે. હુમલાના ત્રીજા દિવસે મુંબઈ પોલીસે શરીફુલની મુંબઈથી ધરપકડ કરી. પોલીસના જણાવ્યા અનુસાર, શરીફુલ એક બાંગ્લાદેશી છે.

## ઓ સાથી રે ને ઓટીટી પર રીલિઝ કરાશે : લગ્નેતર સંબંધો પર આધારિત કથા:અહેસાસ ચન્ના અને અર્જુન રામપાલની પણ ભૂમિકા

# ઈમ્તિયાઝ અલીના નવા પ્રોજેક્ટમાં અદિતી રાવ સાથે અવિનાશ તિવારી

મુંબઈ : ઈમ્તિયાઝ અલીની ઓટીટી પ્લેટફોર્મ માટે ‘ઓ સાથી રે’ ટાઈટલથી લગ્નેતર સંબંધો પર આધારિત એક પ્રોજેક્ટ હાથ ધરી રહ્યો છે. આ મોટાભાગે એક વેબ સીરિઝ હશે તેવું મનાય છે. તેમાં અવિનાશ તિવારી સાથે અદિતી રાવ હૈદરીની જોડી જોવા મળશે. ફિલ્મમાં અર્જુન રામપાલ તથા અહેસાસ ચન્ના પણ મહત્વની ભૂમિકામાં છે. આ કલાકારો સ્ક્રિપ્ટ રીડિંગ સેશન વખતે સાથે જોવા મળ્યાં હતાં. શૂટિંગ આ મહિનાના અંતથી શરુ થવાનું છે. ઈમ્તિયાઝ અલીએ જ અવિનાથ તિવારીને તૃપ્તિ ડિમરી સાથે ‘લૈલા મજનૂ’ ફિલ્મથી બ્રેક આપ્યો હતો. આ ફિલ્મ તાજેતરમાં રી રીલિઝ થઈ ત્યારે મૂળ રીલિઝ કરતાં પણ વધારે કમાઈ હતી.

જોકે, આ વખતે ઈમ્તિયાઝ ડિરેક્શન નહિ કરે પરંતુ માત્ર લેખક અને નિર્માતા તરીકે જ છે. તેનો ભાઈ આરિફ અલી દિગ્દર્શન કરવાનો છે.



## 18મી એપ્રિલે રીલિઝ થવાની હતી : જાહ્નવી અને વરુણની ફિલ્મમાં વધુ ગીતો તથા દ્રશ્યો ઉમેરવાનું નક્કી કરાતાં શૂટિંગ લંબાયું

# સની સંસ્કારી કી તુલસી કુમારી ફિલ્મની રીલિઝ પાછી ઠેલાશે


મુંબઈ : વરુણ ધવન અને જાહ્નવી કપૂરની ફિલ્મ ‘સની સંસ્કારી કી તુલસી કુમારી’ અગાઉ ઘોષિત કરાયેલી તારીખ૧૮ એપ્રિલના રોજ રીલિઝ કરવામાં આવશે નહીં. ફિલ્મમાં બે નવાં ગીતો ઉપરાંત વધુ કેટલાંક દ્રશ્યો ઉમેરવાનું નક્કી થયું છે. તેના કારણે આ ફિલ્મનું શૂટિંગ આગામી માર્ચ માસ સુધી ચાલે તેમ હોવાથી એપ્રિલમાં તેની રીલિઝ શક્ય નહિ બને.

વરુણ ધવન અને જાહ્નવી બંનેની કેરિયર ડામાડોળ ચાલી રહી છે. નેપોકિડ્ઝ હોવાના કારણે બંનેને ફિલ્મો મળ્યા કરે છે પરંતુ તેઓ હજુ પણ એકલા હાથે કમર્શિઅલ સકસેસ અપાવવામાં કામયાબ થયાં નથી.

કરણ જોહર જાહ્નવી કપૂરનો મેન્ટર છે અને તેથી જાહ્નવીની ફિલ્મને શક્ય તેટલી વધારે મનોરંજક બનાવવા માટે તેણે આ નિર્ણય કર્યો છે.



# ગિલે કહ્યું- કોહલીની ઈજા ગંભીર નથી, તે બીજી મેચ રમશે



(એજન્સી) નાગપુર

ભારતીય ટીમના વાઈસ-કેપ્ટન શુભમન ગિલે વિરાટ કોહલીની ઈજા અંગે અપડેટ આપ્યું છે. ગિલે કહ્યું- કોહલીની ઈજા ગંભીર નથી. તે સંપૂર્ણપણે ફિટ છે અને રવિવારે ઈંગ્લેન્ડ સામેની બીજી વન-ડેમાં રમતા જોવા મળશે. અનુભવી બેટર વિરાટ જમણા ઘૂંટણમાં સોજાને કારણે પહેલી મેચ રમી શક્યો ન હતો. આ કારણે તેની ફિટનેસ પર પ્રશ્નો ઉભા થવા લાગ્યા. 19 ફેબ્રુઆરીથી પાકિસ્તાન અને દુબઈમાં શરૂ થનારી ચેમ્પિયન્સ ટ્રોફી માટે કોહલીને ભારતીય ટીમમાં સામેલ કરવામાં આવ્યો છે. 25 વર્ષીય ગિલે કહ્યું, 'તેની (કોહલી) ઈજા ગંભીર નથી.' બુધવારે તેણે સારી પ્રેક્ટિસ કરી, પરંતુ ગુરુવારે સવારે તેના ઘૂંટણમાં થોડો સોજો આવી ગયો. તે ચોક્કસપણે બીજી વન-ડેમાં પરત ફરશે.' ગિલે પોતાની ઈનિંગ્સ પર કહ્યું- 'હું પહેલી વન-ડેમાં સદીને ધ્યાનમાં રાખીને રમી રહ્યો ન હતો. હું ફિલ્ડિંગ વ્યવસ્થા પર ધ્યાન કેન્દ્રિત કરી રહ્યો હતો. હું તે મુજબ મારા શોટ્સ રમી રહ્યો હતો. હું બોલર પર પ્રભુત્વ મેળવવાનો પ્રયાસ કરી રહ્યો હતો. મને ત્રીજા નંબર પર બેટિંગ કરવામાં કોઈ સમસ્યા નથી.' નાગપુરમાં ઈંગ્લેન્ડ સામે ભારતની ચાર વિકેટની જીતમાં ગિલે મુખ્ય ભૂમિકા ભજવી હતી, જેમાં તેણે 87 રન બનાવ્યા હતા. યશસ્વી જયસ્વાલ 19 રન બનાવીને આઉટ થયા બાદ તે ત્રીજા નંબરે આવ્યો હતો. જ્યારે બીજો ઓપનર અને કેપ્ટન રોહિત શર્મા 2 રન બનાવીને પેવેલિયન પાછો ફર્યો ત્યારે તેણે ફક્ત 3 બોલ રમ્યા હતા. આવી સ્થિતિમાં, ગિલે શ્રેયસ અય્યર સાથે મળીને ઈનિંગની કમાન સંભાળી. બંનેએ ત્રીજી વિકેટ માટે 64 બોલમાં 94 રનની ભાગીદારી કરી. તેણે કહ્યું, 'હું ટેસ્ટમાં ત્રીજા નંબરે બેટિંગ કરું છું. તેથી મારે વધારે ગોઠવણો કરવાની જરૂર નહોતી. પહેલી વન-ડે મેચમાં વિરાટ કોહલીની જગ્યાએ ગિલ નંબર-3 પર બેટિંગ કરવા આવ્યો હતો.

# કેરળ ક્રિકેટ એસોસિયેશને શ્રીસંત વિરુદ્ધ નોટિસ ફટકારી:કહ્યું- તે પ્લેયર્સનું રક્ષણ ન

## શ્રીસંતે માર્ચ 2022માં ક્રિકેટના તમામ ફોર્મેટમાંથી નિવૃત્તિ લીધી.

(એજન્સી) કેરળ તા 08

કેરળ ક્રિકેટ એસોસિયેશન (KCA)એ ભૂતપૂર્વ ભારતીય ક્રિકેટર એસ. શ્રીસંત સામે કારણદર્શક નોટિસ જારી કરવામાં આવી છે. KCAએ કહ્યું કે, આ નોટિસ સંજુ સેમસનને ટેકો આપવા બદલ નહીં, પરંતુ એસોસિયેશન વિરુદ્ધ ખોટા નિવેદનો આપવા બદલ જારી કરવામાં આવી છે. હકીકતમાં શ્રીસંતે સંજુ સેમસનને ડોમેસ્ટિક સિઝનની મેચમાં ન રમવા બદલ ટેકો આપ્યો હતો. KCA એ પોતાની પ્રેસ નોટમાં લખ્યું છે કે, શ્રીસંત જેવા વ્યક્તિ, જે એક સમયે સટ્ટાબાજીના કેસમાં સંડોવાયેલા છે, તેમણે ખેલાડીઓની સુરક્ષાની જવાબદારી ન લેવી જોઈએ. કેરળ ક્રિકેટ બોર્ડે તેમને એ પણ યાદ અપાવ્યું કે પ્રતિબંધ હટાવ્યા પછી કેરળ ક્રિકેટ જ શ્રીસંતને પાછો લાવ્યો હતો. આ તસવીર 2019ની છે, જ્યારે શ્રીસંત પરથી આજીવન પ્રતિબંધ હટાવવામાં આવ્યો હતો. કેરળ વેબસાઈટ ઓનલાઈન મનોરમા અનુસાર, KCA એ તેના નિવેદનમાં જણાવ્યું હતું કે, BCCI એ તેને મેચ ફિક્સિંગ અને સટ્ટાબાજીના કેસમાં દોષિત ઠેરવ્યો હતો, જેના કારણે તેના પર આજીવન પ્રતિબંધ મૂકવામાં આવ્યો હતો. જોકે, પાછળથી BCCIએ તેને ઘટાડીને 7 વર્ષ કરી દીધો. બોર્ડે કહ્યું કે, કેરળ ક્રિકેટ એસોસિયેશને હંમેશા તેના ખેલાડીઓનું રક્ષણ કર્યું છે. શ્રીસંત પર સટ્ટાબાજીનો આરોપ હતો. જે ભારતીય ક્રિકેટનો એક કાળો અધ્યાય હતો. 2013માં, શ્રીસંત પર IPL મેચમાં ફિક્સિંગ અને સટ્ટાબાજીનો આરોપ મૂકવામાં આવ્યો હતો.આ સમગ્ર વિવાદ પર, શ્રીસંતે મલયાલમ ન્યૂઝ ઓનલાઈન મનોરમાને કહ્યું કે તે તેના સાથી ખેલાડીઓ સાથે ઉભા રહેશે, પછી ભલે તે સંજુ સેમસન હોય, સચિન બેબી હોય કે નિધિશ હોય. તેમણે કેરળ ક્રિકેટ પર મલયાલી ખેલાડીઓને બદલે અન્ય રાજ્યોના ખેલાડીઓને પ્રાધાન્ય આપવાનો આરોપ લગાવ્યો, જેના કારણે સ્થાનિક ખેલાડીઓને નેશનલ ટીમમાં સ્થાન મેળવવામાં મુશ્કેલીનો સામનો કરવો પડી રહ્યો છે. કેરળ ક્રિકેટે શ્રીસંતને મુક્ત કર્યો, જેણે તેની સજા પૂર્ણ કરી હતી. તેને અગાઉ રણજી ટ્રોફી રમવાની તક આપવામાં આવી હતી. શ્રીસંતે તાજેતરમાં જ પ્રશ્ન ઉઠાવ્યો હતો કે સંજુ પછી ભારતીય ટીમમાં કોણ આવ્યું. આના જવાબમાં, KCA એ મહિલા ક્રિકેટરો સજના સજીવન, મિનુમાની અને આશા શોભાનાનું નામ આપ્યું હતું.તેમણે વધુમાં કહ્યું કે, સચિન બેબી ગયા ડોમેસ્ટિક સિઝનમાં બીજા ક્રમે સૌથી વધુ રન બનાવનાર ખેલાડી હતો, છતાં તેને દુલીપ ટ્રોફી ટીમમાં સ્થાન મળ્યું ન હતું. આ અંગે KCA કેમ ચૂપ હતા? આ એસોસિયેશન ફક્ત પોતાના હિત માટે કામ કરી રહ્યું છે.



# ભૂતપૂર્વ ક્રિકેટર સાઈરાજ રાજસ્થાનના સ્પિન કોચ બનશે

(એજન્સી) રાજસ્થાન તા 08



ભૂતપૂર્વ ભારતીય સ્પિનર સાઈરાજ બહુતુલે ફરી એકવાર IPLમાં રાજસ્થાન રોયલ્સ સાથે જોડાશે. તે ટીમનો સ્પિન કોચ રહેશે. અત્યાર સુધી, બહુતુલે નેશનલ ક્રિકેટ એકેડેમી (NCA)માં ખેલાડીઓને તાલીમ આપતા હતા. બહુતુલે રાહુલ દ્રવિડના કોચિંગ હેઠળ ભારતીય ટીમના સ્પિન સલાહકાર તરીકે કામ કર્યું હતું. તે 2018 થી 2021 IPL સિઝન સુધી રોયલ્સ માટે સ્પિન કોચ હતો. બહુતુલેએ 1997માં શ્રીલંકા સામે ભારત માટે ડેબ્યૂ કર્યું હતું. સાઈરાજ બહુતુલે ઈન્ડિયા-Aના સ્પિન કોચ પણ રહી ચૂક્યા છે. રાજસ્થાન ટીમમાં, સાઈરાજ ન્યૂઝીલેન્ડના બોલિંગ કોચ શેન બોન્ડ સાથે કામ કરતો જોવા મળશે. ટીમના હેડ કોચ રાહુલ દ્રવિડ છે. બહુતુલેએ શુક્રવારે ક્રિકબઝને જણાવ્યું, 'ટીમ અને મારી વચ્ચે ચર્ચા ચાલી રહી છે. હું ફ્રેન્ચાઈઝી સાથે કરાર કરવાની ખૂબ નજીક છું. કેટલીક જગ્યાએ હજુ પણ થોડું કામ બાકી છે. રોયલ્સ સાથે પાછા આવવા માટે ઉત્સાહિત છું. રાહુલ સાથે કામ કરવાનો હંમેશા આનંદ રહ્યો છે.' '2023માં છેલ્લી બોર્ડર-ગાવસ્કર ટ્રોફી શ્રેણી દરમિયાન, જ્યારે હું સ્પિન-બોલિંગ કોચ તરીકે કામ કરતો હતો, ત્યારે રાહુલે જ મને ભારતીય ટીમ સાથે જોડ્યો હતો. હું શ્રીલંકામાં તેમના કોચિંગ સ્ટાફનો પણ ભાગ હતો.' 52 વર્ષીય બહુતુલે ભારત માટે 2 ટેસ્ટ અને 5 વન-ડે રમ્યો છે. તે આખા વર્ષ દરમિયાન રોયલ્સ સાથે જોડાનારા નવા બોલરોને કોચિંગ આપશે. રોયલ્સે IPL-2025 મેગા ઓક્શનમાં ઈંગ્લેન્ડના જોફ્રા આર્ચર, તુષાર દેશપાંડે, સંદીપ શર્મા, આકાશ મધવાલ અને ફઝલહક ફારૂકીને ખરીદ્યા હતા. ટીમમાં શ્રીલંકાના સ્પિનરો મહિશ થિકસાના, વાનિન્દુ હસરંગા અને કુમાર કાર્તિકેયનો સમાવેશ કરવામાં આવ્યો છે.

# FIFAએ પાકિસ્તાન ફૂટબોલ ફેડરેશનને સસ્પેન્ડ કર્યું:PFFએ બંધારણમાં સુધારો કર્યો ન હતો

(કરાચી)કરાચી તા 08

ફૂટબોલની વિશ્વ સંચાલક સંસ્થા, FIFAએ પાકિસ્તાન ફૂટબોલ ફેડરેશન (PFF)ને તેના બંધારણમાં સુધારો કરવામાં નિષ્ફળ જવા બદલ સસ્પેન્ડ કરી દીધું છે. 2017 પછી આ ત્રીજી વખત છે જ્યારે પાકિસ્તાન ફૂટબોલ ફેડરેશનને સસ્પેન્ડ કરવામાં આવ્યું છે. આંતરરાષ્ટ્રીય ફૂટબોલ ફેડરેશન (FIFA)એ કહ્યું- 'જ્યાં સુધી PFF તેના બંધારણમાં જરૂરી ફેરફાર નહીં કરે ત્યાં સુધી પાકિસ્તાન સસ્પેન્ડ રહેશે.' પાકિસ્તાની અખબાર ધ ડોનના અહેવાલ મુજબ, નવી ચૂંટાયેલી PFF કોંગ્રેસે FIFAના ફેરફારો કરવાનો ઈનકાર કર્યો હતો. FIFAએ નિવેદનમાં લખ્યું- PFF તેના બંધારણમાં સુધારો કરવામાં નિષ્ફળ ગયા બાદ તાત્કાલિક અસરથી સસ્પેન્ડ કર્યું છે. જે નિષ્પક્ષ અને લોકશાહી ચૂંટણી સુનિશ્ચિત કરશે. જ્યારે FIFA અને AFCના PFF બંધારણને સ્વીકારે ત્યારે જ તેને દૂર કરવામાં આવશે.



## પાકિસ્તાની ફૂટબોલ 2019 થી એક એડહોક કમિટી દ્વારા ચલાવવામાં આવી રહ્યું છે

જૂન 2019 થી એક સમિતિ પાકિસ્તાનમાં ફૂટબોલ ચલાવી રહી છે. તેની નિમણૂક FIFA દ્વારા કરવામાં આવી હતી. આ સમિતિને ચૂંટણીઓ યોજવા અને દેશના ફૂટબોલ માળખામાં ફેરફાર કરવાનું કામ સોંપવામાં આવ્યું હતું પરંતુ તેઓ તેમ કરવામાં નિષ્ફળ ગયા. સમિતિના અધ્યક્ષ હારૂન મલિકે આ અઠવાડિયાની શરૂઆતમાં સંસદીય પેનલને ચેતવણી આપી હતી કે 15 ફેબ્રુઆરી તેમના કાર્યકાળનો છેલ્લો દિવસ હશે અને જો પાકિસ્તાન બંધારણીય સુધારા લાગુ નહીં કરે તો તેને સસ્પેન્શનનો સામનો કરવો પડી શકે છે. પાકિસ્તાનમાં ફૂટબોલ ચલાવતી એડહોક કમિટીના ચેરમેન હારૂન મલિક. આંતરરાષ્ટ્રીય ફૂટબોલ ફેડરેશન (FIFA)એ કહ્યું- 'જ્યાં સુધી PFF તેના બંધારણમાં જરૂરી ફેરફાર નહીં કરે ત્યાં સુધી પાકિસ્તાન સસ્પેન્ડ રહેશે.' પાકિસ્તાની અખબાર ધ ડોનના અહેવાલ મુજબ, નવી ચૂંટાયેલી PFF કોંગ્રેસે FIFAના ફેરફારો કરવાનો ઈનકાર કર્યો

# BCCIના સંયુક્ત સેક્રેટરી ચૂંટણી માટે SGM 1 માર્ચે

(એજન્સી) નવી દિલ્હી તા 08



ભારતીય ક્રિકેટ કંટ્રોલ બોર્ડ (BCCI)એ નવા સંયુક્ત સેક્રેટરીની પસંદગી માટે એક સ્પેશિયલ જનરલ મિટિંગ (SGM) બોલાવી છે. SGM 1 માર્ચે મુંબઈમાં યોજાશે. ગયા મહિને જય શાહના સ્થાને દેવજીત સૈકિયાને BCCI સેક્રેટરી બનાવાયા ત્યારથી સંયુક્ત સેક્રેટરીનું પદ ખાલી છે. BCCIના બંધારણ મુજબ, આ પદ 45 દિવસની અંદર ભરવાનું રહેશે. દેવજીત સૈકિયા 2019 થી 2024 સુધી BCCIના સંયુક્ત સચિવ રહી ચૂક્યા છે. BCCIએ સચિવ સૈકિયા વતી, ગુરુવારે (6 ફેબ્રુઆરી) સાંજે સ્ટેટ એસોસિયેશનને SGM નોટિસ મોકલી. નોટિસમાં કહેવામાં આવ્યું છે કે ચૂંટણી બપોરે 12 વાગ્યે મુંબઈમાં BCCI મુખ્યાલયમાં યોજાશે.બે મહિનાથી ઓછા સમયમાં આ બીજી SGM છે. છેલ્લી ચૂંટણી 12 જાન્યુઆરીના રોજ યોજાઈ હતી, જેમાં નવા સેક્રેટરી (સૈકિયા) અને નવા ખજાનચી (પ્રભતેજ સિંહ ભાટિયા) ચૂંટાયા હતા. બંને બિનહરીફ ચૂંટાયા હતા. સંયુક્ત સચિવ પદ માટે પણ કોઈ ચૂંટણી લડવાની શક્યતા નથી. ઉમેદવારી નોંધાવતા પહેલા સર્વસંમતિ સધાશે. પશ્ચિમ ક્ષેત્રના ઉમેદવારને આ પદ મળવાની શક્યતા છે.દેવજીત સૈકિયા આ વર્ષે 12 જાન્યુઆરીએ BCCIના સેક્રેટરી તરીકે ચૂંટાયા હતા, જ્યારે પ્રભતેજ સિંહ ભાટિયાને ખજાનચી તરીકે ચૂંટાયા હતા.

# પાકિસ્તાનનો સૌથી અમીર ખેલાડી કોણ છે?

(એજન્સી) કરાચી તા 08

ચેમ્પિયન્સ ટ્રોફી 19 ફેબ્રુઆરીથી પાકિસ્તાનમાં શરૂ થવા જઈ રહી છે. પાકિસ્તાને પોતાની ટીમની જાહેરાત સાત અન્ય ટીમો પછી છેલ્લે કરી. આમાં 15 ખેલાડીઓનો સમાવેશ થાય છે. મોહમ્મદ રિઝવાન ટીમનું નેતૃત્વ કરશે. ચેમ્પિયન્સ ટ્રોફી શરૂ થાય તે પહેલાં, અમે તમને જણાવવા જઈ રહ્યા છીએ કે આ ટુર્નામેન્ટ માટે પસંદ કરાયેલી પાકિસ્તાન ટીમમાં સૌથી ધનિક ખેલાડી કોણ છે? ચાલો બધા 15 ખેલાડીઓની નેટવર્થ પર એક નજર કરીએ. ચેમ્પિયન્સ ટ્રોફી માટે પાકિસ્તાન ટીમનો કેપ્ટન મોહમ્મદ રિઝવાન છે પરંતુ સ્ટાર બેટ્સમેન બાબર આઝમ તેમના કરતા વધુ ધનવાન છે. બાબર આઝમની કુલ સંપત્તિ 43 કરોડ રૂપિયા છે. તે જ સમયે, ટીમના કેપ્ટન રિઝવાનની કુલ સંપત્તિ 40 કરોડ રૂપિયા છે. તમને જણાવી દઈએ કે સ્ટાર બેટ્સમેન અને વિસ્ફોટક ઓપનર ફખર ઝમાનની કુલ સંપત્તિ 17 કરોડ રૂપિયા હોવાનું કહેવાય છે. તે જ સમયે, ઝડપી બોલર હરિસ રૌફની કુલ સંપત્તિ લગભગ પાંચ મિલિયન ડોલર (40 કરોડ રૂપિયા) છે. મોહમ્મદ હસનૈનની કુલ સંપત્તિ લગભગ 20 કરોડ રૂપિયા છે. જ્યારે નસીમ શાહ 25 કરોડ રૂપિયાની સંપત્તિના માલિક છે. જો આપણે પાકિસ્તાની ટીમના સ્ટાર ફાસ્ટ બોલર શાહીન શાહ આફ્રિદીની નેટવર્થ પર નજર કરીએ તો આ ખેલાડી વર્તમાન પાકિસ્તાન ટીમના સૌથી ધનિક ખેલાડીઓમાંનો એક છે. તેમની કુલ સંપત્તિ 55 કરોડ રૂપિયાથી વધુ છે.

# ઈસ્ટર્ન કેપ ત્રીજીવાર SA20 ફાઈનલમાં

(એજન્સી) આફ્રિકા તા 08

સનરાઈઝર્સ ઈસ્ટર્ન કેપે સતત ત્રીજી વખત સાઉથ આફ્રિકાની T20 લીગ SA20ની ફાઈનલમાં જગ્યા બનાવી છે. ગુરુવારે સેન્ચુરિયનના સુપરસ્પોર્ટ પાર્ક ખાતે રમાયેલી ક્વોલિફાયર-2 મેચમાં ઈસ્ટન કેપે પાર્લ રોયલ્સને 8 વિકેટથી હરાવ્યું છે. સનરાઈઝર્સ સતત બે સિઝનના વિનર છે. હવે શનિવારે ફાઈનલમાં મુકાબલો MI કેપટાઉન સામે થશે. પાર્લ રોયલ્સે ટૉસ જીતીને પહેલા બેટિંગ પસંદ કરી. પહેલી બેટિંગ કરતા, પાર્લ રોયલ્સની ટીમે 4 વિકેટ ગુમાવીને 175 રન બનાવ્યા. 176 રનના ટાર્ગેટને ચેઝ કરતા, ઈસ્ટર્ન કેપે 2 વિકેટ ગુમાવીને 177 રન બનાવીને જીત મેળવી. પ્રિટોરિયસ અને હરમન વચ્ચે 99 રનની ભાગીદારી થઈ

પાર્લની શરૂઆત સારી નહોતી. મિચેલ ઓવેન ખાતું ખોલાવ્યા વિના જ આઉટ થઈ ગયો. ત્યારબાદ, ગિલ્બર્ટ પ્રિટોરિયસ અને રૂબિન હર્મન વચ્ચે બીજી વિકેટ માટે 99 રનની ભાગીદારી થઈ. ગિલ્બર્ટ પ્રિટોરિયસે 41 બોલમાં 59 રન બનાવ્યા. તેણે પોતાની ઈનિંગમાં 8 ચોગ્ગા અને 1 છગ્ગો ફટકાર્યો. રુબિન હર્મન પાર્લનો ટોપ સ્કોરર રુબિન હર્મન પાર્લનો ટોપ સ્કોરર હતો. પ્રિટોરિયસ પેવેલિયન પરત ફર્યા પછી, ડેવિડ મિલર આવ્યો પરંતુ ફક્ત 6 રન બનાવીને આઉટ થઈ ગયો. દિનેશ કાર્તિક પણ 2 રન બનાવીને પેવેલિયન પાછો ફર્યો. હરમન એક છેડે મક્કમ ઉભો રહ્યો.

# બુમરાહની ઈજાનું સ્કેન થયું:રિપોર્ટ 24 કલાકમાં આવશે



(એજન્સી) નવી દિલ્હી તા 08

શુક્રવારે BCCI સેન્ટર ઓફ એક્સેલન્સ ખાતે ફાસ્ટ બોલર જસપ્રીત બુમરાહની પીઠની ઈજાનું સ્કેનિંગ કરવામાં આવ્યું હતું. તેનો રિપોર્ટ આગામી 24 કલાકમાં આવશે. આ પછી, સેન્ટર ઓફ એક્સેલન્સના નિષ્ણાતો પોતાનો રિપોર્ટ અજિત અગરકરના નેતૃત્વ હેઠળની પસંદગી સમિતિને મોકલશે. બુમરાહ ચેમ્પિયન્સ ટ્રોફીમાં રમશે કે નહીં તે આ રિપોર્ટ પર નિર્ભર રહેશે. હાલમાં, તે ટીમમાં સામેલ છે. TOI અનુસાર, રિપોર્ટ આવ્યા પછી, ન્યૂઝીલેન્ડના ડોક્ટર રોવાન સ્કાઉટેનનો પણ અભિપ્રાય લઈ શકાય છે. જાન્યુઆરીમાં જ્યારે બુમરાહનું પહેલું સ્કેન થયું હતું, ત્યારે રિપોર્ટ ડૉ. સ્કાઉટેનની સાથે શેર કરવામાં આવ્યો હતો અને આ વખતે પણ તેમને જાણ કરવામાં આવે તેવી શક્યતા છે. ઈંગ્લેન્ડ સામે રમાઈ રહેલી વન-ડે સિરીઝ માટે બુમરાહની ટીમમાં પસંદગી કરવામાં આવી હતી. જોકે, સિરીઝ શરૂ થવાના એક દિવસ પહેલા, વરુણ ચક્રવર્તીને તેના સ્થાને સામેલ કરવામાં આવ્યો છે.ભારતની પસંદગી સમિતિએ 18 જાન્યુઆરીના રોજ ચેમ્પિયન્સ ટ્રોફી માટે ભારતીય ટીમની જાહેરાત કરી. ઓસ્ટ્રેલિયા પ્રવાસ દરમિયાન ઘાયલ થયેલા જસપ્રીત બુમરાહને પણ ટીમમાં સામેલ કરવામાં આવ્યો હતો. પસંદગી સમિતિએ બુમરાહના બેકઅપ તરીકે અર્શદીપ સિંહને રાખ્યો હતો.ઓસ્ટ્રેલિયા સામે બોર્ડર-ગાવસ્કર ટ્રોફીની પાંચમી ટેસ્ટ દરમિયાન બુમરાહ ઘાયલ થયો હતો. તેને પીઠની તકલીફ હતી. આ કારણે, તેને ઈંગ્લેન્ડ સામેની T20 શ્રેણી માટે પણ આરામ આપવામાં આવ્યો હતો. જોકે, 12 જાન્યુઆરીએ અમદાવાદમાં યોજાનારી ઈંગ્લેન્ડ સામેની ત્રીજી વન-ડેભારતીય ટીમ ચેમ્પિયન્સ ટ્રોફીમાં પોતાની પહેલી મેચ બાંગ્લાદેશ સામે રમશે. આ મેચ 20 ફેબ્રુઆરીએ દુબઈ ઈન્ટરનેશનલ સ્ટેડિયમ ખાતે રમાશે.

# પાકિસ્તાની ખેલાડી ખતરનાક બીમારીનો શિકાર

(એજન્સી) કરાંચી તા 08



2017 માં, પાકિસ્તાને ચેમ્પિયન્સ ટ્રોફીનો ખિતાબ જીત્યો હતો અને તેમાં મોટી ભૂમિકા ભજવનાર ખેલાડીનું આ વખતે ટુર્નામેન્ટમાં રમવું નિશ્ચિત નહોતું. આનું કારણ PCBની તેમના પ્રત્યે નારાજગી માનવામાં આવતી હતી પરંતુ હવે આ ખેલાડીએ જણાવ્યું છે કે તે ટીમની બહાર કેમ હતો. પાકિસ્તાનમાં ચેમ્પિયન્સ ટ્રોફીની તૈયારીઓ પૂરજોશમાં ચાલી રહી છે. 8 ટીમોની આ ટુર્નામેન્ટ 19 ફેબ્રુઆરીથી શરૂ થશે. સ્વાભાવિક છે કે, યજમાન હોવાને કારણે, મોટાભાગની નજર પાકિસ્તાની ટીમ પર રહેશે કે તે ઘરઆંગણે ખિતાબ જીતે. પાકિસ્તાને આ માટે ટીમની જાહેરાત પણ કરી દીધી છે. આ ટીમમાં એક ખેલાડી પાછો ફર્યો છે, જે છેલ્લા કેટલાક મહિનાઓથી ટીમની બહાર હતો અને વિવાદોમાં હતો. હવે આ ખેલાડીએ એવો ખુલાસો કર્યો છે કે કોઈને પણ તેના પર દયા આવશે. આ ખેલાડી પાકિસ્તાનનો દિગ્ગજ ઓપનર ફખર ઝમાન છે, જે એક બીમારીથી પીડાતો હતો જેના કારણે તેનું વજન અચાનક 10 કિલો ઘટી ગયું હતું. ફખર ઝમાને 2017 માં પાકિસ્તાનને ચેમ્પિયન્સ ટ્રોફીનો ખિતાબ જીતવામાં મોટી ભૂમિકા ભજવી હતી. પછી તેણે ફાઈનલમાં ભારત સામે વિસ્ફોટક સદી ફટકારી. પરંતુ આ વખતે ચેમ્પિયન્સ ટ્રોફીમાં તેના રમવા પર પ્રશ્નાર્થ ચિહ્ન હતું. આનું એક મુખ્ય કારણ તેમનું વિવાદાસ્પદ ટ્વિટ હોવાનું માનવામાં આવતું હતું, જે તેમણે ભૂતપૂર્વ કેપ્ટન બાબર આઝમના સમર્થનમાં કર્યું હતું, જેના કારણે પાકિસ્તાન ક્રિકેટ બોર્ડે તેના પર નારાજગી વ્યક્ત કરી હતીપાકિસ્તાનના સિનિયર ઓપનરે એક પોડકાસ્ટમાં ખુલાસો કર્યો કે તે છેલ્લા કેટલાક સમયથી એક ખતરનાક બીમારીથી પીડાઈ રહ્યો હતો. ફખરે કહ્યું કે બીમારીમાંથી સ્વસ્થ થયા પછી વાપસી કરવી તેના માટે સરળ નહોતી પરંતુ હવે તે ફિટ છે.

# ચેમ્પિયન્સ ટ્રોફી માટે આઈસીસીએ સોંગ રિલીઝ

(એજન્સી) દુબઈ તા 08

ICCએ શુક્રવારે ચેમ્પિયન્સ ટ્રોફી 2025નું ઑફિશિયલ સોંગ 'જીતો બાજી ખેલ કે' રિલીઝ કર્યું. આ સોંગ પ્રખ્યાત ગાયક આતિફ અસલમે ગાયું છે. અબ્દુલ્લા સિદ્દીકીએ આ ગીતનું નિર્માણ કર્યું છે, જ્યારે અદનાન ઢુલ અને અસફંદયાર અસદે સોંગના શબ્દો લખ્યા છે. ICCએ સોશિયલ મીડિયા X પર લખ્યું, 'રાહ પૂરી થઈ. અમારી સાથે ચેમ્પિયન્સ ટ્રોફીનું સોંગ ગાઓ. આ ટુર્નામેન્ટ 19 ફેબ્રુઆરીથી 9 માર્ચ દરમિયાન પાકિસ્તાન અને UAEમાં રમાશે. ચેમ્પિયન્સ ટ્રોફીમાં કુલ 15 મેચ રમાશે. ભારત અને પાકિસ્તાન વચ્ચેની મેચ 23 ફેબ્રુઆરીએ રમાશે. મ્યુઝિક વીડિયોમાં પાકિસ્તાની સંસ્કૃતિ જીતો બાઝી ખેલ ગીતના મ્યુઝિક વીડિયોમાં પાકિસ્તાનની શેરીઓ, બજારો અને સ્ટેડિયમની ઝલક જોઈ શકાય છે. આમાં નાના છોકરાઓ મેચ રમતા જોવા મળે છે. આ ગીત ચાહકો માટે સ્ટ્રીમિંગ ઓડિયો પ્લેટફોર્મ પર ઉપલબ્ધ છે.આ ગીતનો ભાગ બનવા અંગે આતિફ અસલમે કહ્યું, 'મને ક્રિકેટ પ્રત્યે ખૂબ જ ઉત્સાહ છે અને હું હંમેશાથી ઝડપી બોલર બનવા માંગતો હતો.

# ચેમ્પિયન્સ ટ્રોફી વિવાદો સાથે જોડાયેલી છે

(એજન્સી) કરાંચી તા 08

ICC ચેમ્પિયન ટ્રોફી 2025 શરુ થવાને હવે ગણતરીના દિવસો બાકી રહ્યા છે. આઈસીસીની આ ટૂર્નામેન્ટમાં અનેક વિવાદો થયા છે. તો ચાલો જાણીએ ચેમ્પિયન ટ્રોફી સાથે જોડાયેલા વિવાદો ક્યા કયા હતા. પાકિસ્તાન અને દુબઈમાં 19 ફેબુઆરીના રોજ ચેમ્પિયન ટ્રોફીની શરુઆત થવા જઈ રહી છે. આ આઈસીસી ટૂર્નામેન્ટમાં 8 ટીમ ભાગ લઈ રહી છે. તમામ ટીમોએ પોતાના સ્કવોડની જાહેરાત કરી દીધી છે. તેમજ આ ટૂર્નામેન્ટના શેડ્યૂલની પણ જાહેરાત થઈ ચૂકી છે. ટુંક સમયમાં ક્રિકેટ ચાહકો આ આઈસીસી ટૂર્નામેન્ટની ધમાલ જોવા મળશે. પરંતુ આ વખતે ચેમ્પિયન ટ્રોફીને લઈ અનેક વિવાદો જોવા મળ્યા છે. તો ચાલો એક નજર કરીએ 5 મોટા વિવાદો જે ખુબ ચર્ચામાં રહ્યા છે. લાંબા સમય બાદ પાકિસ્તાન કોઈ આઈસીસી ટૂર્નામેન્ટની યજમાની કરી રહ્યું છે પરંતુ ટીમ ઈન્ડિયાએ સુરક્ષા કારણોને લઈ પાકિસ્તાન જવાની ના પાડી હતી. ત્યારબાદ આઈસીસીએ હાઈબ્રિડ મોડલને મંજુરી આપી હતી. ભારતીય ટીમ પોતાની તમામ મેચ હવે દુબઈમાં રમશે. ટીમ ઈન્ડિયા જો સેમિફાઈનલ અને ફાઈનલમાં પહોંચે છે. તો આ મેચ દુબઈમાં રમાશે. બાકી મેચ પાકિસ્તાનમાં જ રમાશે.



ભાજપ માટે મુખ્યમંત્રી યોગી આદિત્યનાથ અને સપા માટે પાર્ટી અધ્યક્ષ અખિલેશ યાદવે તનતોડ મહેનત કરી હતી

# ભાજપે અયોધ્યાનો બદલો મિલ્કીપુરથી લીધો, યોગીએ SPના ગઢમાં પાડ્યું ગાબડું

(એજન્સી) મિલ્કીપુર । તા. 08

ઉત્તર પ્રદેશ જિલ્લાના મિલ્કીપુર વિધાનસભા બેઠક પર પેટા ચૂંટણીના પરિણામો આવવાના શરૂ થઈ ગયા છે. બારમાં રાઉન્ડ સુધીની મતગણતરીમાં ભાજપ 64 હજાર મત સાથે આગળ છે. મિલ્કીપુર બેઠક પરથી 10 ઉમેદવારોએ ચૂંટણી મેદાનમાં ઝંપલાવ્યું હતું. પરંતુ, મુખ્ય જંગ તો ભાજપના ઉમેદવાર ચંદ્રભાનુ પાસવાન અને સમાજવાદી પાર્ટીના ઉમેદવાર અજીત પ્રસાદ વચ્ચે જ હતો. અજીત પ્રસાદ આ બેઠકથી પૂર્વ ધારાસભ્ય રહી ચુકેલા અવધેશ પ્રસાદના દીકરા છે. મિલ્કીપુર અનામત વિધાનસભા બેઠક રાજ્યની સત્તાધારી પાર્ટી અને મુખ્ય વિપક્ષી પાર્ટી સમાજવાદી પાર્ટી માટે નાકની લડાઈ બની ચુકી છે. મુખ્યમંત્રી યોગી આદિત્યનાથ અને સપા પ્રમુખ અખિલેશ યાદવે આ બેઠક પર પ્રચાર કર્યો કે, દેશભરમાં તે ચર્ચાનો વિષય રહ્યો.મિલ્કીપુર બેઠક પર પ્રચાર દરમિયાન ભાજપ અને સમાજવાદી પાર્ટી વચ્ચે ખરાખરીનો ખેલ જામ્યો હતો. દલિત યુવતી સાથે દુષ્કર્મ અને હત્યાના મામલે આ પેટાચૂંટણીના પરિણામોએ લોકોનો રસ વધારી દીધો છે. નોંધનીય છે કે, ચૂંટણી પ્રચાર દરમિયાન ભાજપ અને સપાના રાજ્ય સ્તરીય નેતાઓ સિવાય મોટા નેતાઓએ પણ જોર લગાવ્યું હતું. ભાજપ માટે મુખ્યમંત્રી યોગી આદિત્યનાથ અને સપા માટે પાર્ટી અધ્યક્ષ અખિલેશ યાદવે તનતોડ મહેનત કરી હતી. આ સિવાય ભાજપ પ્રદેશ અધ્યક્ષ ભૂપેન્દ્ર ચૌધરીએ પણ પાર્ટી ઉમેદવાર ચંદ્રભાનુ પાસવાન માટે પ્રચાર કર્યો હતો. ભાજપે મિલ્કીપુર બેઠક પર નવ મંત્રીઓ અને પાર્ટીના 40 ધારાસભ્યોને તૈનાત કર્યા હતાં અને આ નેતાઓએ નવેમ્બરથી જ મિલ્કીપુર પર કામ કરવાનું શરૂ કરી દીધું હતું. પ્રચાર જોતા એવું લાગી રહ્યું હતું કે, મુખ્યમંત્રી યોગી આદિત્યનાથે મિલ્કીપુર બેઠકને પોતાની પ્રતિષ્ઠાનો સવાલ બનાવી દીધો હતો. યોગી આદિત્યનાથે ઓક્ટોબરથી અત્યાર સુધી આઠ વાર મિલ્કીપુરની મુલાકાત લીધી અને આ દરમિયાન અનેક સરકારી કાર્યક્રમોમાં ભાગ લીધો અને ચૂંટણી જનસભાઓ પણ કરી. મિલ્કીપુર વિધાનસભા બેઠકના પરિણામ એટલે પણ મહત્ત્વના છે કારણ કે, તે ફૈઝાબાદ (અયોધ્યા) લોકસભા વિસ્તારનો ભાગ છે. લોકસભા ચૂંટણીમાં જ્યારે ભાજપને ફૈઝાબાદ (અયોધ્યા) બેઠક પર હારનો સામનો કરવો પડ્યો તો આ સંપૂર્ણ દેશમાં ચર્ચાનો વિષય બની ગયો. રામ મંદિર નિર્માણ બાદ આ બેઠક પર ભાજપની હાર અનપેક્ષિત માનવામાં આવતી હતી.



### પાસી સમુદાયના વોટની લડાઈ

નોંધનીય છે કે, અવધેશ કુમાર ભલે લોકસભા અને વિધાનસભા ચૂંટણી જીતી ચુક્યા છે. પરંતુ, આ વખતે તેમને દલિત સમુદાયમાં આવનારી પાસી જાતિનું સમર્થન હાંસલ કરવામાં એડી ચોટીનું જોર લગાવવું પડ્યું હતું. તેનું કારણ એ છે કે, ભાજપે આ બેઠક પરથી પાસી સમુદાયના કાર્યકર્તા ચંદ્રભાનુ પાસવાનને ઉમેદવાર બનાવ્યા હતાં. ગત બે ચૂંટણીમાં અવધેશ પ્રસાદને પાસી સમુદાયનું સારૂ સમર્થન મળ્યું હતું કારણ કે, અવધેશ પણ પાસી સમુદાયના નેતા છે.

### દલિત યુવતીની હત્યાનો બનાવાયો મુદ્દો

મિલ્કીપુરની પેટાચૂંટણી વચ્ચે દલિત યુવતીની હત્યાને લઈને પણ માહોલ ખૂબ ગરમ થઈ ગયો છે. આ મામલે ભાજપ અને સપા આમને-સામને છે. જેને લઈને અવધેશ પ્રસાદનો એક વીડિયો પણ ખૂબ વાઈરલ થયો હતો જેમાં તે પ્રેસ કોન્ફરન્સમાં રડી પડ્યા હતાં. સપાએ આ મુદ્દાને વિશે ખૂબ જ સક્રિય રીતે કામ કર્યું હતું. સપાએ આરોપ લગાવ્યો કે, પોલીસે દલિત યુવતીના પરિવારની ફરિયાદ પર તુરંત કાર્યવાહી ન કરી અને તેથી દલિત સમુદાય નારાજ છે.

### મિલ્કીપુર વિધાનસભા બેઠકના જાતીગત સમીકરણ

મિલ્કીપુર બેઠક પર આશરે 3.60 લાખ મતદારો છે. તેમાંથી 1.25 લાખ દલિત મતદારો (જેમાંથી 65-70 હજાર પાસી સમુદાયમાંથી છે), 60-65 હજાર બ્રાહ્મણ અને 50-55 હજાર યાદવ સામેલ છે. ચૌરસિયા, મૌર્ય, વિશ્વકર્મા અને ચૌહાણ જેવા ઓબીસી સંપ્રદાયમાંથી આશરે 30 હજાર મતદારો છે. જોકે, મુસ્લિમ અને ઠાકુર મતદારો આશરે 30 હજાર અને 18 હજાર છે.

## વર્ષોથી સેવા આપતા હંગામી કર્મીઓને કાયમી જેવા અધિકાર

નવી દિલ્હી : સુપ્રીમ કોર્ટે કર્મચારીઓ, મજૂરોને લઈને એક મહત્વપૂર્ણ ચુકાદો આપ્યો છે. એટલું જ નહીં કોન્ટ્રાક્ટ પ્રથાના દુરૂપયોગની પણ ટિકા કરી હતી. સુપ્રીમ કોર્ટે કહ્યું હતું કે શ્રમિકો વર્ષો સુધી કોન્ટ્રાક્ટ પર કામ કરતા રહે છે છતા તેમને એક કાયમી શ્રમિકના લાભોથી વંચિત રાખવા છે જેને ન ચલાવી લેવાય. આ સાથે જ સુપ્રીમ કોર્ટે એક સ્પષ્ટતા કરી હતી કે જો કોઈ કર્મચારી-મજૂરની નિમણૂંક કામચલાઉ હોય અને વર્ષો સુધી તેણે સેવા આપી હોય તો તેને પણ એક કાયમી કર્મચારી જેટલા જ અધિકારો મળે છે. સુપ્રીમે એવી પણ ટકોર કરી હતી કે અમારા અગાઉના ચુકાદાઓનો ઉપયોગ શ્રમિકોને તેના અધિકારોથી વંચિત રાખવા માટે ના કરી શકો.ઉત્તર પ્રદેશની ગાઝિયાબાદ નગર પાલિકામાં સેવા આપનારા શ્રમિકો ન્યાય માટે ૨૫ વર્ષ સુધી કોર્ટ કચેરીઓમાં કેસ લડયા હતા, લેબર કોર્ટથી લઈને હાઈકોર્ટ અને અંતે સુપ્રીમ કોર્ટમાં તેમને ન્યાય મળ્યો હતો. આ શ્રમિકો નગર પંચાયતની હદમાં આવતા બગીચાઓની દેખરેખથી લઈને અન્ય કાર્ય વર્ષ ૧૯૯૯ સુધી કરતા હતા. વર્ષ ૨૦૦૪માં કામદારોએ કાઉન્સિલિએશન અધિકારી સમક્ષ ઈન્ડસ્ટ્રીયલ ડિસ્પ્યુટ દાખલ કર્યો હતો અને તેમને કાયમી કરીને કાયદેસર મળતા લાભોની માગ કરી હતી.

બંને એકસાથે લડ્યા હોત તો દિલ્હીના પરિણામો અલગ હોત

## દિલ્હીની ચૂંટણીમાં કોંગ્રેસના હાલ પર સાથી પક્ષની મજાક, કહ્યું- ખાતું ખૂલ્યું એટલે બહુ થયું!

(એજન્સી) નવી દિલ્હી । તા. 08

આમ આદમી પાર્ટી અને ભાજપ વચ્ચે દિલ્હી વિધાનસભા ચૂંટણીમાં હાલ સતાનો સંગ્રામ ચાલી રહ્યો છે. જેમાં કોંગ્રેસ ખાતું ખોલવામાં પણ સંઘર્ષ કરી રહી છે. તો બીજી તરફ વિપક્ષી INDIA ગઠબંધનના નેતાઓ કોંગ્રેસ પર કટાક્ષ કરી રહ્યા છે. તેઓ ખરાબ પ્રદર્શનનું કારણ કોંગ્રેસ અને આપ વચ્ચેના ઝઘડાને ઠેરવી રહ્યા છે. ચૂંટણી પંચના નવીનતમ વલણોમાં ભાજપને બહુમતી મળી રહી છે.



બંને એકસાથે લડ્યા હોત તો દિલ્હીના પરિણામો અલગ હોત

શિવસેના (ઉદ્ધવ બાળાસાહેબ ઠાકરે)ના રાજ્યસભા સાંસદ સંજયે રાઉતે કહ્યું છે કે, 'ભાજપને હરાવવા માટે આપ પણ લડે છે અને કોંગ્રેસ પણ, પરંતુ બંને અલગ-અલગ લડી રહ્યા છે. જો બંને એકસાથે લડ્યા હોત તો દિલ્હીના પરિણામો આવવાની પહેલી કલાકમાં જ ભાજપનો પરાજય થઈ ગયો હોત. કોંગ્રેસે ખાતું ખૂલ્યું એટલે બહુ થયું, બીજુ શું? માત્ર ખાતું ખોલવા માટે બધા મેદાનમાં ઉતર્યા હતા.'

### ઓમર અબ્દુલ્લાએ પણ હારનું ઠીકરું કોંગ્રેસ પર ફોડ્યું

હવે આ ચૂંટણી પરિણામોને લઈને INDIA ગઠબંધનમાં આંતરિક ઝઘડાની શરૂઆત થઈ ગઈ છે. જમ્મુ-કાશ્મીરના મુખ્યમંત્રી ઓમર અબ્દુલ્લાએ આ પરિણામોને લઈને ગુસ્સે ભરાયા છે. તેમણે હારનું કારણ ગઠબંધનના અભાવને જણાવ્યું છે. તેમને એક મીમ શેર કર્યું હતું જેમાં એક સાધુ કહે છે કે, 'હજુ લડો અંદરોઅંદર, સમાપ્ત કરીદો એકબીજાને.' આ રીતે તેમણે હારનું ઠીકરું કોંગ્રસ પર ફોડ્યું હતું. અહીં રસપ્રદ બાત એ છે કે, લોકસભા ચૂંટણી એકસાથે લડનારી આપ અને કોંગ્રેસ હરિયાણા અને દિલ્હીની વિધાનસભાની ચૂંટણીમાં અલગ-અલગ ચૂંટણી લડ્યા હતા

AAPના ખરાબ દેખાવનું કારણ

## મેં વારંવાર કહ્યું પણ મારી એક વાત ન સાંભળી: કેજરીવાલની હાર પર અન્ના હઝારેની ટકોર

(એજન્સી) નવી દિલ્હી । તા. 08

આમ આદમી પાર્ટીના પ્રમુખ અરવિંદ કેજરીવાલના 'રાજકીય ગુરૂ' અન્ના હઝારે સાંકેતિક રીતે જણાવ્યું કે, આખરે કેમ દિલ્હીની જનતાનો વિશ્વાસ આમ આદમી પાર્ટી પરથી ઓછો થઈ રહ્યો છે. વિધાનસભા ચૂંટણીમાં મતગણતરી દરમિયાન ભાજપે બહુમતનો આંકડો પાર કરી લીધો છે. ત્યારે દિલ્હી વિધાનસભા ચૂંટણીમાં આમ આદમી પાર્ટીના ખરાબ દેખાવ પર સામાજિક કાર્યકર્તા અન્ના હઝારેએ પોતાની પ્રતિક્રિયા આપી છે. તેમણે કહ્યું કે, 'ચૂંટણી લડતા સમયે ઉમેદવારનો આચાર-વિચાર શુદ્ધ હોવો, જીવન નિષ્કલંક હોવું જરૂરી છે'.

અન્ના હઝારેએ મીડિયા સાથે વાત કરતાં કહ્યું કે, 'એક રાજનેતાના જીવનમાં ત્યાગ કરવાની અને પોતાના અપમાનને પીવાની શક્તિ હોવી જોઈએ. જો આ ગુણ ઉમેદવારમાં છે, તો મતદારોનો વિશ્વાસ હોય છે કે, આ અમારા માટે કંઈક કરશે. મેં વારંવાર કહ્યું પરંતુ, તેમના મગજમાં ન ઉતર્યું. આ દરમિયાન દારૂનો મુદ્દો આવી ગયો. દારૂ કેમ આવ્યો... લાલચ અને પૈસાના કારણે. એવામાં લોકોને તક મળી, જનતાનો વિશ્વાસ ડગ્યો અને આ સ્થિત જોવા મળી રહી છે'.અરવિંદ કેજરીવાલથી નારાજ છે અન્ના હઝારે? નોંધનીય છે કે, પોતાના આ નિવેદનથી અન્ના હઝારે અરવિંદ કેજરીવાલથી નારાજ હોવાનું દેખાઈ રહ્યું છે. તેમણે કેજરીવાલનું નામ તો નથી લીધું પરંતુ, ઈશારામાં જ કહી દીધું કે, તે પોતાના માર્ગથી ભટકી ગયાં છે, જેના પર તેઓ અન્નાનો હાથ પકડીને આગળ વધ્યા હતાં.



### પોતે ચારિત્ર્યની વાત કરે છે, પરંતુ...

અન્ના હઝારે કહ્યું કે, 'લોકોએ જોયું કે તે (અરવિંદ કેજરીવાલ) ચારિત્યની વાત કરે છે. પરંતુ, દારૂનું સેવન કરે છે. આવું ન હોવું જોઈએ. રાજકારણમાં આરોપો લાગતા રહે છે. કોઈને સાબિત કરવું પડે છે કે, તે ગુનેગારપ નથી. પરંતુ સત્ય સત્ય જ રહેશે, તેને કોઈ બદલી નહીં શકે. જ્યારે બેઠક થઈ તો મેં નક્કી કર્યું હતું કે, હું પાર્ટીનો ભાગ નહીં રહું અને તે દિવસથી હું પાર્ટીથી દૂર છું'.

## 'અહંકાર ઈશ્વરનું ભોજન': AAP ની હાર પર કુમાર વિશ્વાસનો કટાક્ષ

(એજન્સી) નવી દિલ્હી । તા. 08

દિલ્હીની જનતાનો કેજરીવાલની પાર્ટીથી મોહભંગ થતો નજર આવી રહ્યો છે. દરમિયાન કુમાર વિશ્વાસે સોશિયલ મીડિયા એક્સ પર આકરી ટ્વીટ કરી છે. જેમાં વીડિયોની સાથે તેમણે લખ્યું છે કે 'અહંકાર ઈશ્વરનું ભોજન છે. પોતાને એટલા શક્તિશાળી ના સમજો કે જેમણે આપણને સિદ્ધિઓ આપી છે, તેમને જ તમે આંખો બતાવવા લાગો.'

યાદ રાખજો કે તમારી સફળતાની પાછળ કૃષ્ણ જેવા એવા અસંખ્ય લોકો છે, જેની અદ્રશ્ય શુભકામનાઓના કારણે તમે આ વિજય રથ પર સવાર થયા છો. જ્યારે પણ તમને એ લાગવા લાગે કે તમે આ ઐતિહાસિક સફળતા પોતાની શક્તિ ના દમ પર મેળવી લીધી છે તો તમે બસ તે લોકો વિશે વિચારો, જેમના સહયોગ વિના તમારી આ યાત્રા સફળ ન હોત. જનલોકપાલ આંદોલનમાં કુમાર વિશ્વાસ અને અરવિંદ કેજરીવાલ સક્રિય કાર્યકર્તા તરીકે નજર આવ્યા હતા. અન્ના હજારેના માર્ગદર્શનમાં બંને નેતાઓએ રાજકારણની દુનિયામાં પોતાની ઓળખ બનાવી હતી.

ટેક્સપેયર્સને થશે આ ફાયદો

## નવા ઈન્કમ ટેક્સ બિલને મોદી કેબિનેટની મંજૂરી

(એજન્સી) નવી દિલ્હી । તા. 08

કેન્દ્રીય મંત્રીમંડળે શુક્રવારે નવા ઈનકમ ટેક્સ બિલને મંજૂરી આપી દીધી. આ બિલ છ દાયકા જૂના આઈટી એક્ટનું સ્થાન લેશે. નવું બિલ ઈનકમ ટેક્સ સાથે જોડાયેલા તે તમામ સુધારા અને ધારાઓથી મુક્ત હશે જે હવે પ્રાસંગિક નથી. સાથે જ ભાષા એવી હશે કે લોકો તેને ટેક્સ એક્સપર્ટની મદદ વિના સમજી શકે. આ બિલમાં જોગવાઈ અને સ્પષ્ટીકરણ કે અઘરા વાક્ય હશે નહીં. તેનાથી કેસ ઘટાડવામાં પણ મદદ મળશે અને આ રીતે વિવાદિત ટેક્સ ડિમાન્ડમાં ઘટાડો થશે.સૂત્રોએ કહ્યું કે વડાપ્રધાન નરેન્દ્ર મોદીની અધ્યક્ષતામાં મંત્રીમંડળે નવા બિલને મંજૂરી આપી દીધી છે. હવે નવું બિલ આગામી અઠવાડિયે સંસદમાં રજૂ કરવામાં આવશે અને તેને સંસદની નાણાકીય સંબંધિત સ્થાયી સમિતિની પાસે મોકલવામાં આવશે. સંસદના વર્તમાન બજેટ સત્રનો પહેલો તબક્કો 13 ફેબ્રુઆરીએ ખતમ થઈ રહ્યો છે. સત્ર 10 માર્ચે ફરી શરૂ થશે અને ચાર એપ્રિલ સુધી ચાલશે. ઈનકમ ટેક્સ લો લગભગ 60 વર્ષ પહેલા 1961માં બનાવવામાં આવ્યો હતો અને ત્યારથી સમાજમાં લોકોના રૂપિયા કમાવવાની રીત અને કંપનીઓના વેપાર કરવાની રીતમાં ઘણા ફેરફાર થયા છે.

### ટેક્સ સ્લેબમાં પણ ફેરફાર થશે?

નવું બિલ લાગુ કરવાનો હેતુ ભાષા અને પાલન પ્રક્રિયાઓને સરળ બનાવવાનો છે. કહેવાનો અર્થ એ છે કે નવા કાયદામાં ઈનકમ ટેક્સ સ્લેબમાં ફેરફારની શક્યતા નથી કેમ કે આ સામાન્યરીતે નાણાકીય એક્ટના માધ્યમથી કરવામાં આવે છે. વર્ષ 2010માં 'ડાયરેક્ટ ટેક્સ કોડ બિલ, 2010' સંસદમાં રજૂ કરવામાં આવ્યું હતું. આને તપાસ માટે સ્થાયી સમિતિની પાસે મોકલવામાં આવ્યું હતું. જોકે, 2014માં સરકાર બદલવાના કારણે બિલ રદ થઈ ગયું.

## ડૉ. મનસુખ માંડવિયાએ BIMSTEC યુવા સમિટ 2025નો શુભારંભ કર્યો



ગાંધીનગર સંવાદદાતા | વિજયવીર યાદવ

ભારત સરકારના યુવા બાબતો અને રમતગમત મંત્રાલયના યુવા બાબતોનો વિભાગ દ્વારા ગુજરાતના ગાંધીનગરમાં BIMSTEC યુવા સમિટનું આયોજન કરવામાં આવ્યું છે. કેન્દ્રીય મંત્રી ડૉ. મનસુખ માંડવિયા આ કાર્યક્રમનું ઔપચારિક ઉદ્ઘાટન કર્યું. જેમાં BIMSTEC યૂથ સમિટનો શુભારંભ થયો. BIMSTEC યુવા શિખર સંમેલનનો શુભારંભ કરાવતા કેન્દ્રીય મંત્રી ડૉ. મનસુખ માંડવિયાએ જણાવ્યું હતું કે, વર્ષ 1997માં BIMSTECની રચના થઈ ત્યારથી અમે ઘણી લાંબી મજલ કાપી છે. BIMSTEC ક્ષેત્રમાં આશરે 1.8 અબજ લોકો વસે છે, જે વૈશ્વિક વસતિના લગભગ 22 ટકા અને સંયુક્ત જીડીપી 4.5 ટ્રિલિયન ડોલર ધરાવે છે. તે માત્ર પ્રાદેશિક જૂથ જ નથી, પરંતુ તે આર્થિક સમૃદ્ધિ, સુરક્ષા અને સ્થાયી વિકાસ માટે એક સહિયારું વિઝન છે. વર્ષ 2018માં કાઠમંડુમાં ચોથી BIMSTEC સમિટ યોજાઈ હતી, જેમાં ભારતનાં માનનીય પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદીજીએ BIMSTECનાં માળખાની અંદર યુવાનોનાં જોડાણની કલ્પના કરી હતી, જે આ જ સમિટની શરૂઆત તરફ દોરી જશે.ડૉ. મનસુખ માંડવિયાએ વધુમાં જણાવ્યું કે, આ શિખર સંમેલન સમગ્ર BIMSTEC દેશોમાં યુવા માનસને સશક્ત બનાવવાની દિશામાં એક પગલું છે. સહયોગને પ્રોત્સાહન આપવું, અનુભવોનું આદાન-પ્રદાન કરવું અને સમગ્ર પ્રદેશમાં યુવાનોની આગેવાની હેઠળના વિકાસને વેગ આપવો તેનો મુખ્ય ઉદ્દેશ્ય છે. કેન્દ્રીય મંત્રી ડૉ. મનસુખ માંડવિયાએ જણાવ્યું હતું કે, આ વર્ષની સમિટની થીમ 'યુથ બ્રીજ ફોર ઈન્ટ્રા-બિમ્સ્ટેક એક્સચેન્જ' સમયસર અને મહત્ત્વપૂર્ણ છે. BIMSTEC યુથ બ્રિજ મારફતે પરિવર્તનકારી પ્લેટફોર્મની કલ્પના કરે છે, જે ગતિશીલ, બહુ-ક્ષેત્રીય પ્રાદેશિક યુવા ઈકોસિસ્ટમનું નિર્માણ કરવા પરંપરાગત સાંસ્કૃતિક અને શૈક્ષણિક આદાનપ્રદાનથી આગળ વધશે. તેમણે કહ્યું કે, ઉદ્યોગસાહસિકતા, રમતગમત, શૈક્ષણિક સંસ્થાઓ અને ટેકનોલોજીને સંકલિત કરીને આ પહેલ ભવિષ્ય માટે તૈયાર નેટવર્ક ઊભું કરશે, જે BIMSTECનાં તમામ દેશોમાં યુવાન નેતાઓને સશક્ત બનાવશે.કેન્દ્રીય મંત્રી ડૉ. મનસુખ માંડવિયાએ જણાવ્યું, વર્ષ 2036ના ઓલિમ્પિક માટે ભારતની દાવેદારી BIMSTEC સ્પોર્ટિંગ ઈકોસિસ્ટમને વધુ મજબૂત કરશે, વૈશ્વિક સ્તરે રોકાણ આકર્ષિત કરશે, તાલીમ સુવિધાઓમાં વધારો કરશે અને આંતરરાષ્ટ્રીય રમતગમત ભાગીદારીને પ્રોત્સાહન આપશે. તેનાથી યુવા રમતવીરો માટે નવા માર્ગો ખુલશે, ઉત્કૃષ્ટતાને પ્રોત્સાહન મળશે અને રમતગમતમાં પ્રાદેશિક સહયોગ સ્થાપિત થશે. કેન્દ્રીય મંત્રીએ જણાવ્યું કે, છેલ્લા દાયકામાં ભારતે નોંધપાત્ર પરિવર્તન કર્યું છે અને આર્થિક વિકાસમાં નોંધપાત્ર પ્રગતિ કરી છે. રાષ્ટ્ર 'ફ્રેજીલ ફાઇવ ' અર્થતંત્રોમાંનું એક બનવાથી વિશ્વના 'ટોચના પાંચ' અર્થતંત્રોમાંનું એક બનવા તરફ વિકસિત થયું છે. 2030 સુધીમાં 7 ટ્રિલિયન ડોલરનું અર્થતંત્ર અને 2047 સુધીમાં 30 ટ્રિલિયન ડોલરનું અર્થતંત્ર હાંસલ કરવા પર આપણી નજર છે ત્યારે ભારતની વિકાસગાથા આપણા યુવાનોની આકાંક્ષાઓ, કૌશલ્યો અને નવીનતાથી પ્રેરિત છે.

હજુ લડો અંદરોઅંદર, સમાપ્ત કરીદો એકબીજાને

## દિલ્હીના પરિણામો બાદ I.N.D.I.A.ના નેતાનો આપ-કોંગ્રેસ પર કટાક્ષ

(એજન્સી) નવી દિલ્હી । તા. 08

દિલ્હી વિધાનસભા ચૂંટણીમાં હાલના વલણમાં આમ આદમી પાર્ટીની હાર નિશ્ચિત મનાઈ રહી છે. ચૂંટણી પંચની વેબસાઈટ પર આપવામાં આવેલા હાલના આંકડા અનુસાર ભાજપ આગળ ચાલી રહી છે. હવે આ ચૂંટણી પરિણામોને લઈને INDIA ગઠબંધનમાં આંતરિક ઝઘડાની શરૂઆત થઈ ગઈ છે. જમ્મુ-કાશ્મીરના મુખ્યમંત્રી ઓમર અબ્દુલ્લાએ આ પરિણામોને લઈને ગુસ્સે ભરાયા છે. તેમણે હારનું કારણ ગઠબંધનના અભાવને જણાવ્યું છે. તેમને એક મીમ શેર કર્યું હતું જેમાં એક સાધુ કહે છે કે, 'હજુ લડો અંદરોઅંદર, સમાપ્ત કરીદો એકબીજાને.' આ રીતે તેમણે હારનું ઠીકરું કોંગ્રસ પર ફોડ્યું હતું.

તેમનું માનવું છે કે, 'ગઠબંધન ન હોવાથી આવું પરિણામ આવ્યું છે. અન્યથા જો એકતા હોત તો ભાજપને પડકાર ફેંકી શકાયો હોત.' તો બીજી તરફ ઓમર અબ્દુલ્લાની આ ટીપ્પણી પર કોંગ્રેસે પ્રતિક્રિયા આપી છે. કોંગ્રેસ પ્રવક્તા સુરેન્દ્ર રાજપૂતે કહ્યું હતું કે, 'અબ્દુલ્લાને જે કહેવું હોત તે કહે, પરંતુ તેમણે એ સમજવું જોઈએ કે, કોંગ્રેસ ચૂંટણી લડવાનું બંધ તો નહી કરે. આ અમારો અધિકાર છે અને લોકશાહીમાં બધા એ ચૂંટણી લડવી જ જોઈએ.' અહીં તમને જણાવી દઈએ કે, ચૂંટણીના થોડા દિવસો પહેલા આમ આદમી પાર્ટી અને કોગ્રેસ વચ્ચે ગઠબંધનને લઈને ચર્ચા થઈ હતી. પરંતુ તે પરિણામમાં પરિણમી નહી. આખરે બંને અલગ-અલગ ચૂંટણી લડ્યા હતા.

### કેજરીવાલ ખુદ નવી દિલ્હી બેઠક પરથી પાછળ

અહીં રસપ્રદ વાત એ છે કે, હાલ ભાજપ આગળ ચાલી રહી છે. ચૂંટણી આયોગના વલણમાં પણ ભાજપને બહુમત મળી ચૂક્યું છે. અરવિંદ કેજરીવાલ ખુદ નવી દિલ્હી બેઠક પરથી પાછળ ચાલી રહ્યા છે. જ્યારે જંગપુરામાં મનીષ સિસોદિયા પણ હાલ સુધીમાં પાછળ છે. કાલકાજી બેઠક પર હાલના દિલ્હી મુખ્યમંત્રી આતિશી પણ પાછળ ચાલી રહ્યા છે. આ જ નહી પહાડગંજ, ઓખલા, બાદલી, લક્ષ્મીનગર જેવી મહત્ત્વપૂર્ણ બેઠકો પર આમ આદમી પાર્ટી સતત પાછળ ચાલી રહી છે.

આખા પરિવારને પત્ની દ્વારા આરોપી બનાવાતા સુપ્રીમની ટકોર

## ઘરેલુ હિંસાના કેસોમાં સાસરિયાને આડેધડ સામેલ ના કરી શકો : સુપ્રીમ



(એજન્સી) નવી દિલ્હી । તા. 08

એક મહત્વપૂર્ણ ચુકાદામાં સુપ્રીમ કોર્ટે કોઈ જ વિશિષ્ટ આરોપો વગર ઘરેલુ હિંસાના કેસોમાં પરિવારના સભ્યોને ફસાવવાના કેસોની સુનાવણી દરમિયાન સાવચેતી રાખવાની ટકોર કરી હતી. ઘરેલુ હિંસાના એક મામલામાં ફરિયાદી મહિલાએ પતિ અને તેમના પરિવારના લોકોને તો આરોપી બનાવ્યા જ હતા સાથે પતિના માસી અને પિતરાઈ ભાઈ સહિત પરિવારના અન્ય લોકોને પણ આરોપી બનાવ્યા હતા અને ફરિયાદ દાખલ કરાવી હતી. પરિણામે આરોપીઓ દ્વારા તેલંગાણા હાઈકોર્ટમાં અપીલ કરાઈ હતી, હાઈકોર્ટે શરૂઆતમાં પરિવારના અન્ય લોકો સામેની ફરિયાદ રદ કરવાની ના પાડી દીધી હતી, બાદમાં પરિવારના લોકો સુપ્રીમ કોર્ટ પહોંચ્યા હતા. સુપ્રીમ કોર્ટે હાઈકોર્ટના ચુકાદાને પલટીને કહ્યું હતું કે પરિવારના અન્ય લોકોને આરોપી બનાવવામાં આવ્યા તેમની સામે કોઈ વિશેષ આરોપો જ નથી, લગ્ન સંબંધી મામલાઓમાં લાગણીઓ વધી જાય છે, જેનાથી કેસમાં અતિશયોક્તિ થઈ શકે છે જે બાદમાં ઘરેલુ વિવાદોમાં અયોગ્ય રીતે આપરાધિક મામલામાં ફેરવાઈ શકે છે. જ્યારે ગુસ્સો વધી જાય અને સંબંધો ખરાબ થાય છે ત્યારે આરોપોને વધારીને રજુ કરવાની વૃત્તિ પણ તેમાં સામેલ હોય છે. પરંતુ તેનો એ મતલબ નથી કે આવા ઘરેલુ વિવાદોને ગુનાનો રંગ અપાય. સુપ્રીમ કોર્ટે પરિવાર સંસ્થાની મહત્વની ભૂમિકા પર પ્રકાશ પાડયો હતો અને તેને માનવ સમાજનું મૂળ ગણાવી હતી.

## મુરાદાબાદમાં સ્કૂલની બહાર ઉભેલી 6 વિદ્યાર્થિનીઓને ફૂલ સ્પીડ કારે કચડી

મુરાદાબાદ : ઉત્તર પ્રદેશના મુરાદાબાદમાં સ્કૂલની બહાર ઉભેલી ૬ વિદ્યાર્થીનીઓને ફૂલ સ્પીડમાં આવી રહેલી કારે ટક્કર મારી હતી. અઆ દુર્ઘટનામાં ઘાયલ વિદ્યાર્થીનીઓને હોસ્પિટલમાં દાખલ કરવામાં આવી છે. રિપોર્ટ મુજબ, બે વિદ્યાર્થીનીઓની હાલત ગંભીર છે. આ ઘટનાના સીસીટીવી ફૂટેજ વાયરલ થયા છે. જેમાં, કચડાયેલી છોકરીઓને રસ્તા પર પડતી જોઈ શકાય છે. મુરાદાબાદના સિવિલ લાઈન્સ પોલીસ સ્ટેશન વિસ્તારના રામગંગા વિહારમાં ગોલ્ડન ગેટ સ્કૂલની સામે ફૂલ સ્પીડમાં આવી રહેલી કારે શિર્ડી સાઈ પબ્લિક સ્કૂલની ૬ વિદ્યાર્થીનીઓને ટક્કર મારી હતી. ટક્કર બાદ રસ્તા પર લોહીના ખાબોચિયા ભરાતા હાજર લોકો ગુસ્સે ભરાયા હતા. તમામ છોકરીઓ ૧૨મા ધોરણમાં અભ્યાસ કરે છે. તેઓ સ્કૂલના છેલ્લા દિવસે બોર્ડ પરીક્ષાઓ માટે આઈકાર્ડ લેવા સ્કૂલે ગઈ હતી. એક વિદ્યાર્થીનીના પિતાએ દાવો કર્યો છે કે, બલેનો કારમાં બેઠેલા પાંચ યુવકોએ પહેલા તેમનો પીછો કર્યો હતો અને ત્યારબાદ તેમને ટક્કર મારી હતી. અકસ્માત બાદ ચાર આરોપી યુવકો લક્ષ્ય પરેજા, દિવ્યાંશુ, ઉદય, કૌશિક, યશ સિરોહી ભાગી ગયા હતા. જ્યારે, આરોપી શગુનને ઝડપીને પોલીસને હવાલે કરવામાં આવ્યો હતો.

## ભારતીયોને ગેરકાયદે વિદેશ મોકલતા એજન્ટો ઈડીના રડારમાં

નવી દિલ્હી : અમેરિકાએ ૧૦૪ ગેરકાયદે ભારતીય વસાહતીઓને હાથકડી અને પગમાં સાંકળ પહેરાવીને અપમાનજનક રીતે ભારત તગેડી મૂક્યા છે અને આ મુદ્દે વિપક્ષે ભારે હોબાળો મચાવ્યો છે. વિપક્ષે સંસદમાં પણ આ મુદ્દો ઉઠાવ્યો હતો ત્યારે હવે એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટએ ભારતીયોને અમેરિકામાં ગેરકાયદે ઘૂસાડતા એજન્ટોના નેટવર્કનો ઘટસ્ફોટ કર્યો છે. ઈડીએ કહ્યું કે, તે અમેરિકામાં ગેરકાયદે રીતે ઘૂસનારા ૪,૨૦૦ ભારતીયોની તપાસ કરી રહી છે અને ૮,૫૦૦ નાણાકીય વ્યવહારો પર તેની ચાંપતી નજર હોવાનું કહ્યું હતું.એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટ (ઈડી)ના અધિકારીઓએ જણાવ્યું હતું કે, ગુજરાત પોલીસની ક્રાઈમ બ્રાન્ચે કેનેડાની સરહદે ડિંગુચા ગામના એક જ પરિવારના ચાર લોકોના મોતના પગલે ૨૦૨૩માં નોંધેલી એફઆઈઆરને ધ્યાનમાં લઈને એન્ટી-મની લોન્ડરિંગ કાયદા હેઠળ તેમણે તપાસ હાથ ધરી હતી, જેમાં ગુજરાતથી કેનેડા સ્થિત વિવિધ કોલેજોમાં કરાયેલા ૮,૫૦૦થી વધુ નાણાકીય વ્યવ્હારો શંકાસ્પદ હોવાનું જણાયું છે.


**પશ્ચિમ રેલવે**

**અપગ્રેડેશન અને વાયરિંગનું કામ**

ADEE/TRD/BL ઈ-ટેન્ડર નોટિસ નંબર આમંત્રિત કરે છે:- EL/TRD/W/118/24-25/2-R-2, તારીખ:- 07-02-2025. કાર્યનું નામ:- મુંબઈ વિભાગના વિરાર-દહાણુ રોડ વિભાગમાં સંપર્ક અને કેટેનરી વાયરના અપગ્રેડેશન દ્વારા OHE સંપત્તિઓની વિશ્વસનીયતામાં સુધારો. જાહેરાત મૂલ્ય :- રૂ:- 13,35,90,855/-. અર્નેસ્ટ મની :- રૂ: 8,18,000/-. સબમિશન કરવાની તારીખ અને સમય :- 05-03-2025 એ 15:00 કલાક સુધી. ખુલવાની તારીખ અને સમય :- 05-03-2025 ના રોજ 15:30 વાગ્યે. વધુ વિગતો માટે કૃપા કરીને અમારી વેબસાઇટ www.ireps.gov.in ની મુલાકાત લો. મેન્યુઅલ ઓફર્સ ધ્યાનમાં લેવામાં આવશે નહીં.
1055
અમને લાઈક કરો: facebook.com/WesternRly

**પશ્ચિમ રેલવે – વડોદરા ડિવિઝન**

**પમ્પસના સમારકામ માટે વાર્ષિક સમારકામ કોન્ટ્રાક્ટ**

ટેન્ડર આમંત્રિત કરતી નોટીસ
EL/50/1/30(24-25) Dt.07/02/2025

ભારતના રાષ્ટ્રપતિ માટે અને વતી ડિવિઝનલ રેલવે મેનેજર (ઈલેક્ટ્રીકલ), પશ્ચિમ રેલવે, વડોદરા ડિવિઝન નીચે જણાવેલા કામ માટે અનુભવી અને વિશ્વસનીય કોન્ટ્રાક્ટરો તરફ થી ભારતીય રેલવેની વેબસાઈટ www.ireps.gov.in પર ઈ-ટેન્ડર આમંત્રિત કરે છે. **અનું.નં.1: ટેન્ડર નં.** BRC-EL-P-31-2394-24-25 **કામનું નામ:** વડોદરા ડિવિઝન :- ત્રણ વર્ષોના સમયગાળા માટે વિવિધ ક્ષમતાના સબમર્સીબલ અને સુએઝ પમ્પ્સ ના સમારકામ માટે વાર્ષિક સમારકામ કોન્ટ્રાક્ટ. **અંદાજીત પડતર (રૂા.):** ₹ 23,22,310.00, **ઈએમડી (રૂા.):** ₹ 46,500.00, **ટેન્ડર ફી (રૂા.):** શૂન્ય, **ઈ-ટેન્ડર બંધ કરવાની તારીખ:** તા.03/03/2025, **વેબસાઈટ વિગત:** www.ireps.gov.in **ઓફિસનું સરનામું:** સિની. ડિવિઝનલ ઈલેક્ટ્રિકલ એન્જીનીયર (પાવર) વડોદરા, પશ્ચિમ રેલવે, વડોદરા-390004.
BRC-296
અમને ફોલો કરો: twitter.com/WesternRly

**પશ્ચિમ રેલવે – વડોદરા ડિવિઝન**

**ટીઆરડી પરિસંપત્તિઓનું બદલીકરણ**

ભારતના રાષ્ટ્રપતિ માટે અને વતી ડિવિઝનલ રેલવે મેનેજર (ઈલેક્ટ્રિકલ Tr.D) પશ્ચિમ રેલવે, પ્રતાપનગર, વડોદરા-390 004 દ્વારા નીચે જણાવેલ કામ માટે ટેન્ડરો આમંત્રિત કરવામાં આવે છે. **અનું. નં.1: ટેન્ડર નં.** EL/TRD/Tender/24-25/17. **કામનું નામ:** ભરૂચ ખાતે ગુજરાત નર્મદા વેલી ફર્ટિલાઈઝર કંપની સાઈડીંગ (જીએનએફસી)માં ટીઆરડી પરિસંપત્તિઓનું બદલીકરણ. **કામની અંદાજીત પડતર (રૂા.માં):** ₹ 1,35,89,710.2/- **બિડ સિક્યુરીટી (રૂા.માં):** ₹ 2,18,000/- **ટેન્ડર દસ્તાવેજની પડતર અને પૂર્ણ કરવાનો સમયગાળો:** પૂર્ણ કરવાનો સમયગાળો 12 મહિના, **ટેન્ડરનું સમયપત્રક:** ટેન્ડર બંધ થવાની તારીખ: તા.07-03-2025 અને બંધ થવાનો સમય એજ તારીખે 15:00 કલાકે. **વેબ પેજ વિગતો અને નોટીસ સ્થળ જ્યાં સંપૂર્ણ વિગતો જોઈ શકાશે અને સ્પષ્ટીકરણ અને ઓફીસનું સરનામું: વેબસાઈટ:** @ www.ireps.gov.in ડિવિઝનલ રેલવે મેનેજર (ઈલેક્ટ્રિકલ Tr.D), પશ્ચિમ રેલવે, પ્રતાપનગર, વડોદરા-390 004.
BRC-297
અમને ફોલો કરો: twitter.com/WesternRly

**પશ્ચિમ રેલવે – વડોદરા ડિવિઝન**

**બગીચાનો વિકાસ અને ટો વૉલની જોગવાઈ**

ઈ-ટેન્ડર નોટીસ નં.
DRM-BRC 126 TO 127 OF 2024-25

ભારતના રાષ્ટ્રપતિ માટે અને વતી ડિવિઝનલ રેલવે મેનેજર (W A/C.) પશ્ચિમ રેલવે, પ્રતાપનગર, વડોદરા-390 004 દ્વારા નીચે જણાવેલ કામ માટે સીલબંધ ટેન્ડરો આમંત્રિત કરવામાં આવે છે. **અનું. નં.1: ટેન્ડર નં. DRM BRC 126 of 2024-25, કામનું નામ:** વડોદરા યાર્ડ :- ZETS ની સામેના વર્તમાનના બગીચા અને ઈલેક્ટ્રિક લોકો શેડ BRCY ખાતે હરીયાળા પેચ વિસ્તારમાં જનરલ બિલ્ડીંગના સાઈડ વિસ્તારનો વિકાસ કરવાનું કામ. **કામની અંદાજીત પડતર (₹ માં):** 9,78,525.68, **જમા કરાવવાની બીડ સિક્યુરીટી (₹ માં):** 19,600.00, **અનું. નં.2: ટેન્ડર નં. DRM BRC 127 of 2024-25, કામનું નામ:** CYI-PIO અપ લાઈન વચ્ચે ભારે પુર દરમિયાન ટ્રેકના રક્ષણ માટે ટૉ વોલ ની જોગવાઈ કરવાનું કામ. **કામની અંદાજીત પડતર (₹ માં):** 82,79,613.98, **જમા કરાવવાની બીડ સિક્યુરીટી (₹ માં):** 1,65,600.00, **બંને ટેન્ડરો માટે:- ટેન્ડર જમા કરાવવાની અને ટેન્ડર ખોલવાની તારીખ અને સમય:** ટેન્ડર તા.28-02-2025 ના 15:00 કલાક પહેલા જમા કરાવી શકાશે અને તે જ તારીખે 15:30 કલાકે ટેન્ડર ખોલાશે. **વેબસાઈટ વિગત અને નોટીસ માટે સ્થળ જ્યાંથી સંપૂર્ણ વિગતો જોઈ શકાશે અને ઓફિસનું સરનામું જ્યાંથી ટેન્ડર ફોર્મ ખરીદી શકાશે:** વેબસાઈટ @ www.ireps.gov.in ડિવિઝનલ રેલવે મેનેજર (W A/C), પશ્ચિમ રેલવે, પ્રતાપનગર, વડોદરા-4.
BRC-298
અમને લાઈક કરો: facebook.com/WesternRly

## પ્રાણીઓને વાહન નીચે કચડાતા બચાવવા પોલીસનું અભિયાન

ગાંધીનગર | વનરાજીથી ઘેરાયેલા ગાંધીનગરમાં વન્ય પ્રાણીઓની સંખ્યા પણ ઘણી વધારે છે. મુખ્ય માર્ગો પર આવા પ્રાણીઓ રસ્તા પર આવી જતા હોવાથી વાહનો નીચે કચડાઈ જવાના બનાવ બને છે. આ મામલે વાહનચાલકોને જાગૃત કરવા એનજીઓના સહયોગથી ટ્રાફિક પોલીસ દ્વારા ખાસ અભિયાન હાથ ધરવામાં આવ્યું છે. જે મુજબ શહેરના વિવિધ માર્ગો પર વાહનચાલકોની જાગૃતિ માટે બેનરો લગાવવામાં આવી રહ્યા છે. ગાંધીનગરની સ્થાપના સમયથી જ દરેક માર્ગોની બંને તરફ રીઝર્વ ફોરેસ્ટ એરીયા રાખવામાં આવ્યો છે.


# સિટી એક્સપ્રેસ

SUNDAY 09 FEBRUARY-2025

AHMEDABAD


## ચિલોડા પાસે યુવાનની રિક્ષા સાથે કાર અથડાવી હુમલો

ગાંધીનગર | ગાંધીનગરના ચિલોડા પાસે મહુન્દ્રા ગામના યુવાનની રીક્ષા સાથે કાર ટકરાવીને ગામના યુવાન દ્વારા ધોકાથી હૂમલો કરી રિક્ષાની તોડફોડ કરવા મામલે ચિલોડા પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાઈ છે.પોલીસમાંથી પ્રાપ્ત માહિતી અનુસાર મહુન્દ્રા ગામના રાવળવાસમાં રહેતા રામસિંહભાઈ રાજુભાઈ રાવળ પોતાની રિક્ષા લઈને ચિલોડા જવા માટે નીકળ્યો હતો. તે દરમિયાન કેદાર હોટલ પાસે એક કાર દ્વારા પાછળથી રિક્ષાને ટક્કર મારવામાં આવી હતી. આ કારમાં તેમના જ ગામનો ચિરાગ ઠાકોર હતો. જેની સાથે અગાઉ કાકાના દીકરાના લગ્નના વરઘોડા દરમિયાન માથાકૂટ થઈ હતી.




# અમેરિકાથી ગુજરાતીઓને ડિપોર્ટ કરાયા બાદ એજન્સીઓ તપાસનો ધમધમાટ શરુ, 15 એજન્ટો અંગે મહત્ત્વના પુરાવા મળ્યા

(એજન્સી) અમદાવાદ તા.08

એજન્ટોના નેટવર્કને ભેદવા માટે તપાસ એજન્સીઓ તપાસનો ધમધમાટ શરુ કર્યો છે. કબુતરબાજીના સમગ્ર કૌભાંડમાં સંકળાયેલા 15થી વધુ એજન્ટોના નેટવર્ક અંગે તપાસ શરૂ કરી છે.અમેરિકામાં ગેરકાયદે ગયેલા 33 ગુજરાતીઓની વતન વાપસી બાદ હવે એજન્ટોના નેટવર્કને ભેદવા માટે તપાસ એજન્સીઓ તપાસનો ધમધમાટ શરુ કર્યો છે. કબુતરબાજીના સમગ્ર કૌભાંડમાં સંકળાયેલા 15થી વધુ એજન્ટોના નેટવર્ક અંગે તપાસ શરૂ કરી છે. USથી પરત ફરેલા ગુજરાતીઓની પ્રાથમિક પુછપરછમાં તપાસ એજન્સીને મહેસાણા, અમદાવાદ અને ગાંધીનગર, વડોદરા, મુંબઈ, દિલ્હીના 15થી વધુ એજન્ટોના નવા નેટવર્ક અને અમેરિકા સુધી ઘુસાડવાના અલગ રુટની માહીતી મળી છે. આ એજન્ટોના દિલ્હી મુંબઈ થઈને મેકિસકો, કેનેડા સુધી કામ કરતી ગેંગ સુધી સંપર્ક ખુલી રહ્યાં છે. કેન્દ્ર સરકારના વિદેશ મંત્રાલયના આદેશ બાદ હવે પોલીસે અમૃતસર અને વિવિધ સેન્ટ્રલ એજન્સીઓ સાથે સંકલન કરીને ગુપ્તરાહે તપાસ શરુ કરી છે. ગુજરાતમાંથી ગેરકાયદે અમેરિકા ગયેલા 33 ગુજરાતીઓના નિવેદનો નોંધીને તપાસ શરૂ કરી હતી. અત્યાર સુધીની પુછપરછમાં એજન્ટો અને ખુદ તેમના કેટલાંક સગાસંબંધીઓ દ્વારા 40થી 60 લાખ અને કેટલાક પાસેથી એક કરોડ રૂપિયા પ્રતિ વ્યક્તિ લઈને અમેરિકા મોકલાયા હતા. તપાસ એજન્સીની પુછપરછના પગલે મોટાભાગના એજન્ટો ભૂગર્ભમાં ઉતરી જઈને તેમના મોબાઈલ ફોન બંધ કરી દીધા છે. તપાસ એજન્સીની પુછપરછમાં ગુજરાત, મુંબઈ અને દિલ્હીના એજન્ટો સંકળાયેલા હતા. જેઓ 20થી 30 ટકાનું કમિશન લઈને અમેરિકાની ચેનલ પાર કરાવતા એજન્ટોને સોંપતા હતા.

## દિલ્હીમાં AAPની હાર પર ઈસુદાન ગઢવીનો ભાજપને ટોણો, કહ્યું- 'ગુજરાતની જેમ તમારા મિત્રો માટે વીજળી મોંઘી ના કરી દેતા'



(એજન્સી) ગાંધીનગર તા.08

દિલ્હી વિધાનસભાની ચૂંટણીના મોટાભાગના પરિણામો આવી ગયા છે, જેમાં 27 વર્ષ બાદ દેશની રાજધાનીમાં ભાજપની સરકાર બનવા જઈ રહી હોવાનું સ્પષ્ટ થઈ ચૂકી છે. અત્યાર સુધીમાં ભાજપ 44 બેઠક જીતી ચૂક્યું છે, જ્યારે 4 બેઠક પર પાર્ટીના ઉમેદવાર આગળ છે. જ્યારે આ વખતે આમ આદમી પાર્ટીની ભૂંડી હાર થઈ ગઈ હોય તેમ કેજરીવાલ, મનિષ સિસોદિયા, સોમનાથ ભારતી, સત્યેન્દ્ર જૈન અને રાખી બિડલાન જેવા દિગ્ગજ પાર્ટી નેતાઓને હારનો સ્વાદ ચાખવો પડ્યો છે. આ વખતે દિલ્હીમાં આમ આદમી પાર્ટી માત્ર 21 બેઠકો જ જીતી શકી છે.

# વડનગરની મુલાકાત લેતા મુખ્ય સચિવ પંકજ જોષી



ગાંધીનગર સંવાદદાતા | વિજયવીર યાદવ

આજરોજ મહેસાણા જિલ્લાના વડનગરની મુખ્ય સચિવશ્રી પંકજ જોષીએ મુલાકાત લીધી હતી. મુખ્ય સચિવશ્રીએ વડનગર ખાતે આવેલ હાટકેશ્વર મંદિરે હાટકેશ્વર દાદાના દર્શન કરી પૂજા અર્ચના કરી હતી. ત્યારબાદ મુખ્ય સચિવશ્રીએ વડનગરમાં નિર્માણ પામેલ 'આર્કિયોલોજીકલ એક્સપિરિયન્સલ મ્યુઝિયમ'ની મુલાકાત લીધી હતી. આ મ્યુઝિયમ વડનગરની 2500 વર્ષથી વધુ જૂની સમૃદ્ધ સંસ્કૃતિ અને ઈતિહાસને પ્રદર્શિત કરે છે. અહીં ખોદકામ દરમિયાન મળેલા હજારો વર્ષ જૂના અવશેષો, કલાકૃતિઓ અને સાધનોને અત્યાધુનિક ટેક્નોલોજીની મદદથી પ્રદર્શિત કરવામાં આવ્યા છે. મ્યુઝિયમમાં ઓડિયો-વિઝ્યુઅલ પ્રદર્શનો અને વર્ચ્યુઅલ રિયાલિટી જેવી અદ્યતન તકનીકોનો ઉપયોગ કરવામાં આવ્યો છે. આ ઉપરાંત આ મ્યુઝિયમમાં વિવિધ સમયગાળાની કલાઓ, શિલ્પો અને ભાષાને પ્રદર્શિત કરતી 9 થીમેટિક ગેલેરીઓ પણ બનાવવામાં આવી છે. જેની આજે મુખ્ય સચિવશ્રીએ મુલાકાત લીધી હતી. આ તકે પુરાતત્વ સંગ્રહાલયના નિયામકશ્રી પંકજ શર્માએ મ્યુઝિયમની વિશેષતાઓ અને તેમાં પ્રદર્શિત કરવામાં આવેલ વિવિધ કલાકૃતિઓ વિશે મુખ્ય સચિવશ્રીને વિસ્તૃત જાણકારી આપી હતી.

# આઉટસોર્સિંગ દ્વારા શ્રમયોગીઓ પુરા પાડતી 300 એજન્સીના પ્રતિનિધિઓની ઉપસ્થિતિમાં ગાંધીનગર ખાતે વર્કશોપ યોજાયો



ગાંધીનગર સંવાદદાતા | વિજયવીર યાદવ

ડૉ..બાબાસાહેબ આંબેડકર ભવન, ગાંધીનગર ખાતે રાજ્ય સરકારના શ્રમ નિયામક શ્રી કે.ડી.લાખાણીના અધ્યક્ષ સ્થાને એક વર્કશોપનું આયોજન કરવામાં આવ્યું હતું. આ વર્કશોપમાં સમગ્ર રાજયની આઉટસોર્સિંગ એજન્સીઓના પ્રતિનિધિશ્રીઓને શ્રમ કાયદાઓનું વિસ્તૃત અને સચોટ માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. રાજ્યભરની લગભગ 300 જેટલી એજન્સીઓની હાજરીમાં આયોજિત આ વોર્કશોપમાં શ્રમયોગીઓના હિતોના રક્ષણ અર્થે વિવિધ શ્રમકાયદાઓ જેવા કે લઘુત્તમ વેતન અધિનિયમ-૧૯૪૮, કોન્ટ્રાક્ટ મજૂર અધિનિયમ-૧૯૭૦, સમાન વેતન અધિનિયમ-૧૯૭૬, બોનસ ચૂકવણી અધિનિયમ-૧૯૬૫ તથા ગ્રેજ્યુઈટી ચૂકવણી અધિનિયમ-૧૯૭૨ અંગેની સમજૂતી આપવામાં આવી હતી. હાલના સમયમાં સરકારી કચેરીઓમાં GeM પોર્ટલ મારફત વિવિધ ટેન્ડર પ્રક્રિયાઓ કરવામાં આવે છે, જે બાબતે જાણકારી તથા સેવા આપતી એજન્સીઓની જવાબદારીઓ વિશે માહિતી આપવામાં આવી હતી. આ પ્રસંગે શ્રમ નિયામક શ્રી કે.ડી.લાખાણીએ વર્કશોપમાં હાજર એજન્સીઓના હોદ્દેદારોને સંબોધિત કરી માર્ગદર્શન પૂરું પાડ્યુ હતું. તેમણે એજન્સીઓને શ્રમ કાયદાઓ વિષયક મૂંઝવણો તથા વિવિધ પ્રશ્નોની વિગતવાર ચર્ચા કરી તેનું સમાધાન સૂચવ્યું હતું. વધુમાં શ્રમ નિયામકશ્રીએ કાયદા તેમજ સરકારશ્રીની આ અંગેની સૂચનાઓના અર્થઘટનના લીધે શ્રમયોગીઓને કોઈપણ પ્રકારનો અન્યાય ન થાય તેમજ તેમને મળવાપાત્ર લાભો સમયસર મળી રહે અને કોઈપણ પ્રકારની ફરિયાદોને અવકાશ ન રહે તે માટે તમામ સંબંધિતોએ કાળજી લેવા સૂચના આપી હતી. આ પ્રસંગે અધિક શ્રમ આયુક્ત ડો.વાય. એમ.શેખ, વિભાગીય નાયબ શ્રમ આયુક્તશ્રીઓ, મદદનીશ શ્રમ આયુક્તશ્રીઓ, અધિકારીશ્રીઓ, કર્મચારીશ્રીઓ તથા આઉટસોર્સિંગ એજન્સીઓના પ્રતિનિધિશ્રીઓ ઉપસ્થિત રહ્યા હતા.



## ચાંદખેડામાં થાર ચાલક રિક્ષા ચાલકને ટક્કર મારી ફરાર

અમદાવાદ | અમદાવાદ શહેરમાં વધુ એક હિટ એન્ડ રનનો બનાવ બન્યો છે. ચાંદખેડા વિસ્તારમાં પેસેન્જરને લઈને જઈ રહેલી રિક્ષાને પૂરપાટ ઝડપે આવી રહેલા કાર ચાલકે ટક્કર મારી હતી, જેના કારણે રિક્ષા ચાલક અને પેસેન્જર એમ કુલ 5 લોકો ઈજાગ્રસ્ત થયા છે. રિક્ષા ચાલકને વધુ ઈજા પહોંચતા સારવાર માટે સિવિલ હોસ્પિટલ ખસેડવામાં આવ્યા છે. થાર ચાલક અકસ્માત બાદ ગાડી લઈને નાસી ગયો હતો. એલ ડિવિઝન ટ્રાફિક પોલીસે આ અંગે તપાસ શરૂ કરી છે. ચાંદખેડા વિસ્તારમાં આવેલી મણીપ્રભુ સ્કૂલ પાસે આજે સવારના સમયે પેસેન્જર ભરીને જઈ રહેલી રીક્ષાને એક અજાણ્યા થાર ચાલકે ટક્કર મારી હતી. ડ્રાઈવર અને પેસેન્જર સહિત કુલ પાંચ લોકોને ઈજા પહોંચી છે. અકસ્માતનો બનાવ બનતા જ કારચાલક ત્યાંથી નાસી ગયો હતો. આ બનાવની જાણ થતાં ટ્રાફિક પોલીસ અને એમ્બ્યુલન્સ સ્થળ પર પહોંચ્યા હતા. અકસ્માતની ઘટનામાં રીક્ષા ચાલકને માથામાં ગંભીર ઈજા થઈ હોવાથી સારવાર માટે અસારવા સિવિલ હોસ્પિટલ ખસેડવામાં આવ્યા છે.

# 'દિલ્હીવાળાએ દિલ જીતી લીધું' હર્ષ સંઘવીનું ચૂંટણીના વલણો પર નિવેદન

(એજન્સી) અમદાવાદ તા.08



ગુજરાતના ગૃહમંત્રી હર્ષ સંઘવીએ દિલ્હી ચૂંટણીને લઈને મોટું નિવેદન આપ્યું. ગૃહ મંત્રી આજે સુરતમાં મિલેટ્સ મહોત્સવ-પ્રાકૃતિક ફાર્મર માર્કેટ-૨૦૨૫'માં હાજરી આપી. આજે વનિતા વિશ્રામ ખાતે બે દિવસીય મિલેટ્સ મહોત્સવ ખૂલ્લો મુક્યો. મિલેટ્સ મહોત્સવમાં દિલ્હી ચૂંટણીને લઈને રાજ્ય ગૃહમંત્રીએ નિવેદન આપતા જણાવ્યું કે 'દિલ્હીવાળાએ દિલ જીતી લીધું'. દિલ્હીવાળા હવે લાંબા વર્ષો બાદ નવી સરકાર બનાવશે. રાજ્ય ગૃહમંત્રીએ આજે દિલ્હી ચૂંટણીમાં ભાજપ જીતની નજીક પંહોચતા આપની ઝાટકણી કાઢતાં દિલ્હીવાસીઓના નિર્ણયની ભરપૂર પ્રશંસા કરી. હર્ષ સંઘવીએ કહ્યું કે દિલ્હીવાળાએ આજે દેશનું દિલ જીત્યું છે. દિલ્હીના લોકોને આજે આઝાદી મળી છે. ભારતની સેના પર આરોપ અને પ્રશ્ન કરનારાઓને કારમી હારનો સામનો કરવો પડ્યો છે. દિલ્હીવાળાને હવે ડબલ એન્જીન સરકાર મળતાં અનેક ક્ષેત્રોમાં વિકાસકાર્યોને વેગ મળશે. નોંધનીય છે કે આજે સવારથી દિલ્હી ચૂંટણીના વલણ આવવાની શરૂઆત થઈ ગઈ છે. અત્યાર સુધીના વલણોમાં ભાજપ આગળ દેખાય છે અને આપ પાર્ટી પાછળ ચાલી રહી છે. જ્યારે કોંગ્રેસ ખાતુ ખોલવામાં નિષ્ફળ રહી. સુરત ખાતે મહાનગરપાલિકા અને ખેતીવાડી વિભાગ દ્વારા 8 અને 9 ફેબ્રુઆરી દરમ્યાન મિલેટ્સ મહોત્સવનું આયોજન હાથ ધરાયું છે. મિલેટસ મહોત્સવમાં રાજ્યના ગૃહમંત્રી હર્ષ સંઘવીએ હાજરી આપી જ્યારે મુખ્યમંત્રી વર્ચ્યુઅલ રીતે જોડાયા. પ્રાકૃતિક ખેતી કરતાં ખેડૂતોને પ્રોત્સાહન મળે તે હેતુ મિલેટસ (જાડા ધાન્ય) ઉત્પાદનોની ખરીદી માટે વનિતા વિશ્રામ ખાતે મિલેટસ મહોત્સવનું આયોજન કરવામાં આવ્યું છે. આજના સમયમાં ગંભીર બીમારી વધવા પાછળ આહારમાં બદલાવ છે. આથી રાજ્ય સરકાર દ્વારા પ્રાકૃતિક ખેતીથી પકવેલા અનાજનો લોકો વધુ ઉપયોગ કરે માટે જાગૃતિ લાવવા મિલેટ્સ મહોત્સવ હેઠળ નવતર પ્રયાસ હાથ ધરાયો.

## ધંધો કરવો હોય તો પાંચ લાખ આપ, કુખ્યાત વિશાલ છોડીમેલે ધમકી આપી ખંડણી માગી

અમદાવાદ | ચાંદલોડિયા વિસ્તારમાં રહેતા કિરીટકુમાર ઠક્કર ચાણક્યપુરીમાં દવાની દુકાન ધરાવે છે. ગત 5 ફેબ્રુઆરીએ તેમની દુકાને વિશાલ ઉર્ફે છોડીમેલ દેસાઈ તેના સાગરિત સાથે આવ્યો હતો. વિશાલ ઉર્ફે છોડીમેલે ધંધો કરવો હોય તો પાંચ લાખ ખંડણી આપવી પડશે તેમ કહીને ધમકી આપવા લાગ્યો હતો. બાદમાં પાંચ લાખ નહિ આપે તો દવા સહિતનો માલ ભરીને જતો રહીશ તેમ કહેતા વેપારીની પત્ની વચ્ચે પડી હતી. કિરીટકુમારની પત્નીએ પૈસા આપવાની મનાઈ કરતા આરોપી વિશાલ ઉર્ફે છોડીમેલે પુત્રને મારી નાખવાની ધમકી આપીને ગાળાગાળી કરી હતી.

## સાળંગપુર હનુમાનજીમાં ભવ્ય આયોજન: શ્રી કષ્ટભંજનદેવને ગુલાબ-સેવંતીનો દિવ્ય શણગાર

સાળંગપુરધામ સ્થિત પ્રસિદ્ધ શ્રી કષ્ટભંજનદેવ હનુમાનજી મંદિરમાં ગત તા.7 ફેબ્રુઆરી, 2025ના રોજ વિશેષ રાજોપચાર પૂજનનું આયોજન કરવામાં આવ્યું. સવારે 5:45 કલાકે પૂજારી સ્વામી દ્વારા શણગાર આરતી કરવામાં આવી, જેમાં દાદાને ગુલાબ અને સેવંતીના મિશ્રિત ફૂલોનો દિવ્ય શણગાર કરવામાં આવ્યો. સાંજે 4:00 કલાકે વિશેષ રાજોપચાર પૂજન યોજાયું, જેમાં દાદાને ફળ, પુષ્પ અને ડ્રાયફ્રુટ્સ ધરાવવામાં આવ્યા અને પુષ્પવર્ષા કરવામાં આવી. સંધ્યા આરતી સાંજે 6:15 કલાકે કોઠારી વિવેકસાગરદાસજી સ્વામી દ્વારા સંપન્ન કરવામાં આવી હતી.




## કેનેડાની વર્ક પરમિટના નામે બે સાથે રૂ.50 લાખની ઠગાઈ

અમદાવાદ | શહેરમાં બે મિત્રોને કેનેડા જવું હોવાથી ગોતામાં આવેલી બ્લૂસ્કાય વિઝા એન્ડ ઈમિગ્રેશનના સંચાલક પાસે ગયા હતા. સંચાલકે જલ્દી કામ કરી આપવાનું કહીને બન્ને પાસેથી રૂ.50 લાખ મેળવી લીધા હતા. જે બાદ વિઝા ન કરાવી આપી ઓફિસ બંધ કરીને ફરાર થઈ ગયા હતા. જેથી આ મામલે બન્ને મિત્રોએ સોલા પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી હતી. રાંચરડાના મનોજ પટેલ અને તેમના મિત્ર ક્ષિતિજ પ્રજાપતિને દોઢેક વર્ષ પહેલા વર્ક પરમિટ વિઝા પર કેનેડા જવું હતું. તેમના ભાણેજે પણ બ્લૂસ્કાય વિઝા એન્ડ ઈમિગ્રેશનના સંચાલક રાહુલ શાહ પાસે વિઝાનું કામ કરાવ્યું હોવાથી બંને રાહુલ શાહની ઓફિસે ગયા હતા. રાહુલ શાહે એક વ્યક્તિ દીઠ વિઝા પ્રોસેસનો 25 લાખ ખર્ચ કહીને ડોક્યુમેન્ટ મેળવ્યા હતા. બાદમાં પ્રોસેસ ચાલુ કરી દીધી હોવાનું કહીને કેનેડાનો એપ્લિકેશન લેટર બતાવીને વધુ નાણાં મેળવી લીધા હતા. આરોપી રાહુલ શાહે પીપીઆર રિકવેસ્ટ આવી હોવાથી પેમેન્ટ ક્લિયર કરી દેવાનું કહીને વધુ નાણાં પડાવી લીધા પણ વિઝા નહીં આપી ઠગાઈ કરી હતી.

## વેલ્ડિંગ કામગીરી સમયે ધાબા પર આગ લાગી; ફાયરની 14 ગાડીએ બે કલાકની જહેમત બાદ કાબૂ મેળવ્યો

# સાબરમતી બુલેટ ટ્રેનનું નિર્માણાધીન સ્ટેશન ભડભડ સળગી ઊઠ્યું

**અમદાવાદના સાબરમતી બુલેટ ટ્રેન સ્ટેશનની કન્સ્ટ્રક્શન સાઈટ પર આજે વહેલી સવારે આગ લાગવાની ઘટના બની હતી. કન્સ્ટ્રક્શન સાઈટ પર ભીષણ આગ લાગતાં મજૂરોમાં દોડધામ મચી ગઈ હતી. આ ઘટનાની જાણ થતાં ફાયરબ્રિગેડની 14 જેટલી ગાડી તાત્કાલિક ઘટનાસ્થળે રવાના કરવામાં આવી હતી. બે કલાકની જહેમત બાદ આગ કાબૂમાં લેવામાં આવી છે. ફાયરબ્રિગેડને સ્થાનિક મજૂરોના જણાવ્યા મુજબ, વેલ્ડિંગનું કામ ચાલી રહ્યું હતું એ દરમિયાન લાકડામાં આગ લાગી હતી. એ બાદ પવન ફૂંકાવાને કારણે આગ વધુ ફેલાઈ ગઈ હતી. બુલેટ ટ્રેન સ્ટેશનની કન્સ્ટ્રક્શન સાઈટ પર આગ લાગતાં પ્રોજેક્ટના અધિકારીઓ પણ ઘટનાસ્થળે પહોંચ્યા હતા.**




## ફાયર વિભાગે સક્રિયપણે આગને કાબૂમાં લીધી

બુલેટ ટ્રેન પ્રોજેક્ટના અધિકારીના જણાવ્યા મુજબ, સાબરમતી બુલેટ ટ્રેન સ્ટેશનની કન્સ્ટ્રક્શન સાઈટના એક ભાગની છત પર આજે સવારે લગભગ 6.30 વાગ્યે આગ લાગવાની ઘટના સામે આવી છે. કોઈ જાનહાનિ કે ઈજાના સમાચાર નથી. આગ લાગવાનું કારણ હજુ સુધી જાણી શકાયું નથી, પરંતુ પ્રાથમિક દૃષ્ટિએ એવું લાગે છે કે કામચલાઉ શટરિંગનાં કામને કારણે વેલ્ડિંગમાંથી નીકળેલા તણખાને કારણે આગ લાગી હશે. ફાયર વિભાગે સક્રિયપણે આગને કાબૂમાં લીધી છે અને પરિસ્થિતિ હવે કાબૂમાં છે. NHSRCLના અધિકારીઓ સ્થળ પર હાજર છે અને પરિસ્થિતિ પર નજર રાખી રહ્યા છે.

## પાણીનો મારો ચલાવી બે કલાકમાં આગને કાબૂમાં લીધી

ખુલ્લો ભાગ અને લાકડું હોવાને કારણે આગ ઝડપથી ફેલાઈ ગઈ હતી. ફાયરબ્રિગેડના જવાનો દ્વારા પાણીનો મારો ચલાવી બે કલાકમાં આગને કાબૂમાં લેવાઈ હતી. આ ઘટનામાં કોઈપણ પ્રકારની જાનહાનિ થઈ નથી. આગ સંપૂર્ણપણે કાબૂમાં આવી ગઈ છે. સાવચેતીના ભાગરૂપે હાલ બે ગાડી ઘટનાસ્થળે રાખવામાં આવી છે. બુલેટ ટ્રેન પ્રોજેક્ટના અધિકારીઓ પણ ઘટનાસ્થળે પહોંચી ગયા છે.





## વેલ્ડિંગના તણખા ઊડતાં આગ ભભૂકી ઊઠી હતી

અમદાવાદ ફાયરબ્રિગેડના ડિવિઝનલ ફાયર ઓફિસર ઈનાયત શેખે જણાવ્યું હતું કે સાબરમતી બુલેટ ટ્રેન પ્રોજેક્ટની કન્સ્ટ્રક્શન સાઈટ પર વહેલી સવારે 6:30 વાગ્યાની આસપાસ આગ લાગી હોવાનો મેસેજ મળ્યો હતો. એના પગલે સૌપ્રથમ સાબરમતી અને ચાંદખેડા ફાયર સ્ટેશનની ગાડીઓ ઘટનાસ્થળે પહોંચી હતી. ત્યાર બાદ શાહપુર, નવરંગપુરા, મણિનગર, જમાલપુર સહિતની ગાડીઓ મળી કુલ 14 ફાયરબ્રિગેડની ગાડીઓ અને અધિકારીઓ ઘટનાસ્થળે પહોંચ્યા હતા. કન્સ્ટ્રક્શન સાઈટ પર ધાબાનું સેન્ટિંગ ભરાવવાનું કામ ચાલતું હતું. લાકડાની સીટ ટેકા રૂપે મૂકીને બાંધકામ ચાલી રહ્યું હતું, એ દરમિયાનમાં વેલ્ડિંગના તણખા ઊડતાં આગ લાગી હતી.